ૐ હ્રીં શ્રીં ધરણેન્દ્ર-પદ્માવતી પૂજિતાય
શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

739
૨૫૪૫૮


વર્ષ : ૨૦

અંક : ૩

મે : ૧૯૬૨

વૈશાખ
૨૦૧૯

વી. સંવત
૨૪૮૯




કોલ્હાપુર જૈન ગુર્જરી મંદિર.

માનદ સંપાદક : કીરચંદ જે. શેઠ

# કલ્યાણ

5541

## વિષયાનુક્રમ


| લેખ : | લેખક : | ક્રમ |
|---|---|---|
| ઉઘડતે પાને : | સં. | ૧૭૩ |
| મહાસાગરના મોતી : | પૂ. આ. શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મ. | ૧૭૪ |
| યાતનાનું મૂળ : | વૈદ્ય શ્રી મો. સુ. ધામી | ૧૭૫ |
| બાલ જગત : | શ્રી નવિન | ૧૭૭ |
| જૈન ભૂગોળ : | શ્રી રમણલાલ બબાભાઈ શાહ | ૧૮૧ |
| યકૃત અને પીત્તની ઉપયોગિતા : | વૈદ્ય શ્રી કાંતિલાલ દેવચંદ | ૧૮૪ |
| કલ્યાણકની ઉજવણી ત્યારે જ સાર્થક બને ! : | કુ. શ્રી છાયાબેન કેશવલાલ શાહ | ૧૮૮ |
| આધ્યાત્મિક ઉત્થાન : | શ્રી અવિનાશી | ૧૮૯ |
| ઓમ્ અને અર્હં વિષે વિચારણા : | વૈદ્ય શ્રી માહેશ્વર નંદલાલ | ૧૯૩ |
| રામાયણની રત્નપ્રભા : | શ્રી પ્રિયદર્શન | ૧૯૭ |
| મંત્ર પ્રભાવ : | શ્રી મો. સુ. ધામી | ૨૦૧ |
| મૈત્રી ભાવના : | શ્રી વસંતલાલ ઇશ્વરલાલ | ૨૦૫ |
| વિશ્વ ઉદ્ધારક ભ. શ્રી મહાવીરદેવ : | પૂ. પં. શ્રી કીર્તિવિજયજી મ. | ૨૦૭ |
| વહેતાં ઝરણાં : | શ્રી રાજેશ | ૨૧૦ |
| જીવોને બચાવો ! : | ડૉ. શ્રી યોગી | ૨૧૨ |
| લાલબત્તી : | શ્રી અનંતકીર્તિ | ૨૧૩ |
| દક્ષિણ સાગરની સફર : | શ્રી પન્નાલાલ. જ. મશાલીયા | ૨૧૫ |
| સમાચાર સાર : | સંકલિત | ૨૨૧ |
| પ્રશ્નોત્તર કર્ણિકા : | શ્રી ધર્મરુચિ | ૨૩૫ |
| નવો મળેલો સહકાર : | | ૨૩૭ |
| છીપનાં મોતી : | શ્રી સુંદરલાલ કાપડીયા | ૨૪૧ |
| વિજ્ઞાનનાં વહેતાં વહેણો : | શ્રી સુમંગલ | ૨૪૩ |


## પૂર્વ આફ્રિકાના માનદ પ્રચારક

પૂર્વ આફ્રિકા ખાતે નાયરોબીમાં નિવાસ કરતા ધર્માનુરાગી **શ્રી દેવશીભાઈ જીવરાજ** જેઓ ઘણા વર્ષોથી 'કલ્યાણ' પ્રત્યે પૂર્ણ આત્મીયભાવ રાખવાપૂર્વક 'કલ્યાણ'ના પ્રચારમાં ખૂબ પરિશ્રમ લઈ રહ્યા છે. ભારતથી દૂરના પ્રદેશમાં રહેવા છતાં 'કલ્યાણ'ની શરૂઆતથી અત્યાર સુધી તેના પ્રત્યે પૂર્ણ લાગણી રાખીને નિઃસ્વાર્થભાવે કેવલ સાહિત્ય પ્રચારના જ એક ઉદ્દેશથી તેઓ ધગશપૂર્વક 'કલ્યાણ'ના વિકાસમાં સક્રિયપણે રસ લઇ રહ્યા છે. તેઓ સાહિત્યના પ્રેમી તથા વિદ્યા વ્યાસંગી ધર્મપ્રેમી સજ્જન છે. પૂર્વ આફ્રિકાના પ્રદેશમાં 'કલ્યાણ'ને અંગેનો તેમની સાથે સંપર્ક સાધવા સહુ 'કલ્યાણ' પ્રેમીઓને નમ્ર વિનંતિ છે. ધર્મપ્રેમી દેવશીભાઈ શરીરના આરોગ્યપૂર્વક દીર્ઘ આયુષ્યને પામી સાહિત્યનો પ્રચાર કરવાની ધગશથી આ રીતે ઉત્તરોત્તર પોતાની સેવાની સુવાસને વધુ ને વધુ વિસ્તારતા રહો ! એ શાસનદેવ પાસે આપણી પ્રાર્થના છે.

## —: નૂતન કથા ગીતો :—

ભેટ પુસ્તક સભ્યોને લગભગ રવાના થઈ ગયા છે અને થાય છે. બાકી રહેલા સભ્યોએ માનદ પ્રચારકો પાસેથી તા. ૩૧-૫-૬૩ સુધીમાં લઈ જવા વિનંતિ. ચાલુ ગ્રાહકો જેમણે રૂા. પા લવાજમ ભરેલા છે તેમને ભેટ પુસ્તક મળી શકતું નથી. માત્ર સભ્યો પુરતી જ ભેટ પુસ્તક યોજના છે, તો જલ્દી ઓછામાં ઓછા બે વર્ષના રૂા. ૧૧) ભરી 'કલ્યાણ'ના સભ્ય તરીકે આપનું નામ નોંધાવી દેવા વિનંતિ છે, જેથી જ્યારે જ્યારે ભેટ પુસ્તક બહાર પડવાનું હોય ત્યારે તે લાભ આપને મલી શકે.

# ઉઘડતે પાને

### ૐ હ્રીં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

વિશ્વની ચોમેર આજે વધતે ઓછે અંશે કામ, ક્રોધ, મદ તથા મત્સરની વિનાશક તથા અનિષ્ઠ આંધી ફરી વળી છે. પુણ્યાઇ દિન-પ્રતિદિન ઘટતી જાય છે. શ્વાસ લેવા જેટલો સમય પણ શાંતિમાં જતો નથી. સમતા કે સમાધિભાવ જીવનમાં જણાતો નથી. છતાં આજે ભલ-ભલા ડાહ્યા ગણાતા માનવો કેવલ સુખાભાસ જેવા ગણાતાં સુખો જે કાલ્પનિક તથા ઝાંઝવાનાં નીર જેવાં છે, તે સાંસારિક સુખોની પાછળ પાગલ બની દિન-રાત તેની પાછળ મથ્યા રહે છે.

જ્ઞાનીઓ ફરમાવે છે કે, તૃષ્ણા જેવું એકેય દુઃખ નથી, ને સંતોષ જેવું એકેય સુખ નથી, છતાં મતિમૂઢ માનવો મોહઘેલા બનીને અસંતોષના ધીક્તા દાવાગ્નિમાં બળતા-ઝળતાં કેવલ લોભના પાશમાં પડ્યા તૃષ્ણાના તોફાનમાં રાચી રહ્યા છે.

વર્તમાન સંસારનું આ છે આજનું સાચું પરિસ્થિતિ દર્શન. આમાં ભલ-ભલા મોટા માંધાતાથી માંડી ન્હામાં ન્હાના ભીખારી સુધી કોઇ બકાત નથી. માટે જ આજે સુખની પાછળ આંટા મારવા છતાં ચોમેર દુઃખ, દુઃખ ને દુઃખનાં જ દર્શન થઈ રહ્યા છે. પ્રારંભમાં આશાનું દુઃખ, બાદ નિરાશાનું દુઃખ; એ રીતે દુઃખની પરંપરા વધતી જ રહી છે.

'કલ્યાણ'નું વાંચન આની સામે સંસ્કાર, સંસ્કૃતિ તથા સાત્વિક્તાની હવા જાગતી કરે છે. વાતાવરણમાં શ્રદ્ધા, સંયમ તથા સમભાવને પેદા કરે છે, આવા શિષ્ટ મનનીય તથા જીવનોપયોગી સાહિત્યના-રસથાળને સંસાર સમસ્તના શ્રેય કાજે ધરતા 'કલ્યાણ'નો પ્રચાર કેમ વધુ ને વધુ થાય તે માટેની અમારી લાગણીને જાણી-સમજી સર્વ કોઇ 'કલ્યાણ' કામી શુભેચ્છકો અમને દરેક રીતે સહાયક બનો! 'કલ્યાણ' પ્રત્યે લાગણી પૂર્વક લેખો મોકલાવનાર સર્વ શુભેચ્છક લેખકોને વિનંતિ છે કે, 'કલ્યાણ'ના ચાલુ વિભાગોમાં જ લગભગ 'કલ્યાણ'ના ૧૦ ફર્માઓ થઇ જાય છે, છતાં દરેક લેખકોની કૃતિને સ્થાન મળે તે માટે અમે દરેક રીતે શક્ય કરવા સજાગ છીએ.

થોડાક સમયમાં 'કલ્યાણ' દર મહીને ૧૨ ફર્મા ૯૬ થી ૧૦૦ પેજ પ્રગટ કરી શકે તેવી યોજના ઘડવા અમે વિચારીએ છીએ! શાસનદેવ! અમને સહાય કરો! એ અભ્યર્થના.

---

માનદ સંપાદક : કીરચંદ જે. શેઠ : માનદ સહ સંપાદક : નવીનચંદ્ર ર. શાહ

# મહાસાગરનાં મોતી

**પૂ. પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મ.**

સંગ્રા૦ અધ્યાપક : **રમણિકલાલ મણિલાલ સંઘવી–રાજકોટ.**

રાજકોટ ખાતેના ચાતુર્માસ દરમ્યાન પૂ. પાદશ્રીએ આપેલ જાહેર વ્યાખ્યાનોમાંથી ઉદ્ધૃત કરેલ સદ્વિચાર મૌક્તિકો અહિં રજૂ થાય છે.

**સાચું** સમજાય તે આજથી કરવા માંડવું જોઇએ અને ખોટું સમજાય તે આજથી છોડવા માંડવું જોઇએ....

**સાચું** સમજાયા પછી જો માણસ ન કરી શકે તેની હૈયાવરાળ તેના શબ્દોમાં દેખાયા કરે છે....

પાપીની નીંદા એ પાપ છે અને પાપની નીંદા એ ધર્મ છે....

**આ** સંસારમાં ખરાબ કામ ન કરે તે સારો....

**સં**સારમાં કોઇ એવી જગ્યા નથી કે જ્યાં પાપ ન કરવું પડે....

**મ**નુષ્યભવને પામી ખરાબ કરવું પડે તે અનંતકાળ બગાડવા જેવું છે....

**માનવ** જન્મ ધન માટે નહિ પણ ધર્મ માટે છે....

**જેને** કોઇપણ જીવની હિંસા કરતાં, અસત્ય બોલતાં, કે ચોરી કરતાં કંપારી છૂટતી હોય તેને ધન ભોગ પર ગુસ્સો ન આવે એવું કદિ બને જ નહિ....

**ધન** અને ભોગનો ત્યાગ કરવો એ જ ખરેખર માનવધર્મ છે....

**ખોટું** જરાય ન કરવું, સારૂં કર્યા વગર રહેવું નહિ એ મનુષ્ય જીવનનું મુખ્ય કર્તવ્ય છે.

**આપણને** જેમ દુઃખ જોઇતું નથી તેમ જગતના કોઇપણ જીવને દુઃખ જોઈતું નથી....

**ધન** અને ભોગના સંકજામાંથી છૂટવું એ માનવધર્મ છે અને ન છૂટાય તો સંતોષી થવું એ માનવધર્મનો અંશ છે....

**સારા** માણસોના સદ્વિચારોને બાળી નાંખે તેનું નામ ધન અને ભોગ....

**ધન** અને ભોગ ભૂંડા છે, માનવમાત્રને ભૂલાવનારા છે માટે જ તે ત્યાગ કરવા લાયક છે.

**જે** ન કરવા જેવું હોય તે જ્યાં કરવું પડે તેવા સ્થાનોનો ત્યાગ અને કરવા લાયક જ્યાં કરવાનું હોય તે સ્થાનનો સ્વીકાર એ જ સંપૂર્ણ માનવધર્મ છે....

**માનવધર્મ** એટલે ધન અને ભોગથી સંપૂર્ણ છૂટવું....

**નાશવંત** સુખને ઝંખવું અને દુઃખનો દ્વેષ કરવો એ અરિહંતદેવના સેવકને શોભે નહિ.

**કર્મ**ને વશ પડેલો જીવ પોતાને સ્વતન્ત્ર માને તે મહામિથ્યાત્વ છે....

**સુખની** તૃષ્ણા કરવી અને દુઃખનો દ્વેષ કરવો એ જીવના મોટાં અપલક્ષણ છે, એ અપલક્ષણ જાય નહિ ત્યાં સુધી મુક્તિ થાય નહિ.

**ભાવધર્મ** આવે ત્યારે અર્થકામ ભૂંડા લાગે.

**વ્હાલાને** માટે વ્હાલી ચીજ વપરાય તેમ જિનભક્તિ આદિમાં વ્હાલી વસ્તુનો વપરાશ હંમેશાં હોવો જોઈએ....

**જેટલો** ધર્મ થાય તેટલો મોક્ષ થાય....

**દુઃખનો** દ્વેષી દુઃખ આવે ત્યારે દુઃખના નાશ માટે ખરાબ કર્યા વગર રહે નહિ, ન કરે એક આત્મવાદી....

જૈન સંસ્કૃતિનું સંદેશવાહક

વર્ષ : ૨૦ * અંક : ૩ * વૈશાખ : ૨૦૧૯

# યાતનાનું મૂળ!

વૈદરાજ શ્રી મોહનલાલ ચુ. ધામી.

ઘણા માણસો એમ માનતા હોય છે કે કરવેરા વધવાથી અથવા મોંઘવારી વધવાથી અથવા નિયમન જંજીરો વધવાથી વેપાર-ધંધા અને સંપત્તિ ભયમાં આવી પડ્યાં છે....

પણ આ રીતે માનવું તે બરાબર નથી. સંપત્તિ તો એક જડ વસ્તુ છે....એને કોઈ ભય નથી, કોઇ વિપત્તિ નથી.

ખરી રીતે આજ માનવી પોતે જ ભયમાં અને વિપત્તિમાં આવી પડ્યો છે.

વધુ સંપત્તિ મેળવવાની ઘેલછા છોડી શકાતી નથી. નિયમો અને કરવેરાની ભરતીના કારણે પ્રયત્ન કરવા છતાં વધુ પામી શકાતું નથી. માનવી દિવસ-રાત ડામાડોળ રહે છે અને પોતાની એષણાઓને વિપત્તિમાં સપડાયેલી માને છે. પરંતુ જો માનવી હૈયા પર હાથ મૂકી નિર્મળ મન વડે વિચારે તો એને સમજાશે કે આજ માનવીનું પોતાનું જીવન જ ભયમાં સપડાઇ ચૂકયું છે.

પ્રમાણિકપણે ધંધો કરવાની જેમ આજે કોઇ શકયતા રહેવા દીધી નથી....તેમ પ્રમાણિક પણુ જીવન બસર કરવાની પણુ કોઇ શકયતા દેખાતી નથી

આમ થવાનું કારણુ શું ?

લોકો પોતાને મનગમતા પ્રતિનિધિઓને ચુંટીને રાજસંચાલનની વ્યવસ્થા ગોઠવે છે. ચુંટણી વખતે લોકોની ફરિયાદોને વધારે સુંવાળા હૈયાથી સાંભળવામાં આવે છે અને લોકોના પ્રતિનિધિઓ શાસનનો ભાર ધારણ કરે છે ત્યારે આપેલા વચનો ને ગાયેલા આદર્શોથી વિમુખ બની જતા હોય એમ દેખાય છે, અને જે લોકોને ઉમળકાભેર વધાવ્યા હોય છે તે લોકોને જ વગોવવાની એક પ્રક્રિયાનો પ્રારંભ થાય છે.

આમ આ વિષચક્ર ચાલ્યા જ કરે છે. એનો કોઇ અંત નથી, એના પરિવર્તનની કોઇ શકયતા નથી.

અને માનવી ઉત્તરોત્તર વધુ ને વધુ બિચારો બનતો જાય છે, એની આહ ગગન સુધી પહોંચતી જાય છે.

અને માનવી બાહ્ય દષ્ટિએ જુવે છે પોતાની સંપત્તિ પર વિંટળાયેલો ભય!

પણ એને એ ખ્યાલ નથી આવતો કે સંપત્તિ તો મૂળથી બિચારી ને કંગાલ છે.... સાચો ભય તો જીવનને ઘેરો ઘાલી રહ્યો છે!

કારણ?

કારણની શોધ કરવા બહાર જવું પડે એમ નથી....અંતરમાં જ ઉતરવાનું હોય છે અને મુખ્ય કારણ એક જ છે....માનવી પાપભીરુ મટી ગયો છે....જ્ઞાનરૂપી અજવાળાના આધારે ચાલવાની આદત ભૂલતો ગયો છે....ધર્મનું શરણું તેને બંધન જેવું જણાવા માંડયું છે.

આ એક જ કારણ એવું છે કે માનવીના જીવતરને નિસ્તેજ, કાયર અને કમજોર બનાવી રહ્યું છે....એથી જ માનવી પોતે પોતાના જ દોષે ભય અને વિપત્તિ વચ્ચે કૂદી પડ્યો છે!

અંતર સ્વચ્છ હોય....ધર્મના બળથી સભર હોય, તો બહારની લાખો યાતનાઓ ફુલ સમી બની જતી હોય છે.

પરંતુ આજ અંતર મેલાં છે, કાદવથી ખરડાયેલાં છે, દ્વેષ અને લોભની શિલાઓ તળે દટાઇ ચૂકેલાં છે.

ધર્મ પ્રત્યે જે પ્રકારની અતૂટ શ્રદ્ધા હોવી જોઇએ તે રહી નથી.

શેઠાઇને સાચવી રાખવા અર્થે ધર્મનો અંચળો ધારણ કરવો છે અને શ્રીમંતાઈને પોષવા અર્થે નિંદ્ય અને હિંસક વેપારને બાથ ભીડીને વળગી રહેવું છે.

આમ દંભ અને દાનવતા બંને માનવીને પીંખી રહ્યાં છે....જો હૈયામાં ધર્મની પ્રતિષ્ઠા જળવાઈ રહી હોય તો સંસારની કોઈ યાતનાઓ દુઃખ આપી શકે નહિ.... આપવાને સમર્થ પણ નથી. કારણ કે જે ધર્મનું રક્ષણ કરે છે તેનું રક્ષણ ધર્મને કરવું જ પડે છે!

⊙

બાળકોની લેખન કલાને વિકસાવતો, બિરદાવતો
અને પ્રેરણા આપતો સર્વપ્રિય બાલ વિભાગ—

# બાલજગત

શાંતિલાલદાશા સંપાદક : શ્રી 'નવિન.'

## દોસ્ત મંડળ

બાલ જગતના દોસ્ત મંડળમાં જોડાઈ જવા માટે કુપન મેળવવા પત્રોનો બાલમિત્રો તરફથી ધોધ વહેવા માંડ્યો છે. આ એક શુભ ચિન્હ છે. જેઓએ વિગત લખીને કુપન પાછા મોકલ્યા છે તેઓના નામ નોંધી લીધા છે, અને તે ક્રમવાર પ્રસિદ્ધ અત્રે થતા રહેશે. હજારો વાંચકોની વચ્ચે ઓળખાણ કરાવનાર 'દોસ્ત મંડળ'નાં તમે સભ્ય બન્યા? ન બન્યા હો તો આજે જ સભ્ય બનો.

(૧) **શ્રી દિનેશકુમાર એન. સંઘવી** 'સ્મિત' ઠે. એન. એન. સંઘવી. મહી કેનાલ કોલોની, નડીયાદ (ખેડા) ૧૪ વર્ષ, ધોરણ ૯મું શોખ : ટિકિટ સંગ્રહ, બેડમિન્ટન, ક્રિકેટ, લેખો લખવાનો અને અભ્યાસ.

(૨) **શ્રી અતુલકુમાર વિનયકાંત પરીખ** 'સુધાંશુ' શ્રી વી. એન. પરીખ, એકઝી. ઇન્જીનીયર. ઘોઘા સર્કલ પ્લોટ, ભાવનગર (ગોહિલવાડ) ૧૫ વર્ષ, ધોરણ ૧૦મું શોખ : સાહિત્ય, ક્રિકેટ, ટિકિટ સંગ્રહ અને અભ્યાસ કરવાનો.

(૩) **શ્રી જયેન્દ્રકુમાર ચીમનલાલ શાહ,** ઠે. હિંમતલાલ માણેકચંદ આંકલાવ [બોરસદ] ૨૫ વર્ષ, ધોરણ ૮ પાસ, શોખ : વાર્તા વાંચવાનો, ફરવાનો, ગીતો સાંભળવાનો.

(૪) **શ્રી હસમુખ ચુનીલાલ,** દરબાર ગઢની પાસે. દાવડ [સાબરકાંઠા] ૧૭ વર્ષ, ૧. ફા. પાસ, ધોરણ ૧૦ પાસ. જુનીયર S. S. C. સંસ્કૃત ભૂષણ. શોખ : સાહિત્ય, નાટ્યપ્રવૃત્તિ અને રાજકારણ.

(૫) **શ્રી હીરજી જી. ફરીયા,** ઠે. ધી પાલનપુર સ્ટોર્સ, ૧૪૩ દાદીશેઠ અગીયારી લેન, મુંબઇ–૨. ૧૬ વર્ષ, દશમું ધોરણ શોખ : વાંચન મુસાફરી, પત્રમિત્ર, લેખન વગેરે.

(૬) **શ્રી પ્રવિણકુમાર કુંવરજી, ઘરોડ** ૪–૪–૯૧૬ પ્રેમબાગ, સુલતાન બજાર, હૈદ્રાબાદ (આંધ્ર) ૧૬ વર્ષ. અભ્યાસ B. sc II nd. year. ભાષા ; ગુજરાતી, હીંદી, તેલુગુ, અંગ્રેજી. શોખ : ટિકિટ, પિકચર, કેલેન્ડરના ફોટા, સિક્કા અને માચીસના લેબલનો સંગ્રહ કરવાનો.

(૭) **શ્રી પ્રતાપ નેમચંદ, સંઘવી** શ્રી નવયુગ મંડળ 'હેડ ઓફિસ'. વાવડી [ગજાભાઇની] વાયા : સોનગઢ જીલ્લો ભાવનગર. ૨૦ વર્ષ, શોખ : સેવા, ધર્મ.

(૮) **શ્રી કીર્તિકુમાર પોપટલાલ,** ઠે. મગનલાલ મોતીચંદ જૈન સોસાયટી, સાબરમતી [અમદાવાદ–૫] ૧૯ વર્ષ, પ્રી. યુનિવર્સિટી આર્ટસ, શોખ : સાહિત્યનો.

(૯) **રાધા ત્ર્યંબકલાલ,** ઠે૦ રમણીકલાલ ત્ર્યંબકલાલ શાહ, અનાજના વેપારી, સુરેન્દ્રનગર.

**બુધ્ધિ કસો........અને ......ઈનામ મેળવો.**

* આગામી અંકે "વિના પ્રવેશ ફી શબ્દ હરિફાઇ" રજુ થશે *

૧૪ વર્ષ, ધોરણ ૯ મું, શોખ : ડ્રોઈંગ, સંગિત, વાંચન અને પત્રમૈત્રી.

(૧૦) **શ્રી દિલીપકુમાર ટી. પટેલ,** "ગુલાબ" ટી. એ. પટેલ, ન્યુ શોરોક મીલ, નડીયાદ, ૧૩ વર્ષ, ધોરણ ૮ મું. શોખ : ફુટબોલ ટેબલટેનીસ, અભ્યાસ, ટિકિટ સંગ્રહ વગેરે.

(૧૧) **શ્રી સુરેશચંદ્ર મગનલાલ શાહ,** મોટી ડેલી, ઓસવાળ ફરિયો, મુંદરા (કચ્છ) ૧૮ વર્ષ, S. S. C. શોખ : ટિકિટ સંગ્રહ, ક્રિકેટ, સાહિત્યનો.

⊙

## બેઘડી મોજ

વિપીન–હવાથી પણ વધુ ગતીવાળાં વિમાનો શોધાયા છે, તો એમાં બેસીને આપણે સ્વર્ગમાં ન જઇ શકીએ બાપુજી?

પિતાજી–જરૂર જવાય. અર્ધે રસ્તે વિમાન ખોટવાઇ જાય તેથી ઘણા માણસો સ્વર્ગના વાસી બન્યા હોવાનું અવાર–નવાર આપણે છાપામાં વાંચીએ જ છીએ ને?

**શ્રી હસમુખ પારેખ–રાજકોટ.**

⊙

બા — બેટા પ્રકાશ! તેં દાડમ ખાધું કે?

પ્રકાશ–હા, બા! મેં ખાધું અને બેનને પણ આપ્યું.

બા — ઘણો જ ડાહ્યો! વારૂ, બેનને કેટલું આપ્યું.

પ્રકાશ–પા (૦।) મેં ખાધું ને પોણો (૦।।।) ભાગ બેનને આપ્યો.

બા — (ખુશી થઇને) વાહરે! દયાળુ બેટા! એટલું બધું બેનને કેમ આપી દીધું?

પ્રકાશ–તો શું કરૂં? પોણો (૦।।।) દાડમ બગડેલો હતો તે કંઇ મારાથી ખવાય!!

**કુ. જયાબેન શાહ–મુંદરા.**

શિક્ષક–મહેન્દ્ર, તું કહે છે કે, 'હું એરોપ્લેનની સ્પીડથી દોડતો હતો.' તો પછી દોડવાની હરિફાઈમાં કેમ પાછળ રહી ગયો?

મહેન્દ્ર–સાહેબ! હું તો એરોપ્લેનની સ્પીડથી જ દોડતો હતો પણ અડધે રસ્તે પહોંચ્યા પછી મેં જોયું તો મારા હરિફ મિત્રો રોકેટની સ્પીડથી દોડતા હતા એટલે!!

**શ્રી રજનીકાંત લહેરચંદ–ધંધુકા.**

## સૌરભ

જો તમારે ઐશ્વર્યશાળી થવું હોય તો ઐશ્વર્યમય વિચારો કરજો. જેવા થવું હોય તેવા વિચાર મનમાં કરજો. મન એ તો ધરતી છે. જેવું બીજ એ માનસ–ભૂમિમાં નાંખશો એવું વૃક્ષ ઉગશે. સારા થવા માટે સારાપણાનું બીજ રોપજો. નરસા થવું હોય તો નરસું. જેવું વિચારશો તેવા તમો થશો.

વિચાર એ તો માનવીની આજનું અને આવતી કાલનું પ્રતિબિંબ છે. વિચાર અને વ્યવહારનો સમન્વય સાધજો. એ પણ ખરૂં કે, માત્ર વિચારથી કશું થતું નથી. વિચારને અનુરૂપ વ્યવહાર પણ હોવો જોઇએ. જો કે વિચારમાંથી જ કર્તવ્ય જન્મે છે. એટલે વિચારશો તો જરૂર એક દિવસ તે અમલમાં આવશે. માટે સારા વિચારો કરવાની આદત કેળવવી જોઇએ.

**શ્રી અજ્ઞાત.**

## નકામી

કાર્ય વિના કલ્પના
શક્તિ વિના ભક્તિ
જ્ઞાન વિના સાન
સંયમ વિના હિંમત
વૃષ્ટિ વિના સૃષ્ટિ
શ્રમ વિના વિશ્રાંતિ

## પણ....

મન શું છે?
વેગવાન અશ્વ!
પણ....કાબુમાં રાખવો સહેલો નથી.
ગગન શું છે?
પૃથ્વીનું છત્ર!
પણ....વર્ષામાં વાપરવું સહેલું નથી.
જીવન શું છે?
એક નિસાસો!
પણ....મૃત્યુનો ત્યાં છે એક વિસામો.

**શ્રી નાનાલાલ મોહનલાલ-પુના.**

## હિમાલયનાં સર્વોચ્ચ શિખરો

| નામ | ઉંચાઈ |
|---|---|
| એવરેસ્ટ | ૨૯૦૧૫' |
| કેર | ૨૮૨૫૦' |
| કંચનજંગા | ૨૨૧૪૬' |
| લ્હોત્સે | ૨૭૮૯૦' |
| મકાલુ | ૨૭૮૨૪' |
| ચો-ઓયુ | ૨૬૯૬૭' |
| અન્નપુર્ણા | ૨૬૯૨૬' |
| ધવલગિરિ | ૨૬૭૯૫' |
| માંસાલુ | ૨૬૬૫૬' |
| નાંગા | ૨૬૦૨૯' |

**શ્રી ધ. ર. શાહ-વડોદરા.**

## ધર્મનું મુલ્ય

ધર્મની જીવનમાં શી જરૂર છે? એ ક્યાંય દેખાય છે ખરો? એમ તો વૃક્ષનાં મૂળિયાં પણ બહાર ક્યાં દેખાય છે? પણ વિચારો કે મૂળિયાં ન હોય તો વૃક્ષ હોય ખરૂં? તો જીવનના મૂળમાં જો ધર્મ ન હોય તો જીવન ક્યાંથી હોઇ શકે? જેમ વૃક્ષ માટે જીવનદાતા મૂળિયાં છે, તેમ માનવનો જીવનદાતા ધર્મ છે. ધર્મનું એ મૂલ્ય અમૂલ્ય છે.

**—વિશ્વમંગલ.**

## ગણિતગમ્મત

૧૫૨૨૦૭ × ૭૩ = ૧૧૧૧૧૧૧૧
૧૫૨૨૦૭ × ૧૪૬ = ૨૨૨૨૨૨૨૨
૧૫૨૨૦૭ × ૨૧૯ = ૩૩૩૩૩૩૩૩
૧૫૨૨૦૭ × ૨૯૨ = ૪૪૪૪૪૪૪૪
૧૫૨૨૦૭ × ૩૬૫ = ૫૫૫૫૫૫૫૫
૧૫૨૨૦૭ × ૪૩૮ = ૬૬૬૬૬૬૬૬
૧૫૨૨૦૭ × ૫૧૧ = ૭૭૭૭૭૭૭૭
૧૫૨૨૦૭ × ૫૮૪ = ૮૮૮૮૮૮૮૮
૧૫૨૨૦૭ × ૬૫૭ = ૯૯૯૯૯૯૯૯

**શ્રી દિનેશકુમાર વારિયા-નવાડીસા.**

## પલટાતી વ્યાખ્યાઓ

બાલ જગત : ગમ્મતયુક્ત જ્ઞાનનો મધપુડો
ગોખણ પટ્ટી : મગજમાં કરેલું ટેપ-રેકોર્ડિંગ
ચુંટણી પર્વ : અભણોને ફોસલામણીનું પર્વ
ફુટપાયરી : વગર પાઘડીએ મળતું સ્થાન
કલ્યાણ : જૈન ધર્મનું એક શિષ્ટ સામાયિક
પોલિસખાતું : બૂરા કાર્યોની નોંધ કરતું ખાતું.

**''ચિત્રકેતુ''**

## શું ? કોનું ?


ખનીજ તેલ........ગુજરાતનું
ધરતીકંપ........જાપાનનો
વહાણવટું........વિશાખાપટ્ટમ
તાજમહાલ........આગ્રાનો
વ્યાપાર........ગુજરાતીનો

**નટવર એસ.-સિંહુજ.**

## ના ચાલે

પુત્રને માતા વિના
રાત્રીને તારા વિના
હોળીને નદી વિના
તાજને રાજા વિના
મીનને જલ વિના

**શ્રી 'ચંદ્રક' બોટાદ.**



પુના નજીક રામપુરમાં આવેલી રાજા બુલંદ સુગર કંપની લિમીટેડના યાર્ડમાં રેલ્વે એન્જીનોની જગ્યાએ વેગનો ખસેડવા, શન્ટિંગ કરવા હાથી રોકવામાં આવેલા છે. હાથી કું. ના નિયમિત કામદારોની યાદીમાં સમાવેશ પામેલા છે.

## —: શોધી કાઢો —

જૈન ધર્મના છ અક્ષરના એક મહાન અને પવિત્ર પર્વનું નામ શોધી કાઢો ;

૧–૨ અક્ષર મળી 'ન બોલવું' એવો અર્થ થાય છે.

૪–૩ અક્ષર મળી શરીરના એક અવયવનું નામ થાય છે.

૪–૬ અક્ષર મળી પ્રાચીન વિદ્યાધામનું નામ થાય છે.

૬–૫ અક્ષર મળી 'ક્યાં' એવો અર્થ થાય છે.

૩–૪–૫ અક્ષર મળી 'કોઈ એક' એવો અર્થ થાય છે.

જવાબ : મૌનએકાદશી

**શ્રી શશીકાન્ત પી. શાહ–સાબરમતી.**

## શોધી કાઢો

પ્રભુભક્તિને ગરીબ કરી શકે છે (પ્રાણીનું નામ)
દિવાળીમાં દિવા ઘર ઘરે થાય છે (પ્રાણીનું નામ)
કાશી તલ પર ગંગા વહે છે (તીર્થંકરનું નામ)
રામ સીતા ફળ ખાય છે (ફળનું નામ)

જવાબ : બકરી–વાઘ–શીતલ–સીતાફળ

**'પુણ્યબાલ'–ખામગાંવ.**

# 'બાલ જગત' ની પત્ર પેટી

**શ્રી દિનેશ સંઘવી** 'સ્મીત' નડીયાદ–તમોએ મોકલેલા 'આપણો રાષ્ટ્રીય વારસો'–'પ્રથમ હિન્દી'–'ભારતને ગુલામ બનાવનાર બેડીઓ' અને 'મહાન યોધ' ક્રમસર લેવાશે. 'અગત્યની ઐતિહાસિક સાલો' અને 'પ્રભુ એક દેશ જુદા' પ્રગટ નહિ થાય.

**શ્રી ઇશ્વરલાલ હ. રોલીયા,** ભાભર–નાનકડી વાર્તા 'બકરૂં કાઢતાં પેઠું ઉંટ' મળી, અવસરે લેવાશે. 'શોધી કાઢો' અને 'કહો જોઇએ ?' તદ્દન જુના છે, સ્થાન નહિ મળે. ભલી લાગણી બદલ આભાર.

**શ્રી મુક્તિલાલ મણીલાલ,** કંબોઇ–'ઉખાણા' અન્યત્ર પ્રસિધ્ધ થઈ ગયેલા છે, પ્રગટ નહિં થાય. 'એ ઘડી મોજ' આગામી અંકે જરૂર લેવાશે.

**શ્રી પ્રવિણચંદ્ર જે. શાહ,** આંકલાવ–તમારી નાની વાર્તા 'દોલત' અને 'હસતાં ફુલ' [રમુજી ટુચકા] લેવાશે. રાહ જોશો. 'જાણવા જેવું' અન્યત્ર ઘણી વખત પ્રગટ થઇ ગયેલ છે પછી કેમ લેવાય ? તમે જ કહો ! સ્વયં લખવાની ટેવ પાડો. જરૂર પ્રગતિ કરી શકશો.

**શ્રી એમ. ડી. દેશાઇ,** 'શ્રી વૈભવ', હારીજ–'બુધ્ધિનું દેવાળું' વાર્તા પ્રગટ નહિ થઈ શકે. કોઇ જ્ઞાન સાથે ગમ્મત આપે તેવી નાનકડી વાર્તા મોકલો.

**શ્રી દેવજી એચ. સાલીઆ,** બોરડી–હરિફાઇ માટે તમારા તરફથી કોયડો મળ્યો પણ તેની રચના રૂપીઆ, આના, પાઇમાં છે એટલે નહિ લેવાય. રૂપીઆ અને નયા પૈસાના હિસાબથી "કોયડો" તૈયાર કરો. જરૂર સ્થાન મળશે.

પત્ર વ્યવહારનું સીરનામું :
**નવિનચંદ્ર મગનલાલ શાહ**
સંપાદક : **બાલજગત**
કાપડ બજાર, ભુજ [કચ્છ]

# જૈન ભૂગોળ

**શ્રી રમણુલાલ બબાભાઈ શાહ–અમદાવાદ.**

વર્તમાન કાલીન વૈજ્ઞાનિકો ભૂભ્રમણ વિષે જે માન્યતાઓ તથા પ્રતિપાદનો જોરશોરથી જાહેર કરી રહ્યા છે, તે તેઓના સિદ્ધાંતોના જ આધારે તેનું ખંડન કરવા પૂર્વક જૈનદર્શનમાં પ્રરૂપેલ ભૂગોળ વિષે જાણવા–સમજવા જેવી હકીકતો, યુક્તિઓ પ્રમાણો તથા વર્તમાન વૈજ્ઞાનિકોના વચનોની સાબીતી સાથે આ લેખમાળામાં રજૂ થતી રહેશે. લેખમાળાનો ચોથો હપ્તો અહિં રજૂ થાય છે.

## ૪ : ગંગા-સિંધુ

(ભરતક્ષેત્રની ઉત્તરે રહેલા હિમવંત પર્વતના બરાબર મધ્ય ભાગમાં ૫૦૦ યોજન ઉત્તર–દક્ષિણ પહોળું અને ૧૦૦૦ યોજન પૂર્વ–પશ્ચિમ લંબાઇવાળું પદ્મદ્રહ નામનું સરોવર છે. તેને પૂર્વ, પશ્ચિમ અને ઉત્તર એમ ત્રણ દિશામાં ત્રણ દ્વાર છે. પૂર્વ અને પશ્ચિમ દિશાનાં દ્વાર ૬ા યોજન પહોળાં છે. જ્યારે ઉત્તરનું દ્વાર ૧૨ા યોજન પહોળું છે. પૂર્વ–પશ્ચિમ દ્વારથી દ્વારના જેટલા જ વિસ્તારવાળી અર્થાત્ ૬ા યોજન પહોળાઈવાળી ગંગા તથા સિંધુ નામની નદીઓ નીકળે છે, અને તે બંને નદીઓ પર્વત ઉપર જ પોતપોતાની દિશામાં પૂર્વ–પશ્ચિમ ૫૦૦–૫૦૦ યોજન આગળ વધે છે. એટલે કે ગંગા નદી પૂર્વ દ્વારથી નીકળી પૂર્વ તરફ ૫૦૦ યોજન આગળ વધે છે, અને સિંધુ નદી પશ્ચિમ દ્વારથી નીકળી પશ્ચિમ તરફ ૫૦૦ યોજન આગળ વધે છે. ત્યારબાદ બંને નદીઓ દક્ષિણ તરફ વળે છે, અને પર્વત ઉપર જ પર્વતના શેષ ૫૨૩ યો. ૩ા કળા જેટલા પ્રદેશમાં વહી નીચે પ્રપાતકુંડમાં પડે છે. તે બંને પ્રપાતકુંડો ભરતની ઉત્તરમાં લઘુહિમવંત પર્વતની તળેટીમાં આવેલા છે. પ્રપાતકુંડમાં પડવાના અવસરે આ બન્ને નદીઓ વચ્ચેનુ અંતર ૨૦૦૦ યોજન થાય છે. (૧૦૦૦ યોજન પદ્મદ્રહની પહોળાઈ + ૧૦૦૦ યોજન બે બાજુ ૫૦૦–૫૦૦ યોજન વહેવાથી બંને પ્રપાતકુંડ વચ્ચેનું અંતર પણ ૨૦૦૦ યોજન થાય.)

પ્રપાતકુંડમાંથી નીકળી બંને નદીઓ ઉત્તર ભરતમાં દક્ષિણ તરફ વક્રગતિએ વધે છે, અને વૈતાઢ્યની નીચેના ભાગમાંથી નીકળી દક્ષિણભરતમાં પણ લગભગ અયોધ્યાની સમશ્રેણી સુધી દક્ષિણમાં વહી ત્યારબાદ સિંધુ નદી પશ્ચિમ તરફ વળી સીધી વહી પશ્ચિમ સમુદ્રને મળે છે અને ગંગા નદી પૂર્વ તરફ વહી પૂર્વ સમુદ્રને મળે છે. ગંગા તથા સિંધુ નદી પ્રત્યેકને ઉત્તર ભરતના વહેણ દરમિયાન બીજી નાની ૭૦૦૦ પરિવાર નદીઓ મળે છે. તેવી જ રીતે દક્ષિણ ભરતના વહેણ દરમિયાન પણ પ્રત્યેકને સાત સાત હજાર નદીઓ મળે છે. આમ કુલ નાની ૨૮૦૦૦ પરિવાર નદીઓ ભરતક્ષેત્રમાં છે. ગંગા સિંધુ બંને નદીઓ કુંડમાંથી બહાર નીકળતી વખતે ૬ા યોજન પહોળી છે, તથા સમુદ્રને મળે છે ત્યારે તેની પહોળાઈ ૬૨ા યોજન હોય છે. આમ ગંગા–સિંધુના વહેણધારા ઉત્તર ભરત અને દક્ષિણ ભરતના ત્રણ ત્રણ ભાગ થયા અને તે જ ત્રણ ત્રણ ખંડ મળી કુલ ભરત ક્ષેત્રના ૬ ખંડ થયા.

ગંગા નદી લવણ સમુદ્રમાં જ્યાં મળે છે, ત્યાં **માગધ** નામનું તીર્થ છે. તેવી જ રીતે સિંધુ નદી પશ્ચિમ દિશામાં જ્યાં લવણ સમુદ્રને મળે છે ત્યાં **પ્રભાસ** નામનું તીર્થ છે. તેવી જ રીતે માગધ અને પ્રભાસની વચ્ચે ભરતક્ષેત્રની દક્ષિણ દિશામાં સમુદ્ર કિનારે વરદામ નામનું તીર્થ છે.

ગંગા–સિંધુમાં દરેકમાં ઉત્તર ભરતમાં તેમજ દક્ષિણ ભરતમાં સાત સાત હજાર પરિવાર નદીઓ મળે છે. આમાં દક્ષિણ ભરતમાં મધ્યખંડના ઉત્તરના લગભગ એકસો દશ યોજન સુધીમાં અયો-

ધ્યાની પૂર્વમાં ગંગાને મળતી પરિવાર નદીઓ પશ્ચિમ દિશાથી પૂર્વ તરફ વહી ગંગાને મળે, તેવી જ રીતે અયોધ્યાની દક્ષિણના ભાગની કેટલીક નદીઓ ઉત્તર તરફ અને કેટલીક ઇશાન તરફ વહી ગંગાને મળે, જ્યારે ઉત્તરના લગભગ એકસો દશ યોજન સુધીમાં આવેલી અયોધ્યાની પશ્ચિમ તરફની નદીઓ પૂર્વથી પશ્ચિમ વહી સિંધુને મળે છે. જ્યારે દક્ષિણ ભાગની કેટલીક નદીઓ ઉત્તર તરફ અને કેટલીક વાયવ્ય દિશા તરફ વહી સિંધુને મળી શકે.

પૂર્વખંડની નદીઓ પણ કેટલીક ઉત્તરથી દક્ષિણ તરફ વહીને, અને કેટલીક પૂર્વથી પશ્ચિમ તરફ અને કેટલીક પૂર્વ-દક્ષિણ તરફ વહી ગંગા નદીને મળી શકે, તેવી જ રીતે પશ્ચિમખંડની નદીઓ કેટલીક ઉત્તરથી દક્ષિણ તરફ, કેટલીક પશ્ચિમથી પૂર્વ તરફ, અને કેટલીક પશ્ચિમ-દક્ષિણ તરફ વહી સિંધુ નદીને મળી શકે છે.

નદીઓના ઉપર પ્રમાણેના વહેણ ઉપરથી એમ લાગે છે કે મધ્યખંડનો મધ્ય ભાગ પૂર્વ-પશ્ચિમ દિશાની અપેક્ષાએ ઉંચો છે. તે અયોધ્યાથી સીધો સમશ્રેણિએ ઉત્તર તરફનો ભાગ ઊંચો છે અને પશ્ચિમ તથા પૂર્વ તરફ ઢળતો છે. એટલે કે પૂર્વ-પશ્ચિમ બે બાજુ ગંગા-સિંધુ તરફ નીચો થતો જાય છે. વળી અયોધ્યાની દક્ષિણનો ભાગ પણ ઘણો ખરો ઊંચો છે અને તેમાં પણ અયોધ્યાની પૂર્વ તરફનો ભાગ ઉત્તર તરફ અને ઉત્તર-પૂર્વ તરફ ઢળતો છે. જ્યારે દક્ષિણનો અયોધ્યાની પશ્ચિમનો ભાગ ઉત્તર તરફ અને ઉત્તર-પશ્ચિમ તરફ ઢળતો છે.

પૂર્વખંડ ઉત્તરથી દક્ષિણ તરફ ઢાળવાળો છે અને થોડો ઘણો ઉત્તર-પશ્ચિમ તરફ ઢાળવાળો છે. જ્યારે પશ્ચિમખંડ પણ ઉત્તરથી દક્ષિણ તરફ ઢળતો તેમજ થોડો ઘણો દક્ષિણ-પૂર્વ તરફ ઢળતો છે.

ઉત્તર ભરતમાં પણ મધ્યખંડ પૂર્વ-પશ્ચિમ બે તરફના ઢાળવાળો અને પૂર્વખંડ પશ્ચિમના ઢાળવાળો તેમજ પશ્ચિમખંડ પૂર્વના ઢાળવાળો છે. તેમજ સામાન્યતઃ ઉત્તર ભરતનો ઉત્તર ભાગ ઊંચો છે અને દક્ષિણનો ભાગ નીચો છે.

## છ ખંડના ક્ષેત્રફળની વિચારણા

છ યે ખંડના વિસ્તારની દૃષ્ટિએ વિચારીએ તો ઉત્તર ભરતાર્ધના પૂર્વ અને પશ્ચિમખંડ (૧-૩) સૌથી મોટા છે અને પરસ્પર તુલ્ય છે. ત્યાર પછી દક્ષિણ ભરતક્ષેત્રનો મધ્યખંડ તે ઉક્ત બે ખંડથી નાનો છે. તેના કરતાં ઉત્તર ભરતનો મધ્યખંડ (૨) નાનો છે અને તેના કરતાં દક્ષિણ ભરતના પૂર્વ-પશ્ચિમખંડ (૪-૬) સૌથી નાના અને પરસ્પર તુલ્ય વિસ્તારવાળા હોવા સંભવ છે.

પૂરતા પ્રમાણોના અભાવે દરેક ખંડનું ક્ષેત્રફળ ચોક્કસ પ્રકારે કાઢી શકાયું નથી. પરંતુ આશરે વિચારીએ તો ઉત્તરાર્ધ ભરતક્ષેત્રની વચ્ચેનો મધ્યખંડનો ઉત્તર ભાગ પૂર્વ-પશ્ચિમ તરફ ૨૦૦૦ યોજન લાંબો છે. (કેમકે બે પ્રપાતકુંડ વચ્ચેનું અંતર તેટલું છે.) અને નદી વક્રાકારે દક્ષિણમાં આગળ વધતી હોવાથી એ લંબાઇ દક્ષિણ છેડે વધે તેથી ૨૫૦૦ થી ૩૦૦૦ યોજન લગભગ થઇ શકે. તેથી સરેરાશ મધ્યખંડની લંબાઇ ૨ા થી ૨ા હજાર થતા જાય અને ઉત્તર-દક્ષિણ પહોળાઇ ૨૨૮ યોજન ૩ કળા તો સ્પષ્ટ છે. લંબાઈ-પહોળાઈ બંનેનો ગુણાકાર કરતાં ક્ષેત્રફળ લગભગ છ લાખ યોજન થવા સંભવ છે. ઉત્તર ભરતનું કુલ ક્ષેત્રફળ ૩૦ લાખ યોજનથી વધુ હોવાથી પૂર્વ-પશ્ચિમખંડમાં પ્રત્યેકનું ક્ષેત્રફળ લગભગ ૧૨ લાખ યોજન હોવાનો સંભવ છે. (૩૦ લાખમાંથી ૬ લાખ મધ્યખંડના બાદ કરતાં=૨૪ લાખ રહે. ૨૪ લાખ÷૨ ચોવીશ લાખને બે વડે ભાગતાં આશરે બાર લાખ યોજન પૂર્વ-પશ્ચિમખંડનું ક્ષેત્રફળ આવે.)

## મધ્યખંડ સંબંધી વિચારણા

દક્ષિણ-ભરતાર્ધનું ક્ષેત્રફળ કુલ ૧૮,૩૫,૪૮૫ યોજન બાર કળા છે. આમાં નદીઓ અયોધ્યાની સમશ્રેણીથી પૂર્વ-પશ્ચિમ તરફ વળે છે. એટલે અયોધ્યા સુધીનો ગંગા-સિંધુની વચ્ચેનો ભાગ મધ્યખંડમાં જ ગણાય તદુપરાંત અયોધ્યાથી દક્ષિણમાં પૂર્વ-પશ્ચિમ બે બાજુ બે નદીઓની સરહદથી દક્ષિણ દિશાનો બધો ભાગ પણ મધ્ય-

ખંડમાં ગણાય. અયોધ્યાની દક્ષિણના ભરતનું ક્ષેત્રફળ લગભગ ૬ાા* લાખ યોજન થાય છે. અયોધ્યાની ઉપરના મધ્યખંડનું ક્ષેત્રફળ લગભગ ૩ લાખ યોજન થવા જાય. આમ કુલ ૯ાા લાખ યોજન મધ્યખંડનું ક્ષેત્રફળ થવાનો સંભવ છે. પરંતુ નદીઓ પૂર્વ-પશ્ચિમ સીધી ન જતાં વક્રાકારે જવા સંભવ છે. તેથી દક્ષિણનું ક્ષેત્રફળ તેટલું મધ્યખંડમાંથી ઓછું થઇ પૂર્વ-પશ્ચિમખંડમાં વધવા સંભવ છે. એટલે આશરે ૮ થી ૯ લાખ યોજન લગભગ મધ્યખંડનું ક્ષેત્રફળ થવા સંભવ છે અને દક્ષિણ ભરતનું કુલ ક્ષેત્રફળ ૧૮,૩૫,૦૦૦ યોજનથી વધુ હોવાથી પૂર્વ-પશ્ચિમ ખંડનું ક્ષેત્રફળ ૪ાા થી ૫ લાખ યોજન લગભગ હોઇ શકે.

આ છએ ખંડમાં કુલ ૩૨૦૦૦ દેશો યુગલિક કાળ તથા દૂષમા-દૂષમા આરા સિવાયના કાળમાં હોય છે. ચક્રવર્તીઓએ દિગ્વિજયમાં ૩૨૦૦૦ દેશો જીત્યાનો ઉલેખ આપણા જોવામાં આવે છે. તેથી પણ સિદ્ધ થાય છે કે ભરતક્ષેત્રના છએ ખંડમાં થઈ કુલ ૩૨૦૦૦ મોટા દેશો છે. તદુપરાંત છએ ખંડમાં કુલ ૯૬ ક્રોડ ગામો હોય છે. આ છ ખંડમાંથી પાંચ ખંડમાં અનાર્ય દેશો હોય છે. જ્યારે મધ્યખંડમાં માત્ર ૨૫ાા આર્ય દેશો હોય છે. બાકીના અનાર્ય દેશો હોય છે. દક્ષિણ-મધ્યખંડ સિવાય દરેક ખંડમાં ૫૩૩૬ દેશો હોય છે અને દક્ષિણ ભરતના મધ્યખંડમાં ૫૩૨૦ દેશો હોય છે. તેમાં ૨૫ાા આર્ય દેશો અને બાકીના અનાર્ય દેશો હોય છે.

## મધ્યખંડની વિશેષ વિચારણા

દક્ષિણ ભરતમાં આવેલ આ મધ્યખંડ દક્ષિણ ભરતના મધ્યભાગમાં છે. તેની ઉત્તરે વૈતાઢ્ય પર્વત છે. દક્ષિણે લવણસમુદ્ર છે અને પૂર્વ તથા પશ્ચિમ દિશામાં ગંગા-સિંધુ નદી લગભગ ૧૧૯ યોજન સુધી આવેલી છે. ત્યારબાદના મધ્યખંડના બાકીના ભાગની લંબાઇ વધારે હોય અને તેમાં પૂર્વ, પશ્ચિમ અને દક્ષિણ ત્રણ દિશાએ લવણ સમુદ્ર આવે છે.

ઉત્તર છેડે એની લંબાઇ ૨૫૦૦ થી ૩૦૦૦ યોજન હોવા સંભવ છે. તથા ઉત્તર-દક્ષિણ એની પહોળાઈ ૨૩૮ યોજન ૩ કળા હોય છે. એનું ક્ષેત્રફળ લગભગ આઠેક લાખ યોજન હોવાનો સંભવ પૂર્વ વિચારી ગયા છીએ.

આ મધ્યખંડમાં કુલ ૫૩૨૦ દેશો હોય છે. જેમાંથી ૨૫ાા આર્યદેશો તથા બાકીના ૫૨૯૪½ અનાર્ય દેશો હોય છે. કુલ ક્ષેત્રફળની દૃષ્ટિએ વિચારીએ તો દરેક દેશ સરેરાશ ૧૦૦ યોજન ઉપરાંત થવા સંભવ છે જો કે કોઈ દેશ મોટો હોય તો કોઈ નાનો પણ હોય. પરંતુ સરેરાશ ૧૦૦ યોજન ઉપરાંત થવા સંભવ છે.

## અયોધ્યા

મધ્યખંડની બરાબર મધ્યમાં અયોધ્યા નગરી આવેલી છે. તે શ્રી ઋષભદેવ પ્રભુના સમયમાં ઉત્તર-દક્ષિણ નવ યોજન પહોળી હતી અને પૂર્વ-પશ્ચિમ બાર યોજન લાંબી હતી. અયોધ્યાથી ઉત્તર દિશાએ ૧૧૪ યોજન ૧૧ કળા દૂર વૈતાઢ્ય પર્વત છે અને દક્ષિણ દિશામાં પણ બરાબર તેટલો જ દૂર લવણ સમુદ્ર આવેલ છે. આથી દક્ષિણ ભરતની બરાબર મધ્યમાં અયોધ્યા નગરી છે. જેમ ઉત્તર-દક્ષિણથી મધ્યમાં છે તેવી રીતે પૂર્વ-પશ્ચિમની અપેક્ષાએ પણ બરાબર મધ્યમાં છે. કારણ કે ભરતક્ષેત્ર ધનુષ્યાકારે હોવાથી ૨૩૮ યોજન ૩ કળા ઉત્તર-દક્ષિણ પહોળાઇ બરાબર મધ્યભાગમાં જ હોય છે અને પૂર્વ-પશ્ચિમ તરફ આગળ વધીએ તેમ અંતર ઓછું થતું જાય છે. માટે અયોધ્યા મધ્યખંડની બરાબર મધ્યમાં છે તેમ નક્કી થાય છે.

> **સુખ સંતોષમાં છે, સંતોષ સમજણથી આવે છે ને સમજણ પ્રાપ્ત કરવા સંસ્કારી બનવું; સંસ્કારોને જાગૃત કરનાર સત્સંગ અને શાસ્ત્રશ્રવણ છે. માટે તે બન્નેને જીવનમાં આદરજો !**

---

* ઇષુ ૧૧૯-૩ કળાના હિસાબે જીવા ૯૮૯૭-૮ાા કળા આવે છે. અને તેના હિસાબે ક્ષેત્રફળ કાઢતાં ઉક્ત વિસ્તાર આવે છે.

# યકૃત અને પીત્તની ઉપયોગિતા

વૈદરાજ શ્રી કાંતિલાલ દેવચંદ શાહ-ઝીંઝુવાડા (સૌરાષ્ટ્ર)

'આરોગ્ય અને ઉપચાર'ની 'કલ્યાણ'માં ચાલુ રહેલી લેખમાળાનો આ ૧૮ મો લેખાંક છે. શરીરમાં યકૃત નામનું અવયવ કેટ-કેટલું ઉપયોગી તથા ઉપકારક છે; તેમજ પીત્તની ઉપયોગિતા માટે જાણવા જેવું અહિં રજૂ થાય છે. ઉદરના રોગો માટે જૈન શાસ્ત્રોમાં ફરમાવેલ 'ખમાસમણ'ની ક્રિયા વિધિપૂર્વક કરવામાં આવે તો લાભદાયી છે. આ હકીકત સમજાવવા પૂર્વક અહિં શરીરના રોગો પર ઉપચારોને અંગે જે કોઇને પ્રશ્નો પૂછાવવા હોય તેમને વૈદરાજના શીરનામે જવાબી કાર્ડ બીડવાથી પ્રત્યુત્તર મલશે, ને 'કલ્યાણ' દ્વારા જવાબ જોઇતા હશે તો તેમ પણ મલશે. તે હકીકત જણાવાઈ છે.

## ઉપચાર લેખાંક ૧૮

લોહિમાં લાલાસ લાવનાર, શારીરિક સ્થિતિનું સમતોલપણું સાચવનાર, ચામડીને ચિકાસથી ચળકાવનાર, દૃષ્ટિના દોષોને દબાવનાર, બુદ્ધિ બળ બક્ષનાર, પથ્ય પદાર્થોને પચાવનાર, એવી અમુલ્ય વસ્તુ આ શરીરમાં રહેલી પિત્ત ધાતુ છે. પિત્તને ઉત્પન્ન કરવાનું કાર્ય કરનાર અવયવ યકૃત અને કલેજું છે. એટલે યકૃત એ અતિ અગત્યનું અવયવ છે. તેને નિરોગી રાખવું એ માનવી માત્રની પ્રથમ ફરજ છે.

યકૃત, પિત્તાશય, પિત્તની કોથળી, કલેજું-કાળજું કાળખંડ અને તલ્લી એમ વિધવિધ નામે ઓળખાય છે. છાતી અને પેટને જુદા પાડતા ઉદર પટલ નામના પડદાની નીચે જમણી બાજુ છેલ્લી પાંસળીઓ નીચે આશરે બશેર જેટલા વજનનું લોહિમાંથી બનેલું મોટું પિંડ છે. લંબાઇ એક વેંત અને પહોળાઇ છ તસુ આશરે છે. બાજરાના દાણા જેવા અસંખ્ય દાણાઓથી બનેલું છે. ઘણા પરમાણુનો સમુહ એકઠો થઇ દાણો બનેલો છે. દરેક દાણાની અંદર ચુરણ જેવો પદાર્થ, પરમાણુ અને ચિકાસ રહેલા છે. અકેક પરમાણુમાં પિત્ત પેદા કરવાની અકળ કળા અદ્‌ભુત શક્તિ, સચવાએલી છે. આવી રીતે વ્યાપક રીતે પેદા થએલું પિત્ત નસ દ્વારા પિત્તની કોથળીમાં એકઠું થાય છે. અહિથી નાના આંતરડામાં પિત્ત દાખલ થાય છે અને આ પિત્તની ભરપુર મદદથી આંતરમાં પાચનક્રિયા ચાલે છે હોજરીમાં પાચન થએલ પદાર્થમાંથી બનેલ રસ નામની પહેલી ધાતુ અને આંતરમાં પાચન થઇ ઉત્પન્ન થએલ રસ શરીરમાં રહેલી નાડીઓનું મૂળ કે જેનું નામ બરોળ કહેવાય છે. તેમાંથી નીકળેલી અને ડુંટી કૂર્મ ચક્રને વિંટાઇ ઉપર હૃદય તરફ જતી મોટી નાડી ધમની યકૃતમાં દાખલ થાય છે, અને તેમાંથી શાખા પ્રશાખાઓ પ્રસરી કલેજાના દાણાની આસપાસ જાળની માફક ગુંથાઇ જાય છે અહિં રંજક નામનું પિત્ત સંમિશ્રણ થાય છે. જેથી લોહી રસમાંથી લાલ રંગનું બની જાય છે, અને ધમની નાડી મારફત હૃદય તરફ જાય છે પિત્ત એ ચિકણું પ્રવાહી છે ગરમ, પાતળું, પીળું અને લીલું છે. સત્ત્વગુણથી ભરપુર છે તીખા અને કડવા રસનું સંયોજન છે.

બરોળ, પ્લીહા એ જઠરની નીચે ડાબી બાજુએ પાંચ તસુ લાંબી, અને ત્રણ તસુ પહોળી લોહિથી બનેલી ગ્રંથી છે. બરોળ પોચી, બરડ અને છિદ્રોવાળી છે. બરોળની અંદર લોહીના લાલ અને શ્વેત કણની જાળ ગુંથણી જેવો માવો મજ્જા હોવાથી પ્લીહા કહેવાય છે. બરોળ એ નસોનું ઉત્પત્તિ સ્થાન યાને મૂળ છે. ધમની અને શીરાની શરૂઆત અહિં થાય છે. રક્તમાં ફરતાં ફરતાં નિર્બળ થઇ ગએલા યાને મૃતક તુલ્ય બનેલા લાલ કણોનો

બરોળમાં નાશ થાય છે. એટલે કે બિન ઉપયોગી અશુદ્ધિથી હોજરી શરીરની રક્ષા કરે છે ઉપરાંત શ્વેત કણો ઉત્પન્ન કરે છે. જે શ્વેત કણો શરીરની સર્વોત્તમ સાચવણી કરે છે. ઝેરી અસર નાબુદ કરે છે. સડો અને જંતુની ઉત્પત્તિ થવા દેતા નથી. બરોળ એ લોહીનો ભંડાર છે. તેને કૌલુ પણ કહેવામાં આવે છે. રક્તવાહિની નસોનું મૂળ બરોળ છે. પિત્ત અને રક્તનું મૂળ કલેજુ છે.

**जलवीहि शिरामूलं तृष्णा श्छादनकं तिलं**

(શારંગધર)

શરીરના લોહીના કિટમાંથી ઉત્પન્ન થઇ જમણી બાજુ રહેલ યકૃતના સ્થાને તિલ નામે એક સ્થાન છે તેને કલોમ કહેવાય છે, જે જળવાહિ નસોનું મૂળ છે ને તૃષા પ્યાસ લગાડે છે. તેનું આચ્છાદન ઇચ્છા પૂરી કરે. તૃષા ભાંગે છે.

**मेधावी निपुण मतिर्विगर्ह्यवक्ता**
**तेजस्वी समितिषुदुर्निवारवीर्यः**
**सुप्तःसनकनकपलाशकर्णिरायन्**
**संपश्यरेपि हुतासविद्युदुल्कान.**
**नभयात्प्रणमेदनतेपवमृदुः**
**प्रणतेष्वतिसांत्वनदानपरः**
**भवतीहसदाऽव्यथितास्थगतिः**
**सभवेदिहपित्तकृतप्रकृतिः** (નાડી જ્ઞાન)

જે મનુષ્ય પવિત્ર, ચતુર બુદ્ધિમાન, હિંમતથી બોલનાર, તેજસ્વી પરાક્રમી, સુવર્ણ પલાસ, કર્ણિકારવૃક્ષ, અગ્નિ, વિદ્યુલતા, તારાનું પતન શાસન કરનાર, શરણે આવેલાનું રક્ષણ કરનાર, અને જેની ગતિ અવ્યથિત હોય આ લક્ષણો પિત્ત પ્રકૃતિના છે.

કલેજાનું મુખ્ય કામ પિત્ત ઉત્પન્ન કરવાનું અને લોહિને શુદ્ધ બનાવવાનું છે. પિત્તનું મુખ્ય કાર્ય (૧) શરીરની ગરમી પ્રમાણસર સાચવવી (૨) પાચન કાર્યને ભરપૂર મદદ કરવી (૩) રક્તની ઉત્પત્તિ અને વૃદ્ધિ કરવી (૪) શરીર સ્વાસ્થ્ય સાચવવું (૫) જુદાજુદા રસો તૈયાર કરવા (૬) શરીરને ઉપયોગી પદાર્થો પુરા પાડવા (૭) નિરૂપયોગી પદાર્થોને મળ-મૂત્ર અને પરસેવા દ્વારા બહાર કાઢવા. કલેજું એ શરીરમાં રહેલી રસાયનશાળા છે.

પિત્ત પાંચ પ્રકારે શરીરમાં રહે છે.

(૧) **પાચક પિત્ત** : હોજરીમાં ખાદ્ય અને પેય પદાર્થોનું પાચનકર્તા અને ચોષ્ય ચુસવાનું કામ કરે છે.

(૨) **ભ્રાજક પિત્ત** : ચામડીની કાંતિ ઉપજાવનાર લેપો, તેલો, મસળવાથી પચાવાનું કામ કરે છે.

(૩) **રંજક પિત્ત** : યકૃતમાં રહી રસમાંથી લોહિ ઉત્પન્ન કરી લોહીને રંગે છે.

(૪) **આલોચક પિત્ત** : આંખમાં રહી દૃષ્ટિ સમર્પે છે. રૂપ રંગનાં દર્શન કરાવે છે.

(૫) **સાધક પિત્ત** : હૃદયમાં મેધા અને પ્રજ્ઞારૂપી બુદ્ધિ ઉત્પન્ન કરે છે.

દાડમની પક્વ કળીસમ ઉજ્વળ, સુંદર, સ્વચ્છ મજબુત દાંતની બત્રીશી, સુડોળ નાશીકા, ચમકતી આંખો, અષ્ટમીના ચંદ્ર સમાન શોભતું તેજસ્વી લલાટ, આવા સુંદર સુશોભિત મુખારવિંદમાંથી છુટતી ગંધાતી બદબો, યા ઉચ્છ્વાસ દ્વારા બહાર નિકળતો દુર્ગંધમય અંગાર વાયુ દુષિત વાયુ જે ભયંકર રોગોત્પાદક છે. આનું મૂળ યકૃતની અશક્તિમાં સમાએલું છે. પાચનતંત્રમાં પ્રસરેલો સડો છે.

યકૃતની લોહી ઉત્પન્ન કરવાની તાકાત શિથિલ બનવાથી લોહીની તાકાત તુટે છે અને પિત્તરસની ઉષ્ણતા કમતી થાય છે. પિત્તરસમાં રહેલા સડાને અટકાવવાની શક્તિ ઓછી થવાથી પાચનતંત્રમાં ભેગા થતા વિજાતીય દ્રવ્યો, કેઈ પદાર્થોમાં રહેલા ઝેરી તત્ત્વો, અને આહારથી ઉત્પન્ન થતી અશુદ્ધિઓ વ્યાપકપણે ફેલાતી જાય છે. લોહિની અને પિત્તની આંતરિક શક્તિ ઓછી મળવાથી અપાન વાયુનું જોર વધે છે. ઉર્ધ્વગતિનો દુઃષિત વાયુ (ગેસ) દુર્ગંધ રૂપે મુખમાંથી બહાર નીકળે છે અને શરીરના દરેક કિંમતી અવયવોને પારાવાર પરેશાની પહોંચાડે છે.

તમાકુનું વ્યસન પ્રજામાં અનેક ઘણું વધી રહ્યું છે, કોઇ ચાવે છે, કોઇ ઘસે છે, કોઇ સુંઘે છે, કોઈ પીવે છે; તમાકુમાં રહેલું માદક ઝેર થુંક ઉત્પન્ન કરનારી મુખમાં રહેલી, પાચન કરનારી લાળ ગ્રંથીઓને નિર્બળ બનાવે છે અને લાળ થુંક જેવા અમીરસને નિર્બળ પાતળા, ઝેરમિશ્રિત બનાવે છે. હોજરીમાં જતાં ખોરાકને શુદ્ધ ઘટ થુંક નહિ મળવાથી પાચનક્રિયા શિથિલ બને છે. તમાકુ ચાવતા અને ઘસતાં થુંક પાતળું થવાથી લાળ વધારે ઝરે છે અને તેથી થુંકી નાંખવું પડે છે પરિણામે અમૃત જેવા અમીમય થુંકની શરીરને ખોટ પડે છે. તમાકુની ધુણીમાંથી પ્રસરતું ઝેર ધુમાડી દાંત, પેઢા, નાક, આંખ, કાન, ગળું, સ્વરનાડી અને જ્ઞાન તંતુની શક્તિ સંહરે છે. અંધાપો, બ્હેરાપણું, સ્વાદ તથા વાસ પારખવાની શક્તિ ક્ષીણ કરે છે. નિરોગી, મજબુત યકૃત તમાકુના ઝેરથી ભેગી થએલી અશુદ્ધિને કાઢી નાંખવાનું બાળી નાંખવાનું પિત્ત (અગ્નિ) દ્વારા સશક્તિથી મહાન કાર્ય કરે છે. પરિણામે યકૃતની ઘણી શક્તિ તમાકુના ઝેરના નાશમાં રોકાવાથી પિત્ત પુરતા પ્રમાણમાં ગ્રહણીમાં ઠલવાતુ નથી. પુરતા પ્રમાણમાં શુદ્ધ લોહિ હૃદયને મલતું નથી. પરિણામ એ આવીને ઉભું રહ્યું છે કે, શરીરની અમુલ્ય અતિ કિંમતી, અતિ રક્ષણકારી સાતે ધાતુઓ પુરતા પ્રમાણમાં ઉત્પન્ન થતી નથી. જેના લીધે નિરોગિતા જે દેહનો ધર્મ છે તે આજે આશ્ચર્ય બની ગયું છે. ભૂતકાળમાં વિજ્ઞાન જ્યારે આટલું આગળ આવ્યું ન હતું ત્યારે રોગોનું પ્રમાણ થોડું હતું. જ્યારે આજે લીવર (યકૃત)ના દરદોને માટે વૈજ્ઞાનિક રીતે હિંસક ઔષધો તૈયાર થવા લાગ્યા. જેમાં મુખ્યત્વે તંદુરસ્ત, તાજા, કુમળા ઘેટાના લીવરમાંથી જ દવાઓ તૈયાર થવા માંડી. આ ઘોર હિંસાનું ફળ કર્મ સત્તાએ 'હાથ પગ દોરડી અને પેટ ગાગરડી' જેવા લીવરના ભયંકર દરદોથી રોગીષ્ટ બાળકો આંખ સામે દેખાડી હિંસાનું ભયંકર પ્રત્યક્ષ ફળ બતાવ્યું છે.

ઉપરાંત સ્વચ્છંદી આહાર–વિહાર, ઘણું ખાવું, ઉતાવળથી ખાવું, આરોગ્ય, અભક્ષ્ય, અપેય, આહાર–વિહાર, અયોગ્ય આચાર–વિચાર, અધિક પરિશ્રમ, ચિંતાયુક્ત મન, ક્ષીણતા, બહુ મદ્યપાન, વિષમ જ્વર, રક્તાશયના રોગ–ઉપદંશ વગેરે કારણોથી લીવર યકૃતમાં લોહિનો જમાવ, પાક, સોજો, વિસ્તાર અને સંકોચ, કમળો અને પાંડુ, ઉદરની નસોમાં અવરોધ થતાં જલ સંચય યાને જલોદર પણ ઉત્પન્ન થાય છે. અપચો, ચિડિયાપણુ, જીર્ણ જ્વર, પેટનું ફુલવું, ભુખરા કે ઘેરા ઝાડા, મંદાગ્નિ કબજીયતિ, લોહિની તંગી, ફીકાસ, આ બધી ફરિયાદો યકૃતની બિમારી સુચક છે.

## ઉપચાર

(૧) પિત્તના પ્રકોપમાં શરીર ગરમ દેખાય છે, આંખો બળે છે મગજમાં ઉષ્ણતા આવે છે, આની શાંતિ માટે હરડેનો અવલેહ સવાર–સાંજ તોલો તોલો લેવો.

(૨) આરોગ્ય વર્ધિની રસ દિનદિન ચડતી માત્રાએ લેવી અને ફક્ત દૂધ ઉપર રહેવાથી યકૃત અને બરોળના નાના મોટા સર્વ રોગો ઉપસમે છે.

(૩) રગતરોહિડાની છાલ, જવખાર, કરિયાતું. કડુ, મોથા નવસાર, અતિવિખની કળી, સુંઠ સમ ભાગે લઈ ચુર્ણ કરી સવાર સાંજ લેવું.

(૪) પુનર્નવાનુ મૂળ તોલો એક, પાણીમાં વાટી પીવાથી યકૃતનો સોજો મટે છે.

(૫) ખેરની છાલ, ત્રીફળા, લીંબડાની છાલ, કડુ, જેઠીમધ, નસોતર, પરવળ, મસુર સરખે ભાગે લઇ ક્વાથ કરી પીવાથી સારો ફાયદો થાય છે.

(૬) પુનર્નવા, હરડે, લીંબડાની છાલ, હળદર, દારૂ હળદર, કડુ, પટોળ, ગળો અને સુંઠનો ક્વાથ ગૌમૂત્ર મેળવી બત્રીશ દિવસ પીવાથી કલેજાના તથા બરોળના સર્વ વ્યાધિઓ મટી પાચનતંત્ર સુધરે છે.

(૭) ત્રીફળા, ગળો, કડુ, લીંબડો, કરિયાતુ અને અરડુસાનો ક્વાથ ગોળ સાથે પીવાથી કમળો અવશ્ય મટે છે.

(૮) યકૃત પ્લીહો દરારી લોહ, લોહાસવ, કુમારી આસવ, રોહિતકારિષ્ટ મંડુરવટક, શ્રેષ્ઠ ઔષધો છે.

(૯) સુગુણોની શ્રેણીથી શોભતાં, સુજ્ઞાનથી સંપૂર્ણ, સર્વોચ્ચ સહાયના સમર્પક, ગણધર ભગવંતોએ, આવશ્યક ક્રિયાના જે સૂત્રો ગુંથ્યા તેમાં સૌથી નાનું અઠાવીશ અક્ષરનું જ 'ઇચ્છામિ ખમાસણો વંદિઉં જાવણીજ્જાએ નિસિહિઆએ મત્થએણ વંદામિ.' આ ખમાસમણ આપવાનું સૂત્ર રચ્યું છે. સૌથી નાનામાં નાનુ સૂત્ર બળમાં એટલું બધું મહાન છે કે, શરીરને નિરોગી રાખનાર, આના સમાન બીજું કોઈ ઉત્તમ ઔષધ નથી. પ્રાતઃ અને સાયંકાલની આવશ્યક ક્રિયા પ્રતિક્રમણમાં બધા થઇને ખમાસણ પણ અઠાવીશ ગોઠવેલા છે. અઠાવીશ અક્ષર અને અઠાવીશ ખમાસમણ એક અક્ષરનું એક ખમાસમણ કેવી સુંદર અદ્‌ભુત ગોઠવણી કરી છે. ખમાસમણની શરૂઆતમાં ટટાર ઉભા રહી, પેટ ફુલે તેટલું ફૂલાવવું અને જ્યારે 'મત્થએણ વંદામિ' આ સાત શબ્દો સાથે મસ્તક જમીનને અડે ત્યારે પેટને જેટલું દબાય તેટલું દબાવવું આ પ્રમાણે પેટનું સંપૂર્ણ ફુલવું અને ખૂબ દબાવું એ એવી સરસ કસરત છે જે પેટની પોલમાં રહેલા સર્વ અવયવોને સુદૃઢ, નીરોગી અને તંદુરસ્ત રાખશે. પાચનતંત્રને લગતી કોઈ પણ પ્રકારની બીમારી થવા દેશે નહિ. નીરોગીતા પાસે જ છે, સાવ સહેલી છે, આવો અનુભવ થશે.

## પ્રશ્નોત્તરી

પ્રત્યુત્તર મંગાવનારે જવાબી ટીકીટો વૈદ્યરાજ કાંતિલાલ દેવચંદ શાહ, વાયા : ખારાઘોડા મુ. પો. ઝીંઝુવાડા (ગુજરાત) આ સીરનામે મોકલવાથી જવાબ આપવામાં આવે છે.

શાહ પોપટલાલ તલકસીભાઈ લિંછિયા; આપને પિત્ત પ્રકોપ છે. આરોગ્ય વર્ધિની રસ દૂધના પ્રયોગ સાથે બત્રીશ દિવસ કરો. વરિયાળીનો પ્રયોગ સારો છે.

ખોરાકમાં કંદમૂળ, લસણ, ડુંગરી, આદુ, વગેરે ગરમ પદાર્થો નહિ લેવાથી પચવામાં ખામી આવતી હશે એમ આપનું માનવું છે. પણ ભાઇશ્રી, લસણ, ડુંગરી, મરચાં આદિ ઉષ્ણ પદાર્થો યુક્ત આહારથી પ્રકૃતિ ગરમ થાય છે, પ્રકૃતિ ગરમ થતાં વાણી ગરમ થાય છે અને ગરમ કુપિત વાણી અનેક અનર્થો ઉત્પન્ન કરે છે.

વળી અતિ ગરમીયુક્ત દ્રવ્યોનું તેલ કાઢી શરીર ઉપર ચોપડવાથી ફોલ્લા ઉઠી આવે છે. તો પછી ગરમ દ્રવ્યોની શરીરની અંદર રહેલા સુકોમળ, પાચન અવયવોને કેટલા બાળી નાંખે ? કેટલો દાહ ઉત્પન્ન કરે ? દાહક દ્રવ્યોના સેવનથી સડો, વ્રણ અને દાહક કેન્સર જેવા જાલીમ રોગો ઉત્પન્ન થાય. માટે જ શાસ્ત્રકાર ભગવંતોએ દર્શાવેલ આહાર અને ઉણોદરીવ્રત એ સર્વ રીતે શ્રેષ્ઠ છે.


## શ્રી દશાપોરવાડ સોસાયટી જૈન ઉપકરણ ભંડાર.

**[અમદાવાદ-૭]**

**જૈન** જનતાને ધર્મસાધનામાં ઉપયોગી એવી તમામ વસ્તુઓ અમારા ત્યાંથી કીફાયત ભાવે મળશે. વસ્તુઓ સારી અને સસ્તી ખરીદવા માટે અમારી સાથે પત્ર વ્યવહાર કરો અથવા રૂબરૂ મળો.

**વસ્તુઓનાં નામ:** કેસર, સુખડ, સોના–ચાંદીના વરખ, બાદલો, અગરબત્તી, કટાસણાં, ચરવળા, સુંવાળી સાવરણીઓ...વગેરે.

સરનામું : **જૈન ઉપકરણ ભંડાર,** 'મુક્તિદ્વાર' દશાપોરવાડ જૈન સોસાયટી. : **અમદાવાદ-૭.**

# કલ્યાણકની ઉજવણી ત્યારે જ સાર્થક બને!

**કુ. શ્રી છાયાબ્હેન કેશવલાલ શાહ-મુંબઈ.**

તાજેતરમાં મુંબઇ ખાતે પ્રભુ શ્રી મહાવીર દેવના જન્મકલ્યાણક મહોત્સવ ભવ્ય રીતે ઉજવાયેલ તે પ્રસંગે કુ. શ્રી છાયાબેન શાહે આપેલ મનનીય તથા હૃદયંગમ વક્તવ્યના સારભૂત અવતરણ રજૂ થાય છે.

⊙

મહા પુરૂષોનાં જીવન અને ઉપદેશ પંડીતાઇના પ્રદર્શન માટે હોતાં નથી, તેમનાં જીવન એક વૈજ્ઞાનિકની પ્રયોગશાળા જેવાં હોય છે. અનેક પ્રયોગ દ્વારા તેઓ સનાતન સત્ય મેળવે છે અને વિશ્વના સમસ્ત પ્રાણીગણના કલ્યાણાર્થે પણ પોતાના ઉપદેશ દ્વારા રજૂ કરે છે. પ્રભુ મહાવીરે પણ પોતાના પ્રત્યક્ષ જીવન દ્વારા આ સૂત્રને સિદ્ધ કરી બતાવ્યું. ગોવાળીયાઓએ પ્રભુના કાનમાં શુળ ભોંકી પગ તળે અગ્નિ સળગાવ્યો; છતાં પ્રભુ મહાવીરે આ બધા ઉપસર્ગોને શાંત ભાવે સહન કર્યાં. એટલું જ માત્ર નહીં પણ દુઃખ આપનારને પણ પોતાના પરમ ઉપકારી સમજ્યા અને આપત્તિઓ દ્વારા કર્મનો નાશ કરી તેને સંપત્તિરૂપ બનાવી. ભયંકર ચંડકાશીક નાગે ભગવાનને ડંખ દીધો, પરંતુ પતિતપાવન પ્રભુએ પ્રેમની અમીવર્ષા દ્વારા તેનો પણ ઉદ્ધાર કર્યો. આ રીતે પ્રભુના શત્રુ પણ ધન્ય બની ગયા. પ્રભુના લોહીના ટીપેટીપામાં વિશ્વના સમસ્ત પ્રાણીગણ પ્રત્યે માતૃભાવ જ હતો. તેથી જ તેમના લોહીનો રંગ લાલ નહીં પણ સફેદ હતો. પ્રભુનું આખું જીવન ક્ષમા શાંતિ, વિશ્વપ્રેમથી ભરપુર હતું.

વર્તમાન ભૌતિકવાદના પ્રચંડ ધોડાપુરમાં ઘસડાતાં વિશ્વમાં સબળ નિર્બળનું ભક્ષણ કરે તેવો મત્સ્યગલાગલ ન્યાય વ્યક્તિગત અને સમષ્ટીગત દૃષ્ટિથી ચારે બાજુ ફેલાયો છે. માનવી સ્વાર્થમાં અંધ બની પશુ બની રહ્યો છે અને ગંજાવર, પાયા પર હિંસા કરી રહ્યો છે. ત્યારે પ્રભુ શ્રી મહાવીર દેવનું જીવન આપણને એક દિવ્ય સંદેશ આપે છે કે, 'હે માનવ! પૂર્વ પુણ્યથી પ્રાપ્ત થયેલ સંપત્તિનો તું માલીક નથી પણ ટ્રસ્ટી છે. આ સૂત્રને ભુલી જો તું 'સર્વ'ને ભુલી 'સ્વ'માં જ ફસાઇ જઇશ તો પશુ અને તારામાં ફરક શો? જો મને દુઃખ પસંદ નથી તો બીજાને દુઃખ આપવાનો તને શો અધિકાર છે? આ જગતના બધા જીવો યંત્રના ચક્ર, કાપડના તાણાવાણા અને એક બાગના ફુલ સમાન છે અને તેથી 'સર્વના કલ્યાણમાં જ મારૂં કલ્યાણ' આ સમજી અહિંસા-સત્ય અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ તારા જીવનમાં ફેલાવી દે. દસ દૃષ્ટાંત દુર્લભ માનવભવની એક એક ક્ષણ વિશ્વના સમસ્ત જીવોની ભલાઇ માટે જ વ્યતિત થવી જોઇએ.

ભાઇઓ અને બ્હેનો! દરેક વર્ષે આપણે પ્રભુ મહાવીરનું જન્મકલ્યાણક ઉજવીએ છીએ. જોરશોરથી ભાષણો કરીએ છીએ, પણ પ્રભુ મહાવીરનો કલ્યાણક મહોત્સવ જયંતિ ત્યારે જ સાચી રીતે ઉજવેલ ગણાશે કે જ્યારે પ્રભુ મહાવીર દેવે પ્રબોધેલ જીવન આદર્શો આપણા જીવનમાં ઉતારવાનો દૃઢ સંકલ્પ કરીએ અને તેને જીવનમાં ઉતારવાનો પ્રચંડ પુરૂષાર્થ કરીએ.

**'સર્વ જીવો કર્મને વશ છે.' માનીને કોઇના પણ પ્રત્યે દ્વેષભાવ નહિ રાખતા સમતાભાવે રહેજો! ને રાગ-દ્વેષની પરિણતિને મંદ બનાવીને મધ્યસ્થ બનજો! તો જ સુખી ને સ્વસ્થ રહી શકશો!**

o

**પાથરણા પ્રમાણે પગ તાણવા તે ડહાપણ છે: પુણ્યાઈ પ્રમાણે રહેવું તે સુખી તથા સ્વસ્થ રહેવાનો માર્ગ છે માટે પુણ્યાનુસારે સંસારમાં દરેક પરિસ્થિતિમાં રહેતા શિખજો!**

# આધ્યાત્મિક ઉત્થાન

ધર્મપ્રવૃત્તિઓ દ્વારા ચિત્ત સ્થિરતા સાધ્ય થતાં આત્મા આધ્યાત્મિક દ્રષ્ટિયે ઉત્થાન કરે છે, ચિત્તની એકાગ્રતા પર તથા ચિત્ત શુદ્ધિપર સમગ્ર ધર્માનુષ્ઠાનો નિર્ભર છે; આ હકીકત વિસ્તારપૂર્વક અહિં લેખકશ્રી જણાવે છે ને સાથે ચિત્તશુદ્ધિ માટે શું કરવું જોઈએ તે નિર્દેશે છે. લેખ ખૂબ ઉંડાણથી સહુ કોઈએ વિચારવા જેવો મનનીય છે. લેખનો પ્રથમ હપ્તો અહિં રજૂ થાય છે. બીજો હપ્તો આગામી અંકે પ્રસિદ્ધ થશે.

શ્રી 'અવિનાશી'

જીવન વ્યવહારના કોઈ પણ ક્ષેત્રે સફળતાં પ્રાપ્ત કરવા, અંતિમ ધ્યેયને નજર સામે રાખી, પ્રથમ નજીકના અને પછી દૂરના આદર્શો-લક્ષ્યાંકો નક્કી કરી એક પછી એક એ લક્ષ્યાંકોને સિદ્ધ કરતાં આગળ જવું જોઈએ.

આપણી ધ્યેયસિદ્ધિ મોક્ષ છે, એ-મોક્ષ માટે આત્મજ્ઞાન આવશ્યક છે અને તે ધ્યાનસાધ્ય છે. આત્માનું આંશિક અપરોક્ષ જ્ઞાન થયા પછી વાસ્તવિક શ્રદ્ધા જન્મે છે. એ માટે સર્વત્ર વિખરાયેલી આપણી ચિત્તવૃત્તિઓનો નિરોધ કરી તેને આત્મસ્વરૂપમાં જોડી રાખવાનો અભ્યાસ થવો જોઈએ; અર્થાત્ આત્મજ્ઞાનના અર્થીએ ચિત્તની શુદ્ધિ અને સ્થૈર્ય પ્રાપ્ત કરવા રહ્યાં. કે જેથી ધ્યાનસિદ્ધિ થાય અને તે દ્વારા આત્માનુભૂતિ મેળવી શકાય.

## ચિત્તસ્થૈર્ય

ધ્યાનને સિદ્ધ કરવા પ્રથમ ચિત્ત એકાગ્ર થવું જરૂરી છે. એકાગ્રતા અને આરાધનાને કેવો ગાઢ સંબંધ છે તે પ્રત્યેક મુમુક્ષુએ સારી રીતે સમજી લેવું જોઈએ. કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિ મહારાજ આ વાત સમજાવતાં કહે છે કે,

अनिरुद्धमनस्कः सन् योगश्रद्धां दधाति यः ।
पद्‌भ्यां जिगमिषुर्ग्रामं स पंगुरिव हस्यते ॥

टीका-"अनिरुद्धमनस्कः सन् अहं योगीत्यभिमानं यो धारयति स हस्यते विवेकिभिः ।"

"મનની ચપળતા ઘટાડ્યા વિના, હું યોગી છું." એમ માનનાર વ્યક્તિ વિવેકી પુરુષોમાં હાસ્યપાત્ર બને છે; કારણકે તે માન્યતા પાંગળો માણસ ચાલીને બીજે ગામ પહોંચવાની ઇચ્છા રાખે તેના સરખી છે.

—શ્રી યોગશાસ્ત્ર, પ્ર. ૪. શ્લો. ૩૭

આની વધારે સ્પષ્ટતા કરતાં તેઓશ્રી ટીકામાં આગળ જણાવે છે કે, पादप्रचाररूपो हि मनोरोधस्तदभावे कथं पङ्गुग्रामान्तरजिगमिषातुल्या योगश्रद्धा ।'

'મનનો નિરોધ કરવો એ મુક્તિમાર્ગે ડગલાં ભરવા સમાન છે, માર્ગ ઉપર ડગ ભર્યા વિના બીજે ગામ પહોંચી જવાની ઇચ્છા જેમ કોઇ કરતું નથી, તેમ મનોરોધ કર્યા વિના મુક્તિની ઇચ્છા પણ શી રીતે રાખી શકાય?'

અર્થાત્ ગામ જવાની સાચી ઇચ્છા જેમ પગ ઉપડાવે જ છે, તેમ મુક્તિની સાચી ઇચ્છા સાથે મનોરોધનો પ્રયત્ન આવવો જોઇએ.

મુક્તિ અને મનોરોધ એ બે કાર્ય–કારણ ભાવની સાંકળે સંકળાયેલાં છે. કહ્યું છે કે,

मनश्चापलनिरोधस्य साध्या हि मुक्तिः ।"

"મુક્તિ મનની ચપળતાનો નિરોધ કરવાથી મેળવી શકાય છે."

–શ્રી યોગશાસ્ત્ર ટીકા, પ્ર૦ ૪, શ્લો. ૩૯

અહીં એક વિચાર કરી લેવા જેવો છે. મોક્ષ એટલે શું? કર્મથી અને કર્મના કારણોથી મુકત થવું તે મોક્ષ. કર્મબંધનાં કારણો ન ટળે, અથવા એ મોળાં ન પડે ત્યાંસુધી એક કર્મ ભલે નિર્જરે પણ બીજાં નવાં પુનઃ પુનઃ બંધાયે જશે. તેથી, ત્યાં સુધી મોક્ષ ન થઇ શકે. માટે જ કહ્યું છે કે, "કારણ જોગે હો બાંધે! બંધને, કારણ મુકતે મૂકાય." માટે, મોક્ષાર્થીએ કર્મબંધનાં કારણો દૂર કરવાં જ રહ્યાં.

કર્મબંધનું પ્રધાન કારણ મન છે. કહ્યું. છે કે

मनोरोधे निरुध्यन्ते कर्माण्यपि समन्ततः ।
अनिरुद्धमनस्कस्य प्रसरन्ति हि तान्यपि ॥

"મનનો નિરોધ કરવાથી કર્મોનો પણ નિરોધ થઇ જાય છે. જેનું મન નિરુદ્ધ નથી (અર્થાત્ જેનું ચિત્ત વિકલ્પોથી ઘેરાયેલું છે) તેના કર્મો પણ વૃદ્ધિ પામતાં રહે છે."

શ્રી યોગશાસ્ત્ર. પ્ર. ૪. શ્લો. ૩૮

મનનો રોધ તો કર્મનો નિરોધ અને મનનો પ્રસાર તો કર્મનો પણ વિસ્તાર. "मनोरोधायत्तत्वात् कर्मरोधस्य, मनःप्रसराधीनत्वात् कर्म प्रसरस्य ।"—(શ્રી યોગશાસ્ત્ર ટીકા પ્ર. ૪ શ્લો.-૩૮) આમ આ બેને પરસ્પર ગાઢ સંબંધ છે.

કર્મ નિર્જરા પણ મનના નિરોધ સાથે સંબંધ રાખે છે.

"જેતલઇ મન સ્થિર થિઉ તેતલઇ અનેક કર્મતણા સમોહ (સંમોહ સમૂહ ?) ક્ષય કરઇ છે."—(શ્રી યોગપ્રદીપ બાલાવબોધ શ્લો. ૧૩૮) અર્થાત્ જેટલી મનઃસ્થિરતા તેટલી કર્મનિર્જરા.

આમ મુક્તિ–સાધનામાં ચિત્તનિરોધનું આગવું સ્થાન હોવાથી, જ્ઞાનીઓ ચિત્તને એકાગ્ર કરવાની પ્રેરણા અને સલાહ મુમુક્ષુઓને સદા આપતા રહ્યા છે.

शुभस्थैर्येण चेतसः विजयेतार्त्तरौद्रे च संवरार्थं कृतोद्यमः ।"

"धर्मध्यानकृते पश्चात् मनः कुर्वीत निश्चलम्"

શ્રી યોગશાસ્ત્ર

"....સંવર માટે પ્રયત્નશીલ યોગીએ, શુભમાં ચિત્તની સ્થિરતા વડે આર્તરૌદ્રધ્યાનને જીતી લેવાં."

"....પછી, ધર્મધ્યાનની પ્રાપ્તિ માટે મનને નિશ્ચલ કરવું." આમ, આર્ત–રૌદ્ર ધ્યાનના વિજયાર્થે અને ધર્મધ્યાનની પ્રાપ્તિ અર્થે મનની એકાગ્રતાની આવશ્યકતા સમજાવી, શ્રી હેમચંદ્રસૂરિ મહારાજ આત્માર્થી સાધકને ભલામણ કરતાં કહે છે કે,

मनः कपिरयं विश्वपरिभ्रमणलम्पटः ।
नियन्त्रणीयो यत्नेन मुक्तिमिच्छुभिरात्मनः ॥

"આખા વિશ્વમાં ઘૂમી વળવાની લતવાળા આ મનમર્કટનું મુમુક્ષુ આત્માઓએ યત્નપૂર્વક નિયંત્રણ કરવું."

–શ્રી યોગશાસ્ત્ર પ્ર. ૪ શ્લોક ૩૯.

तपः श्रुतयमज्ञान-तनुक्लेशादि संश्रयम् ।
अनियन्त्रितचित्तस्य स्यान्मुनेस्तुषखण्डनम् ॥
अतस्तदेव संरुध्य कुरु स्वाधीनमञ्जसा ।
यदि छेत्तुं समुद्युक्तस्त्वं कर्म निगडं दृढम् ॥
एक एव मनोरोधः सर्वाभ्युदयसाधकः ।
यमेवालम्ब्य संप्राप्ता योगिनस्तत्त्वनिश्चयम् ॥

"જેણે પોતાના ચિત્તનું નિયંત્રણ કર્યું નથી તેનાં તપ, શ્રુત, વ્રત, જ્ઞાન અને કાયક્લેશાદિ બધું ફોતરાં ખાંડવાં સમાન (નિઃસાર) છે.

માટે, હે મહાભાગ! તું જો કર્મની પોલાદી બેડીને તોડવા તૈયાર થયો હો તો બધા વિકલ્પોને રોકીને મનનેજ શીઘ્ર સ્વાધીન કરી લે.

(કારણ કે.) એકલો મનોરોધ જ સર્વ ઉન્નતિનો સાધક છે, એના આધારે જ યોગીઓએ તત્ત્વનિશ્ચય–આત્મજ્ઞાનની પ્રાપ્તિ કરી છે."

–શ્રી જ્ઞાનાર્ણવ, સર્ગ. ૨૨.

"જેમ ધનવાન ધનનો સંચય કરતો કરતો લાખ ક્રોડ સુધી ધન એકઠું કરે છે, તેમ યોગીપુરુષ હોય તે સદા મન એકઠું કરવાનો અભ્યાસ કરે....અને (પછી) તે યોગીપુરુષ પોતાના એકાગ્ર બનેલા ચિત્તની આત્મામાં સ્થિતિ (સ્થિરતા) કરે."

"જે યોગીશ્વર પુરુષ હૂઇ તેહ આપણૂં એકચિત્ત આત્માની સ્થિતિ કરઇ...યથા ધનવંત ધન મેલીનઇ એકઠઉં લિક્ષકોડિ લગઇ-મેલઇ તિમ યોગીપુરુષ હૂઈ તેહ સદાઈ મન એકઠું કરવાનઉ અભ્યાસ કરઇ."

–શ્રી યોગપ્રદીપ બાલાવબોધ, શ્લો. ૮૧

'कृताभ्यासो यथा धन्वी लक्ष्यं विध्यति तन्मनाः ।
एकचित्तस्तथा योगी वांछितं कर्म साधयेत् ॥"

"જેમ નિશ્ચિત કરેલ લક્ષ્યમાં તન્મય બનેલ અભ્યાસી ધનુર્ધારી તે લક્ષ્યને વિંધે છે, તેમ એકચિત્ત બનેલો યોગી ઇચ્છિત–કર્મને સાધે."

શ્રી યોગપ્રદીપ, શ્લો. ૮૧

"જિમ મનતણઉ વ્યાપાર મૂંકઇ અનઈ એહ અભ્યાસ કરતાં જેતલઈ અનમનીભાવ [ઉન્મનીભાવ] આવિઉ તેતલઇ અનુક્રમિ તત્ત્વપદ પામે છે. અનઇ જેતલઈ તત્ત્વપદ પામઇ તેતલઇ આત્મા સંસાર થિકી મૂંકઈ. ઇમ જાણીનઇ મનતણઉ વ્યાપાર સદાઇ મૂંકવાનું અભ્યાસ કરવઉ."

–શ્રી યોગપ્રદીપ બાલાવબોધ, શ્લોક ૯૩

ક્રમે ક્રમે, ચિત્તસ્થિરતાનો અભ્યાસ વધતાં જ્યારે સાધક એમાં સારી નિપુણતા મેળવે છે ત્યારે તે પોતાના એકાગ્ર બનેલ ચિત્તને આત્મામાં સ્થિર કરી લય અવસ્થા પ્રાપ્ત કરે છે અને આગળ વધતાં સ્વાનુભૂતિ મેળવી આત્મજ્ઞાનનો દિવ્ય પ્રકાશ પામી શકે છે.

### ભાવ–અનુષ્ઠાન

આમ, આત્મવિકાસની ઉપરની ભૂમિકાઓની પ્રાપ્તિ ચિત્તસ્થૈર્ય ઉપર અવલંબે છે. તેથી, આપણી પ્રત્યેક ધર્મક્રિયામાં ચિત્તની એકાગ્રતાની–ઉપયોગની–આવશ્યકતા સ્વીકારાઇ છે. આપણા અનુષ્ઠાનોમાં માત્ર કાયિક ક્રિયાનું ધ્યેય નથી, એની સાથે ચિત્તની કેળવણી પણ ઉદ્દિષ્ટ છે. દરેક અનુષ્ઠાનમાં ચિત્તની એકાગ્રતા–ઉપયુકતતા એ પહેલી શરત છે. 'अनुपयोगो द्रव्यम् ।" અને પ્રણિધાનાદિ આશય

વિનાની ક્રિયાને "द्रव्यक्रिया तुच्छा...अभिलषितफलासाधिका" કહીને પણ પ્રત્યેક અનુષ્ઠાનમાં મનની એકાગ્રતાની આવશ્યકતા શાસ્ત્રો પોકારી પોકારીને જણાવે છે.

શ્રી અનુયોગદ્વાર સૂત્રમાં સૂત્રકાર મહર્ષિ ભાવ-આવશ્યકની સમજ પાડતાં કહે છે કે

"से किं तं लोगुत्तरिअं भावावस्सयं,? लोगुत्तरिअं भावावस्सयं, जण्णं इमे समणे वा समणी वा सावओ वा साविआ वा तच्चित्ते तम्मणे तल्लेसे तदज्झवसिए तत्तिव्वज्झवसाणे तदट्ठोवउत्ते तदप्पिअकरणे तब्भावणाभाविए अण्णत्थ कत्थइ मणं अकरेमाणेउ लओ कालं आवस्सयं करेंति, से तं लोगुत्तरिअं भावावस्सयं।"

સૂત્ર ૨૭

"લોકોત્તર ભાવાવશ્યક કોને કહેવું?.... સાધુ, સાધ્વી, શ્રાવક કે શ્રાવિકા, ઉભય ટંક, તન્મય થઈને........ચિત્તને બીજે ક્યાં પણ જવા દીધા વિના જે આવશ્યક કરે છે તે લોકોત્તર ભાવ-આવશ્યક સમજવું." આથી સમજાશે કે પ્રતિક્રમણમાં હાજરી આપવી અને કટાસણા, વગેરેનો યથાસ્થાન ઉપયોગ કરવો તથા કાયાના દોષો ટાળવાની કાળજી રાખવી, એ બધું જરૂરી છે; તેમ ચિત્તના દોષો પણ જાણી, એ ટાળવાની કાળજી પણ એટલી જ બલ્કે એથી અધિક જરૂરી છે.

ક્રિયા વખતે વચ્ચે વચ્ચે મન બીજે જતું રહે એને શાસ્ત્રકારોએ, ચિત્તના આઠ દોષો પૈકી એક-ક્ષેપ-દોષ કહ્યો છે; અને એ દોષ ટળે નહિ ત્યાંસુધી કદી પણ તે ચિત્ત યોગ-નિષ્પત્તિ કરી શકે તેવું બનતું નથી, એવી સ્પષ્ટ ચેતવણી પણ તેઓએ ઉચ્ચારી છે.

"क्षेपेऽपि चाप्रबन्धादिष्टफलसमृद्धये न जात्वेतत्।"

શ્રી ષોડશક ૧૪ શ્લોક ૬

"एतच्चेह प्रवरं कृषिकर्मणि सलिलवज्ज्ञेयम्।"

"ધર્મારાધનામાં એકાગ્રતા એ પ્રધાન કારણ છે, જેમ ખેતીમાં પાણી."

શ્રી ષોડશક ૧૪. શ્લોક ૪

વરસાદ થાય તો કરેલી ખેતી સફળ થાય, તેમ ચિત્ત એકાગ્ર થાય તો યોગસાધના-ધર્મક્રિયા-ફળે.

આમ, કોઈપણ ધર્માનુષ્ઠાનને ભાવ-અનુષ્ઠાન સુધી પહોંચાડવા માટે તેમાં ચિત્તની સ્થિરતા આવશ્યક છે. ચિત્તની એકાગ્રતાનું આરાધનામાં આટલું બધું મહત્ત્વ છે. તો પછી, આપણી ધર્મક્રિયામાં, પ્રારંભિક અભ્યાસકાળમાં નિભાવી લેવાતી એ ક્ષતિ-અનુપયુક્તતા—, વર્ષો વીતતાં પણ ન પૂરાય એ શું ઊંડો વિચાર માગી લેતો પ્રશ્ન નથી? આરાધનાના પ્રધાન અંગની આ ખોટ દૂર કરવા માટે પ્રબળ પ્રયાસ થવો શું જરૂરી નથી?

સામાન્ય રીતે, કોઈપણ કામમાં માણસ જેમ જેમ પલોટાતો જાય-એની 'પ્રેકટીસ' વધતી જાય તેમ તેમ તે તેમાં પાવરધો થતો જાય-નિપુણતા મેળવતો જાય છે. તો, ધર્મારાધનામાં વર્ષો વીતવા છતાં આપણી ધર્મક્રિયામાં એકાગ્રતા કેમ નથી આવતી? ચિત્તની સુધારણામાં પરિણમનારાં ધર્માનુષ્ઠાનો વર્ષો સુધી કરવા છતાં ચિત્તની સ્થિતિમાં વાસ્તવિક સુધારો થતો ન જણાતો હોય તો, પોતાની સાધનાના ચક્રો-Machinery- કોઈક ઠેકાણે સમારકામ માગે છે, એમ શું નિશ્ચિત નથી થતું? અહીં જ્યાં જ્યાં મનનો વિરોધ કરવો એમ જણાવ્યું છે ત્યાં તાત્પર્યથી અશુભમનનો નિરોધ સમજવો. (-ચાલુ)

# ઓમ્ અને અર્હં વિષે વિચારણા

**વૈદ્યરાજ શ્રી માહેશ્વર નંદલાલ આયુર્વેદાચાર્ય : વીરમગામ.**

ઓંકાર અને 'અર્હં' વિષે કેટલીક ઉપયોગી તાત્વિક વિચારણા વૈદ્યરાજ અત્રે રજૂ કરે છે. 'કલ્યાણ' માટે ખાસ તૈયાર કરેલ આ ટુંકા પણ મહત્વના લેખમાં લેખકશ્રી 'ઓંકાર તથા અર્હં' વિષે જે કાંઇ જણાવે છે. તે સર્વ કોઇને મનન કરવાનો આને અંગે ઉપયોગી વિચારણા રજૂ કરવા અમારો વિનમ્ર આગ્રહ છે.

'ओमकारं बिंदुसंयुक्तं. नित्यं ध्यायन्ति योगिनः ।
कामदं मोक्षदं चैव, ओमकाराय नमो नमः ॥१॥

પ્રણવરૂપી 'ઓમ્કાર' ભારતવર્ષની સંસ્કૃતિમાં સર્વમાન્ય પરમાત્મવાચક એકાક્ષરી મંત્ર છે. જૈન સાહિત્યમાં પણ તેનું સ્થાન વિશિષ્ટ છે, તે બાબત આ લેખ વાંચવાથી સ્પષ્ટ થશે.

'अर्ह मित्यक्षरं ब्रह्म ।,
'ओमित्यक्षरं ब्रह्म ।'

સિદ્ધચક્ર પૂજન ઇત્યાદિ પ્રયોગ–વિધાનમાં ('ओं' 'अर्हं' ) ઇત્યાદિ મંત્રો- મૂકવામાં આવે છે, તેનું કારણ શું ? તે ખાસ જોવું જોઇએ.

૧. પ્રણવરૂપી અક્ષર 'ઓમ્' તે બ્રહ્મ (પરમાત્મા) વાચક છે, અને 'અર્હં' શબ્દ પણ બ્રહ્મ [પરમાત્મા] વાચક છે; એટલે તે બન્ને શબ્દો બ્રહ્મસ્વરૂપ પરમાત્માને જણાવે છે. માટે 'ઓમ્કાર' એ 'અર્હં' રૂપે છે અને 'અર્હં' એ 'ઓમકાર' રૂપે છે. અર્થાત્ 'ઓમ્'કારના વર્ણનથી 'અર્હંકાર'નું જ વર્ણન થાય છે અને અર્હંકારના વર્ણનથી ઓમકારનું વર્ણન થાય છે. આનું નામ સંસ્કૃત સાહિત્ય મુજબ 'सामानाधिकरण्य' કહેવાય છે. અર્થાત્ ભિન્ન ભિન્ન શબ્દોની એક જ અર્થને વિષે પ્રવૃત્તિ કે સંકલના. આથી સાબીત થયું કે 'ઓમ્કાર' અને 'અર્હંકાર' એક જ ધ્યેયને પ્રતિપાદન કરે છે.

ઉપરોક્ત શ્લોકમાં 'ઓમ્કાર' નાં બે વિશેષણો છે. 'कामदं' અને 'मोक्षदं' એટલે કામનાઓને આપનાર તેમજ મોક્ષને આપનાર, ત્યાં નીચે મુજબ આશય સમજવો.

શાસ્ત્રકારો 'योगिनः' પદ મૂકે છે. યોગારૂઢ 'ઓમ્કાર'નું ચિંતવન કરે, તેને કામનાઓની ઇચ્છા હોય નહીં છતાં આરૂરૂક્ષુ યોગીને સંસારના અનાદિ પ્રવાહના કારણે લૌકિક પદાર્થો ઉપર કારણવશાત્ ઇચ્છા જાય તો તે પણ પૂરી કરે છે અને અવશ્ય મોક્ષ સુખ આપે છે.

'ઓમ્કાર' તેમજ 'અર્હંકાર'નું સામંજસ્ય, ઓમ્કારમાં ત્રણ પાદ છે. अ–उ–म् અર્હંકારમાં પણ ત્રણ પાદ છે. अ–र्–ह પાદ નામ છે માત્રાનું. ત્રણ પાદથી બોધન નીચે મુજબ છે.

૨. अ કાર–કોઇપણ વ્યંજન બોલીએ તે હલ્ હોય છે. જો તેમાં સ્વર अकार મળે તો જ પૂર્ણ ઉચ્ચાર થાય છે. ત્યારે अ કાર કોઇ પણ વર્ણના અવલંબન સિવાય સંપૂર્ણ રીતે બોલાય છે એટલે પૂર્ણરૂપે છે. ભગવદ્ગીતામાં પણ કહ્યું છે કે अक्षराणामकारोऽस्मि । અક્ષરોમાં अकार પરમાત્મવાચક છે.

ઉકાર તૈજસ વાચક છે. અર્થાત્ પરમાત્માની શકિત રૂપે છે. અર્હંમાં પણ ર્ અગ્નિબીજ છે, એટલે તૈજસ છે.

મકાર સ્પર્શ વ્યંજન છે એટલે પ્રાણવાયુ રૂપે શરીરમાં બધે ઓતપ્રોત છે. તેવી રીતે અર્હંમાં જે હ્કાર છે, તે મહાપ્રાણ છે, એટલે પ્રાણવાયુની સાથે હ્કારને નિકટનો સંબંધ છે. જેવી રીતે મકારને છે તેવીજ રીતે હ્કારને પણ છે.

**ખાસ તાત્પર્ય**

ઓમ્કારનું વધારે માહાત્મ્ય વેદસાહિત્યમાં છે. અને અર્હંકારનું વધારે માહાત્મ્ય જૈન સાહિત્યમાં છે. બીજા ઉચ્ચારો અને નામ કરતાં આ બેનું વધારે માહાત્મ્ય હોવાનું સબળ કારણ નીચે મુજબ છે.

મનની સ્થિરતા કરવામાં 'પ્રાણાયામ' તે અમોઘ સાધન છે, અને તે પ્રાણાયામ આ અક્ષરોથી સહજ સાધ્ય છે. જેમકે–

૩. અ કારથી પ્રાણવાયુનો પૂરક કરવો, એટલે અંદર લેવો.

ઉ કારથી પ્રાણવાયુનો કુંભક કરવો એટલે રોકવો.

મ કાર અથવા હ્ કારથી પ્રાણવાયુનો રેચક કરવો એટલે મુક્ત કરવો. મ કાર અને હ્કારનો ઉચ્ચાર કરવાથી પ્રાણવાયુ સંપૂર્ણ શરીરમાંથી બહાર નિકળે છે. આનાથી મનની વૃત્તિઓ શુધ્ધ થાય છે વળી કહ્યું છે કે–

न रीक्यते मनो जेतुं विना युक्तिमनिन्दिताम् ।
अंकुशेन विना मत्तो यथा दुष्टतमो गजः ॥१॥

અર્થઃ–દુષ્ટ હાથી જેમ અંકુશ વિના તાબે થતો નથી તેમ ઉતમ યુકિત વિના આ મનનો નિગ્રહ કરવો અશકય છે. ઓમકાર અને અર્હંકાર એ મનનો વિજય કરવા માટે યોગ્ય યુકિત પુરી પાડે છે. તેનો ઉપયોગ કરવાથી મનરૂપી દુષ્ટ પતંગ જ વશ થાય છે.


## તત્ત્વ જિજ્ઞાસુઓને અમુલ્ય તક

તત્ત્વાર્થ–કર્મગ્રંથાદિક ધાર્મિક તત્ત્વજ્ઞાન તેમજ સંસ્કૃત, પ્રાકૃત વગેરેનાં અભ્યાસ કરવા ઇચ્છનાર મેટ્રીક અગર તેથી વધુ અભ્યાસ કરેલ માત્ર **દશ** વિદ્યાર્થીઓ ત્રણ વર્ષની ગેરંટીથી દાખલ કરવામાં આવશે.

રહેવા તથા ભોજન વગેરેની બધી સગવડો સંસ્થા તરફથી ચાર્જ વિના આપવામાં આવશે. તદુપરાંત પહેલા, બીજા અને ત્રીજા વર્ષમાં અનુક્રમે માસિક દશ–પંદર તથા વીશ રૂપિયા સ્કોલરશીપ તરીકે આપવામાં આવશે.

તેમજ–ગુજરાતી અથવા હિંદીભાષાનાં ઓછામાં ઓછાં પાંચ ધોરણ પાસ થયેલ તેમજ ઓછામાં ઓછી તેર વર્ષની ઉંમરવાળા **વીશ** વિદ્યાર્થીઓને સ્કોલરશીપ વિના ઉપરની તમામ સગવડો સાથે દાખલ કરવામાં આવશે.

માટે દાખલ થવા ઇચ્છનારે તા. ૩૧–૫–૬૩ સુધીમાં પ્રવેશફોર્મ મંગાવી ભરી મોકલવાં. વિશેષ હકીકત માટે મળો અગર લખો.

**શ્રીમદ્ યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા**
**અને શ્રી જૈન શ્રેયસ્કર મંડળ. મહેસાણા** (ઉ. ગુ.)

# રામાયણની રત્નપ્રભા

⊙ શ્રી પ્રિયદર્શન ⊙

**[ 'કલ્યાણ' માટે ખાસ ઐતિહાસિક ચાલુ વાર્તા ]**

**પૂર્વ પરિચય :** હનુપુરનગરમાં પવનંજય, અંજના અને હનુમાન આનંદપૂર્વક દિવસો વ્યતીત કરે છે. આ બાજુ; રાવણ વરુણની સામે યુદ્ધ કરવાની ગડમથલમાં પડે છે. પવનંજયને તૈયાર થવા સંદેશો મોકલે છે, ને વરુણને છંછેડે છે, પવનંજયને તૈયાર થતા જોઈને હનુમાન યુદ્ધમાં જવા ઉત્સુક થાય છે; હનુમાનના સેનાપતિપણા નીચે રાવણની પાસે જવા પવનંજયની સેના નીકળે છે. **હવે વાંચો આગળ :**

⊙

## ખંડ [૨]

### ૧૨ : વરુણ પર વિજય :

**રા**વણના પ્રયાણની તૈયારીઓ ચાલી રહી હતી, ત્યાં જ હનુમાન હજારો વીર સુભટોની સાથે આવી પહોંચ્યો. હનુમાનને દૂરથી જ આવતો જોઈ રાવણ ખૂબ આનંદિત થઈ ગયો... રથમાંથી ઉતરી પ્રહસિતની સાથે હનુમાન રાવણની સન્મુખ ચાલ્યો. રાવણે સામા આવીને હનુમાનને પોતાના બાહુપાશમાં જકડી લીધો... જાણે સાક્ષાત્ વિજય જ સામે આવીને ભેટ્યો હોય, તેમ રાવણને લાગ્યું, હનુમાનની તેજસ્વી મુખમુદ્રા અને સુદૃઢ અંગોને જોઈ રાવણે એના દુર્વાર પરાક્રમનું અનુમાન કરી લીધું.

રાજપુરોહિતે મંગલ શ્લોકનો પાઠ કર્યો.... પ્રયાણની ભેરી બજી ઉઠી... અને રાવણનો રથ ગતિશીલ બન્યો. રાવણની પાછળ જ હનુમાનના રથને રાખવામાં આવ્યો હતો. રથનું સારથિપણું પ્રહસિતે સંભાળી લીધું હતું. હનુમાનના રથની હરોળમાં જ ઈન્દ્રજીતનો રથ ચાલી રહ્યો હતો. તેમની પૂંઠે કુંભકર્ણ, મેઘવાહન અને ~~સુગ્રીવના~~ રથો શોભી રહ્યા હતા. તેમની પાછળ ખર અને દૂષણના રથો દોડી રહ્યા હતા.

અનેક વિદ્યાધર રાજાઓ, શૂરવીર સેનાપતિઓ, અશ્વદળ, પાયદળ, હસ્તિદળ સાથે વરુણપુરી તરફ આગળ વધ્યા. થોડાક દિવસોમાં જ વરુણપુરીની નજીક જઈ પહોંચ્યા. બીજી બાજુ વરુણ પણ પુરી તૈયારી સાથે સજ્જ થઈને ઉભો હતો.

વરુણના એક એકથી ચઢીયાતા પરાક્રમી પુત્રો રાવણના સૈન્યની ખબર લઈ નાંખવા તલપાપડ થઈ રહ્યા હતા. અનેક શસ્ત્રવિદ્યાઓ અને અસ્ત્રવિદ્યાઓમાં પારગામી સેનાપતિઓ લંકાપતિની રાહ જોતા ઉછળી રહ્યા હતા.

યુદ્ધના મેદાનથી બારકોશ દૂર રાવણે સૈન્યનો પડાવ નાંખ્યો... અને સૂર્ય અસ્ત થયો. જાણે કે એક વિશાળ નગર વસી ગયું! આવશ્યક કાર્યોથી પરવારી રાવણે પહેલા દિવસના યુદ્ધનો વ્યૂહ રચી કાઢ્યો. પહેલા દિવસે યુદ્ધના સેનાપતિ તરીકે ઇન્દ્રજીતની પસંદગી થઈ. સૌ નિદ્રાધીન થયા... છેલ્લા પ્રહરનો પ્રારંભ થયો ને જાગ્રતીની નોબત બજી. ટપોટપ એક પછી એક દળ યુદ્ધના મેદાન તરફ રવાના થવા લાગ્યું. અરુણોદય થતામાં તો કુંભકર્ણના અનામત સૈન્યને છોડીને સમગ્ર સૈન્ય વ્યુહાકારે મેદાનમાં ગોઠવાઈ ગયું.

વરુણના સૈન્યની આગેવાની પુંડરિકે લીધી હતી. અનેક શસ્ત્રોથી સજ્જ બની તે મોખરે રથારુઢ બનીને ઉભો હતો. તેની બાજુમાં જ રાજીવનો રથ ગોઠવાયો હતો. બરાબર તે બંનેના રથની સામે ઇન્દ્રજીત અને મેઘવાહનના રથો ગોઠવાઈ ગયા હતા. તેમની પાછળ મહેન્દ્રપુરીનો યુવરાજ પ્રસન્નકીર્તિ પોતાના સુનંદા દસ હજાર ઘોડેસ્વારોની સાથે ખડો હતો. તેની બાજુમાં લંકાપતિના ખાસ માનીતા સેનાપતિઓ ખર અને દૂષણ પોતાના કટ્ટર દુશ્મનનો મુકાબલો કરવા રથમાં ગોઠવાયા હતા.

જ્યારે થોડેક દૂર જ્યાં વરુણનો મુખ્ય સેનાપતિ યોગેશ પચાસ હજારના સૈન્ય સાથે ઉભો હતો, તેની સામે જ સૂર્ય જેવો તેજસ્વી હનુમાન પચાસ-હજાર ચુનંદા સૈનિકોની આગેવાની લઇને ઉભો હતો.

ઉદયાચલ પર સહસ્ત્રરશ્મિ પ્રગટ થયો...અને બંને પક્ષોમાં યુદ્ધના આરંભ કરવા માટે વાજિંત્રો રણકી ઉઠયાં. ઇન્દ્રજીતે ઇષ્ટદેવનું સ્મરણ કરીને તીર છોડયું...તે સીધું પુંડરિકના કાન પાસે થઇને પસાર થઈ ગયું, પુંડરિકે સખત વેગથી સતત દસ તીરો છોડયાં...ઇન્દ્રજીતે દસે તીરોને વચમાં જ પુરાં કરી નાંખ્યાં...અને એક ક્ષણમાં પચીસ તીરો છોડીને પુંડરિકને મુંઝવી નાંખવા પોતાના રથને આગળ ધપાવ્યો. પરંતુ ત્યાં તો પુંડરિકે દસ–દસ તીરો છોડીને ઇન્દ્રજીતના રથના અશ્વોને આગળ વધતા અટકાવી દીધા.

બીજી બાજુ રાજીવે મરણીયા થઈને લંકાના સૈન્યને ભૂશરણ કરવા માંડયું. એક એક તીરે એણે એક એક સૈન્યને ભૂમિ પર ઢાળવા માંડયો. મેઘવાહને રાજીવ પર તીરોની વર્ષા કરવા માંડી, પરંતુ રાજીવે તેને ગણકાર્યા વિના, મેઘવાહન પર દસ તીરો છોડીને મેઘવાહનના ધનુષ્યને તોડી નાંખ્યું. મેઘવાહને બીજું ધનુષ્ય લીધું અને રાજીવના રથના અશ્વોને ઘાયલ કર્યા. ત્યાં તો મેઘવાહનની બંને બાજુએ ખર અને દૂષણ આવી પહોંચ્યા અને રાજીવ પર સખત તીરોનો મારો ચલાવ્યો. પરંતુ રાજીવ અતિ વીરતાપૂર્વક ઝઝુમી રહ્યો હતો ...એણે દસ તીરોથી ખરના મુગટને ઉડાવી દીધો અને દસ તીરોથી દૂષણના કવચને ભેદી નાંખ્યું... અને પચાસ તીરોની હારમાળા છોડી મેઘવાહનના અશ્વોને ભૂશરણ કરી દીધા! મેઘવાહને દૂષણના રથમાં સ્થાન લીધું.

પુંડરિકે ઇન્દ્રજીતને હંફાવવા માંડયો. જ્યારે વરુણના સૈન્યે લંકાના સૈન્યની ખબર લઈ નાંખી. હજુ તો પ્રથમ પ્રહર પુરો નહોતો થયો ત્યાં તો લંકાનું પહેલી હરોળનું હજારોનું સૈન્ય નષ્ટભ્રષ્ટ થઈ ગયું. પુંડરિકે અચાનક ધસારો કર્યો અને લંકાના સૈન્યને એક કોશ દૂર ધકેલી દીધું. વરુણના સૈન્યનો જુસ્સો પૂર્ણિમાની સમુદ્ર-ભરતીની જેમ વધતો હતો જ્યારે લંકાનું સૈન્ય નિરાશા તરફ ઢળી રહ્યું હતું.

દૂર હનુમાન વરુણના સેનાપતિ યોગેશને રમાડી રહ્યો હતો. હનુમાને જોયું કે પુંડરિક ઇન્દ્રજીત તરફના મોરચાને હટાવી રહ્યો છે...લંકાનું સૈન્ય પાછું હટી રહ્યું છે. તેણે પ્રહસિતને કહ્યું :

'આપણો રથ પુંડરિક તરફ વાળો.'

'હજુ થોડીવાર છે પ્રથમ પ્રહર પુરો થવા દો...' પ્રહસિતે કહ્યું.

પ્રથમ પ્રહરને પૂર્ણ થવાની થોડીક જ ઘડી વાર હતી. એ અરસામાં હનુમાને યોગેશે સામેની રમત સમેટવા માંડી. જાણી જોઇને હનુમાન જરા પાછો હટયો. યોગેશ હર્ષમાં આવી ગયો અને હનુમાન તરફ આગળ વધ્યો....હનુમાને તેને જરા આગળ આવવા દીધો...અને જ્યાં ઠીક ઠીક આગળ આવ્યો, કે પ્રહસિતે રથને ચક્રાકારે ગતિ આપી. યોગેશના રથની ચારેકોર પવનવેગે હનુમાનનો રથ ઘુમવા માંડયો...હનુમાને તીરની સતત વર્ષા કરી યોગેશને ભારે મુંઝવણમાં મૂકી દીધો એટલું જ નહિ પણ યોગેશના ધનુષ્યને તોડી નાંખ્યું...રથના અશ્વોને જર્જરિત કરી નાંખ્યા અને રથના ચક્રોને પણ શિથીલ બનાવી દીધાં.

પ્રથમ પ્રહર પૂર્ણ થયો ને પ્રહસિતે હનુમાનના રથને પુંડરિક તરફ દોડાવી મૂકયો. યોગેશે છૂટકારાનો દમ ખેંચ્યો! હનુમાનનો રથ પુંડરિકની સામે આવી ઉભો; ત્યાં જ પુંડરિકે હનુમાનને મુંઝવી નાંખવા એકધારો તીરોનો મારો ચલાવ્યો. પરંતુ હનુમાને પુંડરિકના એકેએક તીરને પ્રતિપક્ષી તીરથી તોડી નાંખ્યા અને ખૂબ જ ચાલાકીથી પુંડરિકને દસ તીરો લગાવી, તેનું ધનુષ્ય તોડી નાંખ્યું. પુંડરિકે બીજું ધનુષ્ય લીધું અને કલ્પાંતકાળનું દૃશ્ય ખડું કરી દીધું....તેણે ક્રોધાતુર બનીને હનુમાન પર તીરોનો મારો ચલાવ્યો. હનુમાનના રથના અશ્વો પાછા પડવા લાગ્યા. હનુમાને શરવિદ્યાનું સ્મરણ કરીને તીર છોડયું...એકમાંથી સેંકડો તીરો સર્જાઇ ગયાં...તીરોની એકધારી વર્ષામાં પુંડરિક હનુમાનને જોઇ શકયો નહિ....જ્યારે હનુમાને

પુંડરિકનું નિશાન લઇને એક પછી એક મંત્રપૂત તીરો છોડવા માંડયાં. પુંડરિક મુંઝાયો...ત્યાં રાજીવ એના પડખે આવી લાગ્યો. તેણે હનુમાનને હંફાવવા માંડ્યો. ત્યાં મહેન્દ્રપુરનો યુવરાજ પ્રશન્નકીર્તિ હનુમાનની લગોલગ આવી ગયો અને હનુમાન સાથે લડતા પુંડરિકનો પ્રબળ સામનો કરવા માંડ્યો. પુંડરિક પ્રસન્નકીર્તિ તરફ વળ્યો.... એટલે હનુમાને રાજીવ પર એક સાથે પચાસ તીરો છોડી, રાજીવના રથના અશ્વોને યમસદનમાં પહોંચાડી દીધા. રાજીવે છલાંગ મારીને બીજા રથમાં સ્થાન લીધું અને હનુમાન પર સખત હુમલો કર્યો.

હનુમાનનો રથ પ્રહસિતે પાછો પાડ્યો. રાજીવ આગળ વધ્યો. પ્રહસિતે રાજીવને ઠીક ઠીક આગળ આવવા દીધો...અને જ્યાં ધારણા મુજબ આગળ આવી ગયો કે પ્રહસિતે રથને ચક્રાકારે ઘુમાવવા માંડ્યો. હનુમાને અજબ કળાથી તીરોને એકધારાં છોડીને રાજીવને ઘેરી લીધો. રાજીવને ઘેરાઇ ગયેલો જોઈ પુંડરિક એના તરફ વળ્યો. પરંતુ પ્રસન્નકીર્તિએ એને આગળ વધતો અટકાવી દીધો...પરંતુ પુંડરિકનાં કાળમુખ જેવાં તીરોની સામે પ્રસન્નકીર્તિ ન ટકી શકયો. એનું કવચ ભેદાઈ ગયું...પુંડરિક આગળ વધ્યો...પરંતુ ત્યાં જ ઈન્દ્રજીતે તેને અટકાવી દીધો. ઇન્દ્રજીતે પુંડરિકની ખબર લેવા માંડી. પુંડરિક ઇન્દ્રજીત પર ભૂખ્યા વરૂની જેમ તૂટી પડયો...પુનઃ ઇન્દ્રજીતને પાછા હટી જવું પડયું...પરંતુ એ અરસામાં હનુમાને રાજીવના રથના અશ્વોને ખતમ કરી નાંખ્યા... બીજો રથ મળી શકે એવી સ્થિતિ ન રહી રાજીવ મુંઝાયો, રથમાંથી તે ભૂમિ પર કૂદી પડયો અને હનુમાનનાં તીરોનો સામનો કરવા માંડયો. પરંતુ હવે હનુમાને જરા ય કાળનો વિલંબ કર્યા વિના રાજીવના ધનુષ્યને તોડી નાંખ્યું અને નાગશાસ્ત્રનું સ્મરણ કર્યું...અને રાજીવ પર મૂકયું. રાજીવ ભયંકર સર્પોથી બંધાઇ ગયો. એક ક્ષણમાં જ હનુમાને તેને ઉંચકીને પોતાના રથમાં નાંખ્યો...

લંકાના સૈન્યમાં હર્ષના પોકારો થવા લાગ્યા. પુંડરિક ધુંધવાઈ ગયો. પોતાના ભાઈને શત્રુના હાથમાં ગયેલો જાણી, તેના અંગે અંગમાં રોષ ભભૂકી ઉઠયો. બીજી બાજુ વરુણના બીજા પરાક્રમી પુત્રો સુમંગલ, સ્વસ્તિક, વાસવ વગેરે પણ પુંડરિકની પડખે આવી પહોંચ્યા અને હનુમાનને જીવતો પકડી લેવા કૃતનિશ્ચયી બની ઝુઝવા માંડયા.

બીજો પ્રહર પૂર્ણ થયો હતો. લંકાનું સૈન્ય હનુમાનના પરાક્રમ પર ઓવારી ગયું હતું. જ્યારે પુંડરિક હનુમાનની સામે દાંત પીસીને લડી રહ્યો હતો. દૂરથી, ભુવનાલંકાર હસ્તિ પર બેઠેલો રાવણ હનુમાનના પરાક્રમને નિરખી રહ્યો હતો. તેની બાજુમાં જ મહાન પરાક્રમી સુગ્રીવ રથારુઢ થઇને ઉભો હતો. હનુમાને રાજીવને જીવતો પકડેલો જાણી સુગ્રીવ હનુમાનના પરાક્રમ પર ઓવારી ગયો. રાવણે તુરત જ સુગ્રીવને હનુમાનના પડખે પહોંચી જવા આજ્ઞા કરી. સુગ્રીવ હજારો ચુનંદા સૈનિકોની સાથે હનુમાનની પાસે આવી પહોંચ્યો.... પુંડરિકના ભાઇઓ સુમંગલ, સ્વસ્તિક અને વાસવ વગેરેને હ ફાવવા માંડયા. સુગ્રીવ અનેક ભયંકર યુદ્ધો લડી ચૂકેલો પરાક્રમી રાજા હતો. તેણે એવા પ્રબળ વેગથી હુમલો કર્યો કે સુમંગલ વગેરેને પાછા હટી જવું પડયું. સુગ્રીવ પુંડરિકની તરફ વળ્યો. હનુમાનને થોડીક રાહત મળે, એ હેતુથી સુગ્રીવે પુંડરીકને પડકાર્યો. પુંડરિક અને સુગ્રીવ વચ્ચે ખૂનખાર જંગ જામી ગયો. કોઈ કોઈને મચક આપતું ન હતું. પુંડરિકના ભાઇઓએ લંકાની સેનાને ત્રાસ પોકરાવી દીધો. પ્રસન્નકીર્તિ, ખર, દૂષણ વગેરે સામનો કરી રહ્યા હતા. વરુણની વીર સેના તેમને પણ હંફાવી રહી હતી.

ત્રીજો પ્રહર પણ પૂર્ણ થવાની તૈયારી હતી. પુંડરિક સુગ્રીવને જરા ય મચક આપતો નહતો. હનુમાને સુગ્રીવનું સ્થાન લીધું; અને પુંડરિક પર પચીસ તીરો છોડી પુંડરિકને પોતાની તરફ વળ્યો. સુગ્રીવ વરુણની સેના પર તૂટી પડ્યો અને ત્રાસ પોકરાવી દીધો.

હનુમાને પ્રાણની પરવા કર્યા વિના પુંડરિકની સામે ઝઝુમવા માંડયું. પ્રહસિતે હનુમાનના રથને પુંડ-

રિકના રથની નિકટમાં લીધો. એટલો નિકટમાં લીધો કે એકબીજા પર તીરનો હુમલો ન કરી શકે. હનુમાને ગદા લીધી. પુંડરિકે પણ ગદા લીધી. બંને રથ પરથી નીચે ઉતરી પડ્યા. બંને વચ્ચે દારુણ ગદાયુદ્ધ જામ્યું. હનુમાને પુંડરિકના એકેએક પ્રહારને નિષ્ફળ બનાવી થોડીક વારમાં જ પુંડરિકને થકવી નાંખ્યો...અને ચપળતાપૂર્વક ઉછળીને પુંડરિક પર એક પ્રબળ પ્રહાર કર્યો...અને પુંડરિક પડ્યો...હનુમાને ઉંચકીને રથમાં નાંખ્યો... લંકાના સૈન્યે જોરશોરથી હર્ષના નાદ કરવા માંડ્યા.

પુંડરિકને પડેલો જાણી ખૂદ વરુણરાજ પોતાની અજેય હસ્તિસેના સાથે ધસી આવ્યો. આ બાજુ રાવણે જ્યાં વરુણરાજને હનુમાન તરફ ધસી જતો જોયો, કે પવનવેગે તેણે ભુવનાલંકારને વરુણરાજ તરફ હંકાર્યો અને વરુણને માર્ગમાં જ રોક્યો. રાવણ અને વરુણરાજ વચ્ચે જંગ જામી ગયો. ચોથા પ્રહરનો પ્રારંભ થઇ ગયો હતો. વરુણરાજે પોતાના અપૂર્વ પરાક્રમથી રાવણને મચક ન આપી. રાવણે પોતાની મંત્રવિદ્યાઓનું સ્મરણ કર્યું...પરંતુ વરુણે એક પછી એક વિદ્યાને પણ પ્રતિપક્ષી વિદ્યાઓથી પરાજિત કરવા માંડી. એકવાર તો વરુણનું પરાક્રમ જોઇ રાવણ મુગ્ધ થઈ ગયો; અને એક મહાન વીરની સામે યુદ્ધ કરવાનો લ્હાવો મળ્યાનો હર્ષ અનુભવ્યો.

રાવણે ભુવનાલંકાર હસ્તિને વરુણના હસ્તિ સાથે ટકરાવ્યો. અને કપટકુશળ રાવણ છલાંગ મારીને વરુણના હસ્તિ પર કૂદી પડ્યો. વરુણને તો કલ્પના પણ ન હતી કે રાવણ આ રીતે કૂદી પડશે! રાવણે વરુણ પર સખત હુમલો કરીને વરુણને પકડી લીધો

ખલાસ! વરુણના હસ્તિ પર લંકાપતિનો ધ્વજ ફરકી ગયો. યુદ્ધ અટકી ગયું. લંકાની સેનાએ લાંબા વખત સુધી જયજયારવ કર્યો રાવણ વરુણને લઇને પોતાની છાવણી તરફ વળ્યો...અને સૂર્ય અસ્તાચલ પર પહોંચી ગયો. રાત આરામમાં પસાર કરી. પ્રભાતે નિત્યકાર્યોથી પરવારી રાવણે ત્યાંજ સભા ભરી, પોતપોતાના સ્થાને સહુ વિદ્યાધર રાજાઓ...વગેરે ગોઠવાઈ ગયા. હનુમાનને રાવણે પોતાની પાસે જ સિંહાસન પર બેસાડ્યો.

રાવણની આગળ વરુણ અને તેના સો પુત્રોને ઉભા કરવામાં આવ્યા. રાવણે ત્યાં પોતાનું વક્તવ્ય શરૂ કર્યું.

'માનવંતા રાજેશ્વરો, યુવરાજો અને પ્યારા સુભટો!

વરુણરાજ જેવા પરાક્રમી રાજા સામે તમે યુદ્ધમાં વિજય મેળવ્યો છે, તેથી મારા હૈયામાં અપૂર્વ આનંદ થયો છે. પરંતુ આ યુદ્ધવિજયનો યશ હું પવનંજયનંદન વીર હનુમાનને આપું છું! હનુમાનનું અદ્‌ભુત પરાક્રમ જોઇ હું ખરેખર મુગ્ધ બન્યો છું...'

વરુણ અને પુંડરિક-રાજીવ વગેરેએ હનુમાનની સામે જોયું. તેઓએ અત્યારેજ જાણ્યું કે આ વીર યુવાન પવનંજયનો નંદન છે! તેઓને હર્ષ થયો. હનુમાને ત્યાં રાવણને પ્રણામ કરીને કહ્યું:

'મહારાજા...અને અન્ય પ્રિય સુભટો,

આ વિજય મેં એકલાએ નથી મેળવ્યો. આપણે બધાએ મેળવ્યો છે, આપ સહુના સાથ વિના, અને એમાંય પૂજ્ય પ્રહસિત કાકા વિના તો હું કંઇજ ન કરી શકત....માટે આ વિજયનો યશ આપ સૌને ફાળે જાય છે...'

સુભટોએ હનુમાનની જય બોલાવી.

લંકાપતિએ કહ્યું:

'અભિનંદનને પાત્ર જેમ તમે સહુ છો, તેમ પરાક્રમી વરુણરાજ અને એમના વીર સુપુત્રો પણ છે, હું એમની વીરતા પર પ્રસન્ન થઇ ગયો છું. મારે વરુણપુરીનું રાજ્ય લઇ લેવું નથી...હું એમનેજ એમનું રાજ્ય પાછું સોંપુ છું.'

સુભટોએ લંકાપતિની જય પોકારી. ઇન્દ્રજીતે ઉભા થઈને વરુણરાજ અને પુંડરિક-રાજીવ વગેરેનાં બંધન છોડી નાંખ્યાં અને તેમને યોગ્ય આસનો આપ્યા, વરુણરાજે લંકાપતિને એક દિવસ વરુણપુરી રોકાઈને જવા માટે વિનંતી કરી. રાવણે તે માન્ય રાખી. સહુને લઇને વરુણરાજે વરુણપુરીમાં પ્રવેશ કર્યો. (ક્રમશઃ)

# મંત્ર પ્રભાવ

'કલ્યાણ' માટે ખાસ ઐતિહાસિક ચાલુ વાર્તા

લેખક: વૈદરાજ શ્રી મોહનલાલ ચુનીલાલ ધામી

**પૂર્વ પરિચય** : વંકચૂલ પોતાના પરિવાર સાથે અજિતપુર નગરથી પાછો વળી પલ્લીમાં આવેલ છે, વર્ષાઋતુ જામી છે, આચાર્ય ભગવંત શ્રી ધર્મપ્રભસૂરિજી પલ્લીમાં પધારે છે, ચાતુર્માસ રહેવાને વસતિની યાચના કરે છે. વંકચૂલ કોઈપણ પ્રકારનો ઉપદેશ નહિ આપવાની શરતે વસતિ આપે છે. જૈન મુનિવરો શરતનું પૂર્ણ રીતે પાલન કરે છે. સાધુમુનિરાજના પરિચયથી વગર ઉપદેશે પણ પલ્લીના લોકો પર અજબ પ્રભાવ પડે છે. વંકચૂલનાં હૈયામાં આચાર્ય ભગવંત તરફ સદ્ભાવ પ્રગટયો. ને ચાતુર્માસ પૂર્ણ થયું. **હવે વાંચો આગળ :**

## પ્રકરણ ૧૭ મું
## ચાર નિયમ

**આ**ચાર્ય ભગવંત શ્રી ધર્મપ્રભ મુનિ મહારાજનું ચાતુર્માસ પુરૂં થયું.

ચાતુર્માસ પુરૂં થાય કે તરત જૈન મુનિઓ અન્યત્ર વિહાર કરી જ જાય છે. એકના એક સ્થળે રહેવામાં માત્ર બે જ કારણ મુખ્ય હોય છે...એક અવસ્થાદોષ બીજું રોગ. આ સિવાયના કોઈપણ કારણે તેઓ એક સ્થળે રહેતા જ નથી. કારણ કે એમ બને તો કોઈવાર સ્થળ પ્રત્યેનો મોહ જાગે છે અથવા ત્યાંના માનવીઓ પ્રત્યેનો રાગ બંધાય છે.

રાગ અથવા મોહને મનમાંથી પણ નષ્ટ કરીને વિતરાગ બનવાનું જેનું મહા ધ્યેય છે તે જૈન મુનિઓ પળે પળે જાગૃત રહેતા હોય છે. આવા આત્મ જાગરણમાં પ્રમાદ સેવી શકાય નહિ એ એમના મહાવ્રતોની વાડરૂપ હોય છે.

કાર્તિક શુદિ પૂનમની વહેલી સવારે અર્થાત્ રાત્રિના અંતિમ પ્રહરની અંતિમ ઘટિકાએ આચાર્ય ધર્મપ્રભ મુનિ પોતાના શિષ્યો સાથે તૈયાર થઈ ગયા અને બાજુના શ્રી જિનાલયમાં શ્રી જિનેશ્વર ભગવંતની પ્રતિમાના દર્શનાર્થે ગયા.

દર્શનાદિથી નિવૃત્ત થઈ તેઓ બહાર આવ્યા ત્યારે સિંહગુહાનો સરદાર વંકચૂલ, તેના સાથીઓ સાગર, બાદલ, મિહિર, જયચંદ્ર, વંકચૂલની પત્ની કમલારાણી, વંકચૂલની બહેન શ્રી સુંદરી અને અન્ય સ્ત્રી પુરૂષો આચાર્ય ભગવંતને વિદાયમાન આપવા એકત્ર થઈ ગયા હતા.

સહુએ આચાર્ય ભગવંતને નમસ્કાર કર્યા.... આચાર્ય ભગવંતે સહુને ધર્મલાભરૂપી અમૃત આપ્યું.

જૈન સાધુઓ જેમ કોઈનું અહિત કરતા નથી, કોઈ અભિશાપ આપતા નથી તેમ કોઇને આશિર્વાદ કે સંસાર બંધનનું માર્ગદર્શન પણ આપી શકતા નથી. કારણ કે ત્યાગ કરેલી વસ્તુનો સંપર્ક રાખવો એ એક માનસિક દોષ છે.

આચાર્ય ભગવંતે કંઇપણ ઉપદેશ આપ્યા વગર ચાર મહિના વિતાવ્યા હતા....આજે પણ તેઓ બીજું કંઈ ન બોલ્યા અને માર્ગ તરફ અગ્રસર થયા.

સિંહગુહાનો સીમાડો પુરો થયો...બધા માણસો વોળાવવા અર્થે પાછળ જ ચાલતા હતા.

એક વૃક્ષ તળે ઉભા રહીને આચાર્ય ભગવંતે સહુને પાછા વળી જવાનું કહ્યું અને ધર્મમાંગલિક સંભળાવ્યું.

ગામના લોકો અને સ્ત્રી વર્ગ પાછો વળ્યો... પણ વંકચૂલ અને તેના સાથીઓ વધુ એક કોશ પર્યંત આચાર્ય ભગવંતની સાથે સાથે ચાલ્યા.

આચાર્ય ભગવંતે કહ્યું : 'મહાનુભાવ, અમારો પંથ તો અતિ લાંબો છે...તમે કયાં સુધી આવશો ? હવે આપ સહુ પાછા વળો.'

વંકચૂલે કહ્યું : 'ભગવંત, મારી એક વિનંતિ છે...'

આચાર્ય ભગવંતે પ્રશ્નસૂચક નજરે પ્રસન્ન-મુદ્રાએ વંકચૂલ સામે જોયું.

વંકચૂલે કહ્યું : 'કૃપાવંત, આપે અમારી શરતનું બરાબર પાલન કર્યું છે, આવી શરતનું પાલન કરવું એ ભારે કઠણ કાર્ય છે....કારણ કે અન્ય માનવીઓને જીવનનો સાચો માર્ગ દર્શાવવો એ તો આપનું કર્તવ્ય હોય છે. છતાં આપે અમને કોઇને એક પણ વાકય એવું નથી કહ્યું કે જેમાં શરતનો ભંગ હોય! હવે આપ કૃપા કરો અને અમને કંઈક માર્ગદર્શન આપો.'

બે પળ વિચારીને આચાર્ય ભગવંતે પ્રસન્ન સ્વરે કહ્યું : 'ભાગ્યવંત, શ્રી જિનેશ્વર ભગવંતના માર્ગના મુસાફર જૈન મુનિઓ બોલે કે ન બોલે પરંતુ તેઓ પોતે જ જીવંત ઉપદેશ રહેણી કરણી દ્વારા આપતા જ હોય છે. અમે તને બીજું શું કહીએ? જે ધંધો અનંતકર્મના બંધનવાળો છે, જેમાં રાગ, દ્વેષ, મોહ, લોભ અને હિંસા ભરેલાં છે, તે ધંધો ગમે તેટલો ભૌતિક લાભ આપનારો હોય છતાં જીવનને તો નીચે જ પટકે છે. તમે સહુ ચોરી, લૂંટ, હિંસા, ક્રોધ, લોભ વગેરેને એના વાસ્તવિક સ્વરૂપમાં સમજી શકો તો તમારા માનવ-ભવ માટે સર્વોત્તમ છે.'

'કૃપાવતાર, આપ પરમ દયાળુ છો, મહાજ્ઞાની છો, તત્ત્વદૃષ્ટા પણ છો. અમારી સ્થિતિ એટલી વિચિત્ર છે કે અમે સમજવા છતાં છોડી શકવા માટે અસમર્થ છીએ. આપ અમારા ગામમાં ચાતુર્માસ રહ્યા છો, અમારી પાપભૂમિને ધન્ય બનાવી છે...આ વાતના સ્મરણ રૂપે આપ મને એવા નિયમો આપો કે જેમાં ચોરી, હિંસા, જુગાર અને અસત્યને બાદ ન આવે. કારણ કે અમારો ધંધો એ પ્રકારનો છે કે આ વસ્તુઓ સહજ આવે જ છે અને જો અમે આવા કોઇ નિયમો સ્વીકારીએ તો પાળી પણ ન શકીએ. એમ થાય તો મને નિયમભંગનો દોષ લાગે તો આપ મને એવા નિયમો આપો કે જે હું પાળી શકું.'

આચાર્ય ભગવંત આછું હસ્યા અને બોલ્યા : 'ભાગ્યવંત, કોઈ પણ નિયમ લેવાની ભાવના જાગવી એ જ સાચા માર્ગ પ્રત્યેની નિષ્ઠાનું પ્રતિક છે. તારૂં મન હું સમજી ગયો છું. હું તને ચાર નિયમો આપવા ઇચ્છું છું...જે તારા ધંધાને બાધક નહિ આવે.'

'મારા પર કૃપા કરો...મને ચાર નિયમો સમજાવો...હું પ્રાણના ભોગે પણ વ્રતભંગ નહિ બનું.' વંકચૂલે કહ્યું.

વિચાર કરીને આચાર્ય ભગવંત બોલ્યા : 'ત્યારે સાંભળ, પહેલો નિયમ એ છે કે કોઈપણ અજાણ્યું ફળ ન ખાવું. કહે આ નિયમ તારા ધંધાને હાનિરૂપ તો નથી ને?'

'ના ભગવંત, આ નિયમ હું પાળી શકીશ.'

'બીજો નિયમ એ છે કે કોઇ પણ વ્યક્તિ પર ઘા કરતાં પહેલાં પાંચ કદમ પાછા ખસીને વિચાર કરી લેવો. કહે, આ નિયમ પળાશે?'

'હા ભગવંત...'

'ત્રીજો નિયમ કોઇ પણ પરિણિત સ્ત્રી અર્થાત્ પરનારી સાથે કે કુંવારી કન્યા સાથે વિષય ન કરવો.'

'બરાબર છે....હું પાળી શકીશ.'

'ચોથો નિયમ...સામે મોત આવીને ઉભું હોય તો પણ કાગડાનું માંસ ન ખાવું.'

'કૃપાવતાર, આ ચારેય નિયમો હું પાળી શકીશ.'

'જો ભાઈ, નિયમ ગમે તેવો સાદો અને સરલ દેખાતો હોય છતાં કોઈવાર એ જીવન મરણના પ્રશ્ન સમો થઈ પડે છે...આ ચાર નિયમો તું ન પાળી શકે એમ તને લાગતું હોય તો હાથ જોડીશ નહિં.' આચાર્ય ભગવંતે કહ્યું.

'હું અવશ્ય પાળી શકીશ, પ્રાણના ભોગે પણ પાળી શકીશ, આપ મને આ ચાર નિયમો યાવત્ જીવન પર્યંત પાળવાનું વ્રતદાન કરો.' કહી વંક-ચૂલે પોતાના બંને હાથ અંજલિબદ્ધ કરીને મસ્તક નમાવ્યું.

તેના ચારેય સાથીઓ અવાક્ બનીને સાંભળી રહ્યાં હતા. તેઓના મનમાં થતું હતું કે સરદાર

આવા નિયમો કે જે અર્થ શૂન્ય છે તે શા માટે સ્વીકારતા હશે ?

આચાર્ય ભગવંતે વંકચૂલ સામે જોઇને કહ્યું : 'ભાગ્યશાળી, આવેશથી એક પણ નિયમ ન સ્વીકારતો. નિયમ સ્વિકારવો સહજ છે...એનું પાલન કરવું અતિ કઠણ છે...જો તારા મનમાં સહજ પણ સંશય રહેતો હોય તો હું તને કેવળ નવકાર મંત્ર ગણવાનો સાવ સરલ નિયમ આપું.'

વંકચૂલે કહ્યું : 'ભગવંત, નવકાર મંત્ર ગણવાનો નિયમ તો મને મારી માતાએ આપ્યો છે અને હું બરાબર પાળું છું. આ ચાર નિયમો મારે માટે જરાય અશક્ય નથી...તેમ મારા મનમાં જરાયે સંશય પણ નથી.'

'ઉત્તમ...' કહીને આચાર્ય ભગવંત શ્રી ધર્મપ્રભ મુનિશ્વરે વંકચૂલને આજીવન આ ચાર નિયમો પાળવાનું વ્રત પ્રદાન કર્યું.

વંકચૂલ ધન્યતા અનુભવતો આચાર્ય ભગવંતના ચરણ કમળમાં ઢળી પડયો અને બોલ્યો : 'ભગવંત, હવે આપના દર્શન ક્યારે થશે ?'

આચાર્ય ભગવંતે વંકચૂલના મસ્તક પર હાથ મૂકીને કહ્યું : 'સન્માર્ગની ઇચ્છાવાળા ભદ્રજન, અમારા સાધુઓનાં જીવન તો નદીના વહેતાં પ્રવાહ સમાં હોય છે...ક્ષેત્ર સ્પર્શના હશે તો તે પ્રમાણે બનશે.'

વંકચૂલના નયનો સજળ બની ગયાં હતાં.

ધર્મમાં સ્થિર રહેવાનું કહીને આચાર્ય ભગવંત પોતાના શિષ્યો સાથે આગળ વધ્યા.

જ્યાં સુધી આ મહામુનિઓ માર્ગ પર જતા દેખાતા રહ્યા ત્યાંસુધી વંકચૂલ બે હાથ જોડીને જ ઉભો રહ્યો. તેઓ દેખાતા બંધ થયા ત્યારે વંકચૂલ પોતાના સાથીઓ સાથે પાછો વળ્યો.

ઘેર આવીને તેણે પોતાની બહેન અને પત્નીને આ ચાર નિયમોની વાત કરી. કમળા રાણીએ કહ્યું : 'સ્વામી, જીવનમાં પહેલીવાર આપે આવા નિયમો સ્વીકાર્યા છે...ઘણું જ ઉત્તમ થયું.'

'પહેલીવાર નહિ પ્રિયે...નવકારનો નિયમ માતાએ આપ્યો હતો...અહીં આવીને શરાબનો ત્યાગ કર્યો હતો....' કહી વંકચૂલ હસ્યો.

તરત શ્રી સુંદરી બોલી ઉઠી : 'ભાઈ, આ કરતાં સીધી રીતે ચોરી ને હિંસાનો નિયમ લીધો હોત તો ?'

'બહેન, એવો નિયમ મારા માટે શક્ય નથી.... છતાં તું જોઈ શકી છે કે મેં ચોરીમાં જબ્બર પરિવર્તન કર્યું છે...ક્ષુદ્ર ચોરીઓ તો સાવ બંધ થઇ છે...ગામના મોટા ભાગનાં પરિવારોને મેં ખેતી તરફ વાળ્યા છે....પણ હું તને ખાત્રી આપું છું કે જે દિવસે ચોરીની જરૂર નહિ રહે તે દિવસે હું ચોરી ન કરવાનો નિયમ તારી પાસેથી લઈશ.'

તરત કમલા રાણી બોલી ઉઠી : 'અને મારી પાસેથી ?'

'તારા સિવાયની અન્ય તમામ સ્ત્રીઓને માતા સમાન ગણવાનો નિયમ લઈશ.' કહી વંકચૂલ હસ્યો.

પંદરેક દિવસ ચાલ્યા ગયા.

માગસર મહિનો બેસી ગયો.

પોષ મહિનાની કડકડતી ઠંડીમાં કોઈ મોટી ચોરી કરવાનો નિર્ણય વંકચૂલે લઈ લીધો...પરંતુ એ કામને હજી એક મહિનો બાકી હતો એટલે એક દિવસે વંકચૂલ એક વૈદને આ ગામમાં વસાવવા અર્થે મિહિરને લઇને ચાલીસ કોશ દૂરના એક નગર તરફ ગયો.

જે દિવસે તે સિંહગુહામાંથી આ કાર્ય અર્થે વિદાય થયો તે જ દિવસે સાંજે વિવિધ ગામોમાં પ્રયોગો કરતી એક નટમંડળી આ ગામમાં આવી ચડી.

ઘણા વર્ષો પછી આવી નટ મંડળી આવેલી જાણી ગામ લોકોએ અપૂર્વ ઉત્સાહ સહિત નટમંડળીનો સત્કાર કર્યો.

વંકચૂલના સાથી સાગર, બાદલ વગેરેએ નટ મંડળીને ચોરામાં ઉતારો આપ્યો, એટલું જ નહિ પણ જ્યાં સુધી નટમંડળી અહીં રહે ત્યાં સુધી ગામ તરફથી એની સગવડતાઓ સાચવવાનું વચન આપ્યું.

નટમંડળીના મુખ્ય નાયકને મળીને બાદલે એ

પણ જણાવ્યું કે : 'મારા સરદાર આજે સવારે જ બહારગામ ગયા છે. ત્રણેક દિવસ પછી આવશે અને તેઓ આપને ખૂબ જ પ્રોત્સાહન આપશે.'

નટમંડળીનો નાયક ગામનો ભાવ જોઈને અતિ પ્રસન્ન થયો. તે જાણતો હતો કે આ ચોર લોકોનું ગામ છે... પરંતુ છેલ્લા કેટલાક સમયથી આ ગામના વતનીઓ કોઇ રંજાડ નહોતા કરતા અને વટેમાર્ગુઓ કે ગામમાં આવેલાઓને નહોતા લૂંટતા એ હકિકત પણ તેણે સાંભળી હતી અને એના આધારે જ તે પોતાની નટ મંડળી સાથે સિંહગુહા આવ્યો હતો.

નટ મંડળીએ બે દિવસ આરામ કર્યો. ત્રીજે દિવસે રાતે ગામના ગોંદરે એક નાટક ખેલવાનો નિર્ણય જાહેર કર્યો. આ અંગે ગામનો એક ઢોલી ઢોલ બજાવતો બજાવતો ગામમાં ફરી વળ્યો અને રાતનો બીજો પ્રહર શરૂ થાય તે પહેલાં જ ગામના તમામ સ્ત્રી પુરૂષો અને બાળકો ગામના ગોંદરે આવી ગયા.

કમલા રાણી પણ અન્ય સ્ત્રીઓ સાથે આવી. શ્રી સુંદરી પુરુષ વેશ ધારણ કરીને ભાભી સાથે આવી હતી. બંને માટે સાગરે સહુથી આગળના ભાગમાં એક ઢોલીયો ઢાળ્યો હતો...ઢોલીયા પર ગાદલું પાથર્યું હતું અને સાગરની પત્ની પણ કમલા રાણી પાસે બેસી ગઈ હતી.

નટ લોકોએ નાનો એવો રંગમંચ ગોઠવ્યો હતો...કલાત્મક અને વિવિધ રંગી પટ્ટ વાળી નાટય ભૂમિ રચી હતી, તેઓને વસ્ત્ર પરિવર્તન કરવામાં હરકત ન આવે એટલા ખાતર નાટચ-ભૂમિની પાછળ જ એક વસ્ત્ર પરિવર્તન કૂટિર બનાવી હતી.

સમગ્ર ગામ પોતાનાં ઘરબાર સૂતાં મૂકીને નાટક જોવા આવી ગયું હતું. અતિ વૃદ્ધ ગણાતાં સ્ત્રી પુરુષો પણ આવ્યાં હતાં અને સહુ આતુર નયને નાટચભૂમિ તરફ જોઈ રહ્યાં હતાં.

નટમંડળીએ શંખનાદ અને કાંસ્યવાદ્યોના ધ્વનિ સાથે નાટક શરૂ કર્યું.

દ્રૌપદી વસ્ત્ર હરણનો કરુણ અને હૈયાને હલબલાવી નાખે એવો પ્રસંગ આ નાટકમાં ગોઠવ્યો હતો.

બધા દર્શકો મુગ્ધનેત્રે નાટક જોઈ રહ્યા...

દુર્યોધન અને મામા શકુનીને જોઈને લોકો ધિક્કાર વર્ષાવતા...એમાંય જુગારની રમત મંડાણી ત્યારે તો લોકો શકુનીને ગાળો ભાંડવા માંડ્યા...

એક પછી એક પ્રસંગો ભારે પ્રેરણાત્મક આવતા હતા...

રાત્રીના ચોથા પ્રહરની બે ઘટિકા થઇ ત્યારે દ્રૌપદીનાં ચીર પુરાયાં...દ્રૌપદીએ કરેલી હૈયાં તોડી નાખે એવી કરુણ પ્રાર્થના તમામ દર્શકોના મનને ખળભળાવી ગઇ.

અને નાટક પુરું થયું.

લોકોએ હર્ષનાદ કર્યો. આનો આ ખેલ આવતી કાલે ભજવવાનું નાયકે વચન આપ્યું.

સહુ ઘર તરફ જવા માંડયા.

કમલારાણી અને શ્રી સુંદરી પણ પોતાના ઘરમાં ગયાં... આખી રાતનો ઉજાગરો થયો હોવાથી બંને એક જ શય્યા પર આડે પડખે પડયાં અને કમાડ અટકાવીને સૂઇ ગયાં.

મકાનના પ્રાંગણમાં બે દાસ ને બે દાસીઓ પણ ઉજાગરાના લીધે સૂઇ ગયાં.

સૂર્યોદય થતાં જ વંકચૂલ પોતાના સાથી સાથે ગામમાં દાખલ થયો.

આખી રાતનો પ્રવાસ કરીને તે પણ થાકી ગયો હતો...તેમાંય આ ગામમાં એક પણ વૈદ આવવા સમ્મત નહોતો થયો એથી નિરાશાનો થાક પણ લાગ્યો હતો. દેહના થાક કરતાં નિરાશાનો થાક વધારે હોય છે.

મિહિર પોતાના અશ્વ સાથે બાજુના મકાનમાં ગયો....અને વંકચૂલ પોતાના અશ્વ સાથે પોતાના મકાનમાં ગયો.

મકાનમાં દાખલ થઇ. અશ્વને ફળી વચ્ચે છૂટો મૂકીને સીધો ઘરમાં ગયો....ઓસરીમાં દાસ દાસીઓ સૂતાં હતાં...આ જોઇને તેને આશ્ચર્ય થયું.... તેણે આસપાસ નજર કરી...કોઇનો

( જુઓ અનુસંધાન પાન ૨૦૬ )

# મૈત્રીભાવના

શ્રી વસંતલાલ કાંતિલાલ ઈશ્વરલાલ-મુંબઈ.

મૈત્રીભાવના અને એકત્વભાવના આ બન્ને ભાવનાઓ શાસ્ત્રીય દષ્ટિયે એકબીજાની પૂરક છે. સમર્થક છે, તથા પરસ્પર સાપેક્ષ છે, તે હકીકતને પોતાની સચોટ શૈલીયે આંતરરાષ્ટ્રીય પ્રસિદ્ધિને પામેલ તથા પોતાની સુવિચારધારાથી વિદ્વાનોમાં આવકારપાત્ર બનેલા શ્રી વસંતલાલભાઈ આપણને સમજાવે છે.

એક બાજુ ધર્મશાસ્ત્રો કહે છે કે 'તું એકલો છે' અને બીજી બાજુ તેઓ કહે છે કે 'તું સર્વનો છે,' પહેલી છે એકત્વભાવના. બીજી છે મૈત્રીભાવના. આ બંને ભાવના દેખાય છે વિરોધી પણ છે અન્યાન્યની સહાયક. એકત્વભાવના અને મૈત્રીભાવનાનું સંતુલન કરવું પડશે. એક બાજુ છે એકાંત અને મૌન, અને બીજી બાજુ છે જગતના સર્વ જીવો પ્રત્યેની વત્સલતા.

એક બાજુ સાધક 'હું અનાદિથી અનંતકાળ સુધી એકલો ચાલ્યો આવ્યો છું, એકલો કર્મ કરું છું, એકલો કર્મ ભોગવું છું અને એકલો ચાલ્યો જવાનો છું' એ ભાવના ભાવી મૌનની ચાદર ઓઢીને નિર્ભય એકાંતમાં ગુમ થઈ જવા પ્રયત્ન કરે છે.

બીજી બાજુ બાહ્ય જીવન વ્યવહારમાં તે 'હું સર્વ જીવોનો છું, ને સર્વ જીવો મારા છે' એ નિતિસિદ્ધાંત પર ચાલવા મથે છે.

'હું એકલો છું' અને 'હું સર્વમય છું' આ બે ભાવના સામસામાં છેડાની છે. પરસ્પર વિરૂદ્ધ હોય તેમ લાગે છે. પણ હકીકત તેમ નથી. એકની ઉપર જ આમાંની બીજી ભાવના ખડી થઈ છે. જે વ્યક્તિ પવિત્ર એકાકીપણાનો અનુભવ લઈ શકે છે તે જ વ્યક્તિ સર્વ જીવો સાથે સર્વમય બની શકે છે. એકત્વ દ્વારા સમત્વ આવે છે અને એ પણ એટલું સાચું છે કે જે સર્વમય બને છે તેને જ એકાંત અને પવિત્રતાનું પાચન થાય છે. તે જ એકાકી આત્માની મૌનમય પ્રતિભામાં ગરકાવ થઈ શકે છે. જો દુનિયાના સ્વામી થવું હોય તો પર્વતની ગુફામાં પુરાઈ જાવ. તે ગિરિકંદરા એકાંત અને મૌનથી છલોછલ છલકાય છે. જે મૌનમય એકાંતમાં સમાયો છે તેનામાં દુનિયા સમાઈ જાય છે.

સર્વ જીવોનું દુઃખ તે મારું દુઃખ છે અને સર્વ જીવોનું સુખ તે મારૂં સુખ છે. આ સત્યનો અનુભવ થવા માટે એક પ્રચંડ માનસિક શક્તિની જરૂર છે. આવું બળ આવે કયાંથી? આવું બળ આત્માના વિશુદ્ધ એકાંતના સંગીતમય મૌનમાંથી આવે છે.

'હું એકલો છું' તે ભાવના દુનિયાથી વિખુટા નથી પાડી દેતી, પણ દુનિયાના સ્વાભાવિક સત્ય સાથે બાંધી દે છે. સત્યનું દર્શન હંમેશ બળ આપે છે. સત્યની પરીક્ષા જ એ છે કે તેનું દર્શન અને અનુભવ માનવીને સુખ, શાંતિ અને સામર્થ્ય આપે છે. 'હું એકલો છું' એ સત્યનું બળ એટલું તો બળ રેડે છે કે હૃદયમૈત્રી, પ્રેમ અને કરૂણાના મહાસાગરરૂપ બની જાય છે.

જે વ્યક્તિ પોતાની જાત માટે ઓળખાણ કરી શકતી નથી, તે કુટુંબ, સમાજ, રાષ્ટ્રની કે વિશ્વની પણ બની શકતી નથી. આથી જ તો બારબાર વર્ષ સુધી ભગવાન એકાંત અને મૌનમાં ખોવાયેલા રહ્યા અને પછી જ ધર્મદેશના આપી. પૂ. હેમચંદ્રાચાર્યે દીક્ષા લીધા પછી બાર વર્ષ શું કર્યું તેની ઐતિહાસિક નોંધ મળતી નથી. કારણ કે તેટલો સમય તેઓ એકાંત ને મૌનમાં ખોવાયા હતા. જેને આત્મામાં ખોવાતા આવડે છે, જેને એકાંતનો ઉપભોગ કરતા આવડે છે અને મૌન દ્વારા જીવન

સંગીત ફરકાવતા આવડે છે, તેના ખોળામાં વિશ્વ માથું ઢાળે છે, લોકહૃદયના સ્વામી બનતા પહેલા ગુફામાં સિંહ અને સર્પનો પાડોશ સેવવો જરૂરી છે. એકાંતની મસ્તી લુંટવી જરૂરી છે. એકાકી બનનાર બધા સાથે એક થાય છે. અગ્નિમાંથી શ્વેત કમલ આ રીતે પ્રગટે છે.

જો આ બેમાંથી એકાદ પણ ભાવના તરછોડશું તો બીજી ભાવના આપોઆપ સરકી જશે. બંને ભાવના એકબીજામાં પ્રાણ પુરે છે, વેગ પુરે છે. જો એક જ ભાવનાને પકડશું તો જીવનનો સર્વાંગી વિકાસ નહીં થાય. વિકાસ હંમેશા સમગ્રતામાં છે ટુકડામાં નહીં એકાંગી વિકાસ તે સોજો છે, પુષ્ટપણું નહિ. ધર્મ શરીરમાં આપણે સ્નાયુઓનો સોજો નથી જોઇતો પણ પુષ્ટપણું જોઇએ છે.

જીવન જીવવું જો શકય બનાવવું હોય તો દરેક સાથે સમાધાન અને સંવાદ જરૂરનો છે. કેવળ વિરોધ અને સંઘર્ષની ધારી પર જીવનચક્ર ધીમી શકતું નથી.

પ્રત્યેક વિરોધી વસ્તુ કે વ્યક્તિ સાથે પ્રેમમય સમાધાન કરવાની સક્રિય નિપુણતા તે જ ધાર્મિકતા છે. જીવ જેમ પોતાનું એકલવાયા આત્માનું મસ્તીભર્યું એકાકીપણું અનુભવે છે તેમ તેની સમગ્રતા સર્વજીવરાશિ પ્રત્યે આર્દ્ર કરૂણા ધારણ કરે છે સ્વસંવેદનનું નિરવધિ સુખ 'મારી જેમ સૌને મળો.' આ વેદનાનું મોતી તેનામાં પાકે છે.

આ લેખમાળામાં પહેલા એકત્વભાવનાનું મહત્વ સ્થાપિત કર્યું છે. પછી મૈત્રીભાવનાનું મહત્વ સ્થાપિત કર્યું છે. બંને ભાવનાનું મહત્વ સમાન છે. એક રતિભર પણ ઓછુંવત્તુ નથી. એકત્વ ભાવનામાં આવેલ આત્મમૈત્રીની વાત અને મૈત્રીભાવનામાં આવેલ વિશ્વમૈત્રીની વાત એકબીજાની વિરોધી નથી. પણ એકબીજાનું પ્રાણતત્વ સ્થાપિત કરે છે. બંને એક બીજા માટે અનિવાર્ય છે.એક બીજાના સહઅસ્તિત્વમાં સાર્થક છે.

---

( અનુસંધાન પાન ૨૦૪ થી ચાલુ )

અવાજ કે સંચર આવતો નહોતો. શું બધા નિદ્રાધિન હશે? પણ આમ કદી બને નહિ...કમલા અને શ્રી સુંદરી તો પ્રાતઃકાળે જાગનારાં છે....શું બન્યું હશે?

આવા વિચાર કરતો કરતો તે સીધો પોતાના શયન ખંડ તરફ ગયો. શયન ખંડનું દ્વારા અટકાવેલું જ હતું. કમાડને ધક્કો મારીને વંકચૂલ ઓરડામાં ગયો....અને પલંગ પર નજર પડતાં જ તેને પગથી તે માથા સુધી અગ્નિજાળ વ્યાપી ગઈ... તરત તેણે કમ્મરે લટકતી તલવાર મ્યાન મુક્ત કરી અને પત્ની તેમજ પત્ની સાથે સૂતેલા કોઇ અજાણ્યા પુરુષનાં મસ્તક એક જ ઝટકે ઉડાડી દેવાના આશય સાથે તે ખુલ્લી તલવારે આગળ વધ્યો....

અને પોતે તલવાર ઉત્તોલિત કરે તે પહેલાં જ આચાર્ય ભગવંત પાસેથી લીધેલો નિયમ યાદ આવ્યો અને તરત તે દસ કદમ પાછો ફર્યો... પરંતુ પાછા ફરતાં ક્રોધના ને આવેશના કારણે તેની તલવાર એક ત્રિપાદ સાથે ભટકાણી.

એના અવાજથી તુરત કમલારાણી જાગી ગઇ... અને પુરૂષ વેષધારિણી શ્રી સુંદરી પણ સફાળી બેઠી થઈ ગઇ....ભાઇને ક્રોધથી લાલ બનેલો જોતા જ શ્રી સુંદરી બોલી ઉઠી : 'કેમ ભાઇ, શું થયું છે? અત્યારે એકાએક....'

વંકચૂલે હાથમાંની તલવાર ફેંકી દીધી અને બહેનના બંને હાથ પકડી લેતાં કહ્યું ; 'બહેન, આચાર્ય ભગવંતે નિયમ ન આપ્યો હોત તો આજ મારા હાથે ભયંકર અન્યાય થઈ જાત... ઓહ, ધન્ય છે સંસારનું કલ્યાણ ઈચ્છતા પરમ કૃપાળુ જૈન મુનિઓને !'

કમલારાણીએ પુછ્યું : 'પણ થયું શું?'

વંકચૂલે પત્નીના ખભા પર હાથ મૂકીને પોતાને કયા કારણે ક્રોધ થયો તે વાત કરી.

બંને હસી પડી...શ્રી સુંદરીએ હસતાં હસતાં કહ્યું : 'ભાઈ, આપણા ગામમાં એક નટ મંડળી આવી છે, હું ને ભાભી રાતે નાટક જોવા ગયાં હતાં...આખું ગામ આવ્યું હતું...છેક સવારે અમે ઉજાગરાના લીધે સૂઇ ગયા...'

વંકચૂલે બે હાથ જોડી મનમાં આચાર્ય ભગવંતનું સ્મરણ કરી નમસ્કાર કર્યા. (ક્રમશઃ)

# વિશ્વ ઉદ્ધારક ભ. શ્રી મહાવીરદેવ

પૂ. પંન્યાસજી મહારાજ શ્રી કીર્તિવિજયજી ગણિવર.

ભગવાન શ્રી મહાવીરદેવનાં અદ્‌ભુત વ્યક્તિત્ત્વ પર પ્રકાશ પાથરતો ને ભગવાનની અનુપમ મહત્તાને બિરદાવનારા આ લેખનો પ્રથમ હપ્તો વર્ષ: ૨૦; અંક: ૨; તા. ૨૦–૪–૬૩ માં પ્રસિદ્ધ થયા બાદ તેનો બીજો હપ્તો અહિં પસિદ્ધ થાય છે. ભગવાનના લોકોત્તર ઉપદેશામૃતના નિર્મલ પ્રવાહના પ્રેરણાં અહિં વહી રહ્યા છે. સર્વ કોઇ 'કલ્યાણ' પ્રેમી વાચકો તેનું પાન કૃતાર્થ થાય! એ વિનમ્ર વિનંતિ! 'કલ્યાણ' પ્રત્યેના અપૂર્વ આત્મીયભાવથી પૂ. મહારાજશ્રીએ લેખ તૈયાર કરીને મોકલેલ છે.

પ્રભુ શ્રી મહાવીરદેવે આત્મકલ્યાણ માટે કેવો અનુપમ પુરૂષાર્થ ખેડ્યો હતો. કર્મ શત્રુઓની સાથે અવિરત તેઓ ઝઝુમ્યા હતા. એક ક્ષણ પણ જંપીને બેઠા નથી. જેને આત્માની જ્યોતિ ઝળકાવવી હોય તેને બેસી રહેવાનું ન હોય! ત્યાં નિર્માલ્યતા કે નામર્દાઇ કામ ન આવે. પરમાત્માના જીવનનો એક એક પ્રસંગ આપણને અપૂર્વ બોધપાઠ આપે છે. અનેરો પ્રકાશ પાથરે છે અને આપણા નિષ્પ્રાણ જીવનમાં પ્રાણ પૂરી જાય છે. એઓ આર્ય પ્રજાને હાકલ કરે છે. અને ડિંડિમ પીટીને જાહેર કરે છે, કે 'હે મહાનુભાવો! હે ભાગ્યવાનો! જાગો જાગો! મોહ નિદ્રાને ત્યાગો અને આગ્રહથીજ આત્મસિદ્ધિના પવિત્ર પંથે પગલા માંડો, અને આ માટે સતત પુરૂષાર્થ કરો, વિઘ્નો અને અંતરાયોની સામે ઝઝુમો.' 'કાળા માથાનો માનવી શું ન કરી શકે' પરમાત્માના આત્મામાં જે બળ શક્તિ અને સામર્થ્ય હતા તેજ આપણા આત્મામાં પણ છે. એમણે કર્મરૂપ માટીને અહિંસા, સંયમ અને તપરૂપ અગ્નિ દ્વારા દૂર કરી આત્માને સુવર્ણથી પણ અધિક તેજસ્વી બનાવ્યો. આપણે પણ અહિંસા, સંયમ અને તપ દ્વારા એ ચીકણા કર્મોને વિખરી નાંખી શુદ્ધ અને નિર્મળ બની શકીએ છીએ. જરૂર છે માત્ર પુરુષાર્થની, વીર્ય ફોરવવાની. એ માટે તુચ્છ ભોગ વિલાસને તિલાંજલિ આપવી પડશે. સુખ શય્યાનો ત્યાગ કરવો પડશે. એ પવિત્ર માર્ગે પ્રયાણ કરતાં કંટકો, વિઘ્નો અને ઉપદ્રવ આવશે એની સામે કટિબદ્ધ થઇ સામી છાતીએ લડવું પડશે. જુઓ પછી સિદ્ધિ કંઇ દૂર નથી, 'કાર્યં સાધયામિ વા દેહં પાતયામિ' એ માટે સમતા અને ક્ષમાના ભવ્ય આદર્શોને સન્મુખ રાખવા પડશે, ધ્યેયને વળગી રહી અવિરત સાધના કરશો તો જરૂર શિવ રમણી આપણા કંઠમાં પણ વરમાળા નાંખશે. જેથી આપણે હંમેશ માટે આધિવ્યાધિ અને ઉપાધિથી મુક્ત થઈ શાશ્વત સુખના ભોક્તા બનીશું. અનંતના ધામે અનંત આનંદ સાગરમાં ઝીલીશું.

## મહાવીર પ્રભુનો ઉપદેશ

સર્વજ્ઞ–સર્વદર્શી અને સર્વ શક્તિમાન એ પરમાત્માએ જગતને દિવ્ય સંદેશો પાઠવ્યો હતો કે, 'હે ભવ્યો! ભૂલા કાં ભમો છો, ચકરાવે કાં ચઢો છો. આ જગતમાં કોઈ કોઈનું નથી. સૌ સ્વાર્થના સગા છે. કોઈ આપણો દુશ્મન નથી. કોઈ આપણો વૈરી નથી. ખરા દુશ્મનો અને વૈરી તો કર્મો છે. માટેસૌ સાથે મૈત્રી ભાવ રાખો. આત્મામાં અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ અને અનંત વીર્યનો ખાજાનો ભર્યો છે. આત્માની આડે કર્મોના આવરણો આવેલા છે તેના લીધે એ બધી શક્તિઓ, એ બધુ જ્ઞાન આપણું ઢંકાઇ ગયું છે, અવરાઈ ગયું છે. જેમ સૂર્યનો પ્રકાશ આડા કાળા વાદળા આવી જતા અવરાઈ જાય છે પણ જ્યારે જોરદાર પવન ફુંકાય છે ત્યારે

એ વાદળા વેરવિખેર થઈ જાય છે, અને સૂર્યનો પ્રકાશ ચોમેર પથરાય છે. તેમ કર્મરૂપ વાદળાઓ અહિંસા, સંયમ અને તપરૂપ પવન દ્વારા જો વિખેરી નાંખવામાં આવે તો પણ આપણો આત્મા પોતાનાં સ્વરૂપને પ્રગટાવી શકે છે. ત્રણે લોકના, ત્રણે કાળના સમગ્ર ભાવોને ક્ષણ ક્ષણમાં પલટાતી દુનિયાને જાણવાની અને જોવાની તાકાત આપણા આત્મામાં છે.'

આવું અપૂર્વ તત્ત્વજ્ઞાન આપી ભગવાન મહાવીરે જગત ઉપર મહાન ઉપકાર કર્યો છે. પ્રભુ મહાવીર કરુણાના અવતાર, અહિંસાના પયગંબર, દયાના સાગર, વિશ્વના ઉદ્ધારક અને સમતાના ભંડાર હતા. આવા એક પરમ પુરુષની સાથે બિચારા અજ્ઞાન આત્માઓ અજ્ઞાનતાથી તુચ્છ નાચીજ વ્યક્તિ સાથે સરખામણી કરવાની બાલિશ ચેષ્ટા કરે છે એ તો સૂર્યને ખદ્યોત–આગીયા સાથે અને રાજાને હજામ સાથે સરખાવવા જેવું છે. ભગવાન મહાવીરે પ્રરુપેલા સિદ્ધાંતોને કથન કરેલા ઉપદેશોને જગત જો સારી રીતે સમજે તો આજે જે અશાંતિ અને કલેશની હોળી સળગી રહી છે. તે આપોઆપ શમી જાય.

પ્રભુ મહાવીરને નિર્વાણ પામ્યે આજે ૨૫૦૦–૨૫૦૦ વર્ષાં વીતવા છતા એમનો યશો દેહ અમર છે. એમણે કરેલો જ્ઞાનનો પ્રકાશ આજે પણ ઝળહળી રહ્યો છે. જેને ઉદ્ધારની તમન્ના છે અને જેને સુખ અને શાંતિની ઈચ્છા છે તેમણે ભગવાન મહાવીરે ચીંધેલા પથે ચાલવું પડશે, એમનો ઉપદેશ જીવનમાં ઉતારવો પડશે અને આચરણમાં મૂકવો પડશે.

આજે અહિંસા, અહિંસાના પોકાર જરૂર કરીએ છીએ પણ એ અહિંસાના પોકાર કરનારાઓ જ આજે અહિંસાના નામે કેવી કત્લે આમ ચલાવી રહ્યા છે, કેવા હિંસક ઉદ્યોગો અસ્તિત્વમાં આવી રહ્યા છે. ઉંદર સપ્તાહ અને વાનર સપ્તાહ જેવા સપ્તાહો છડે ચોક ઉજવાય છે. એ શું આ આર્યાવર્તના આસ્તિકોને શોભે! ખરેખર ભારતવાસીઓને આમાં શરમાવા જેવું છે.

પ્રભુ મહાવીરદેવે જગતના જીવોને કલ્યાણનો માર્ગ દર્શાવતા જણાવ્યું કે, 'જેને આત્માનો ઉદ્ધાર કરવો હોય, સાચું સુખ અને સાચી શાંતિ પ્રાપ્ત કરવી હોય તો જગતના તમામ જીવોનું કલ્યાણ કરો પછી ભલે તે નાનો હોય કે મોટો હોય, સૂક્ષ્મ હોય કે બાદર હોય, એકેન્દ્રિય હોય કે પંચેન્દ્રિય હોય, આ દેશનો હોય કે પરદેશનો હોય, માનવ હોય કે જનાવર હોય, ગમે જાતિ–કુલ કે યોનિમાં જન્મ્યો હોય, ગમે ત્યાંનો હોય. સૌનું એક સરખી રીતે રક્ષણ કરો! કારણ સૌને સુખ ઈષ્ટ છે અને દુઃખ અનિષ્ટ છે. સૌ જીવવાને ચાહે છે. કોઈ પણ જીવ આત્મા મરવા નથી ચાહતો વિષ્ટામાં રહેલો કીડો વિષ્ટામાં રહીને પણ એ જીવનને ચાહે છે. કારણ સૌને જીવન પ્રિય છે, સૌને પ્રાણ વ્હાલા છે. સર્વસ્વના ભોગે પણ સૌ પોતાનું રક્ષણ કરવા માંગે છે. ચક્રવર્તી ચક્રવર્તીનું સમગ્ર રાજ્ય આપવા તૈયાર થાય તોય કોઈની તાકાત નથી કે જીવનની આયુષ્યની એક પળ કોઇ વધારી શકે. માટે સૌથી વધુમાં વધુ કિંમતી જીવન છે. હરેકનો આત્મા સરખો છે, ભલે તે કીડી હોય કે કુંજર હોય, નાનો હોય કે મોટો હોય. આ જીવો પોત પોતાનાં કર્મ અનુસાર વિવિધગતિમાં પરિભ્રમણ કરે છે. પણ આત્મા સૌનો સરખો છે. જેમ આપણને દુઃખ થાય છે તેમ સૌને દુઃખ થાય છે. જેમ આપણા પગમાં જરાક કાંટો વાગે છે ત્યારે હોય વોય કરીએ છીએ ત્યારે બીજા જીવોને ભાલા, બરછી તીર કે તરવારથી કાપી નાખવા એ શું ન્યાય છે! શું એને દુઃખ નહિ થાય. હાથીના શરીરમાં, આત્મા હાથી જેટલી જગ્યામાં ફેલાઇને રહે છે. અને કીડીના શરીરમાં સંકોચાઇને રહે છે પણ સ્વરૂપે સૌ સરખા છે. સ્વરૂપે સૌ સરખા હોવા છતાં સૌ પોતપોતાના કર્મ અનુસાર સુખદુઃખનો અનુભવ કરે છે. વિવિધ યોનિ અને ગતિમાં પરિભ્રમણ કરે છે, અને અનેકવિધ યાતના–પીડાનો ભોગ બને છે. માટે જો સુખી થવું હોય તો, બીજાને સુખી કરવાથી સુખ મળશે. 'જીવો અને જીવવા દો' એ ભાવના પણ સંકુચિત છે. પરમાત્મા તો

કહે છે કે 'પોતાના ભોગે પણ બીજાનું રક્ષણ કરો.' કેવી ઉદાર ભાવના, કેવી વિશાળ ભાવનાં. મેઘરથ રાજા એક પારેવા ખાતર પોતાનું બલિ-કરવા તૈયાર થયા હતા. ભગવાન શાંતિનાથ સ્વામીના આત્મા જ પૂર્વે મેઘરથ રાજા હતા. મેઘકુમારનો જીવ પૂર્વે હાથી હતો. ત્યારે એ હાથીના જીવે એક સસલાની ખાતર પોતાના જાનની પરવા ન કરતા સસલાનું રક્ષણ કર્યું હતું. માટે સૌનું રક્ષણ કરો, સૌનું ભલુ કરો, બુરું કરે તેનું પણ ભલુ કરો' આમ દિવ્ય સંદેશ પાઠવી પ્રભુ મહાવીરે જગતના જીવોને કલ્યાણનો માર્ગ ચીંધ્યો અને એમણે લલકાર્યું કે, 'મિત્તિમેસવ્વ ભૂએસુ' જગતના સઘળા ય જીવો આપણા મિત્ર સમાન છે. મિત્રનું કોઈ અહિત કરવા બુરુ કરવા તૈયાર થતું નથી. સર્વ જીવો તો શરીરના અંગોપાંગ સમા છે. જેમ આંગળી કપાય તો આપણને જ દુઃખ થાય છે અને અંગુઠો કે હાથ કપાય તો પણ આપણને દુઃખ થાય છે. કારણ કે એ આપણું જ અંગ છે, એમ દુનિયાના સમસ્ત પ્રાણીગણને જો આપણા અંગોપાંગ તરીકે માનીએ તો કોઇને પણ હેરાન પરેશાન કરવાની વૃત્તિ ન ઉદ્દભવે, કેટલાકો માનવ સેવાના નામે જનાવરોની કત્લેઆમ કરી નાંખે છે. આ વૃત્તિ એ હિંસક વૃત્તિ છે. જાનવરમાં પણ જીવ છે, તે પણ જીવવા ચાહે છે એને પણ જીવન પ્રિય છે. એ બિચારા નિર્બળ અનાથ મૂક અને પોતાનું દુઃખ વ્યકત કરવા અસમર્થ છે. બાકી એના ઉપર દુઃખ આવી પડતાં એની આંખોમાંથી અશ્રુધારા વહેતી આપણે જોઇ શકીએ છીએ.

માનવ એક સબળ-બળવાન પ્રાણી છે, બળવાનની એ ફરજ છે કે નિર્બળનું પ્રથમ રક્ષણ કરવું. ઝરણાનાં પાણી પીનારા ઘાસચારો ચરી નિર્દોષ રીતે પોતાનું જીવન વ્યતીત કરનારા એવા નિર્દોષ જીવો ઉપર જુલમ ગુજારવો કે છરી ચલાવવી કે એને નિર્દય રીતે પીડવા એ માનવનું કર્તવ્ય નથી, એ છે દાનવવૃત્તિ એ છે પાશવીવૃત્તિ.

માટે સૌનું એક સરખું રક્ષણ કરો એ ઉપદેશ ભગવાન મહાવીરનો હતો અને છે. ભગવાન મહાવીરે કથન કરેલ કર્મનું બારીક તત્વજ્ઞાન એ ખાસ જાણવા જેવું છે, જેના ઉપર હજારો નહિ બલ્કે લાખો શ્લોક પ્રમાણ વિવરણ છે. જીવ કોને કહેવાય? અજીવ કોને કહેવાય? પુણ્ય પાપની વ્યાખ્યા, આત્માનું સ્વરૂપ, કર્મનું સ્વરૂપ, આત્મા કર્મના બંધનોથી કેવી રીતે છૂટે વગેરે ખૂબ સુંદર રીતે યુક્તિ દલીલથી ઝીણવટ પૂર્વક સમજાવ્યું છે,

ભગવાન મહાવીરે પ્રરૂપેલ સ્યાદ્વાદ સિદ્ધાંત એ ખાસ જાણવા સમજવા જેવો છે. જૈનધર્મનો એ પાયો છે. સઘળાય ધર્મોને એ પોતાનામાં કેવી સુંદર રીતે સમાવી લે છે માટે જ તેને સાગરની ઉપમાં આપવામાં આવી છે. અન્ય દર્શનો એક એક નયને વસ્તુના એક અંશને સ્વીકારે છે માટે તે સરિતા સમાન છે. બધી નદીઓ છેલ્લે સાગરમાં જઇને ભળે છે. સ્યાદ્વાદ એટલે સાપેક્ષવાદ, અનેકાન્તવાદ, સ્યાદ્વાદ એટલે વસ્તુનું યથાર્થ કથન સ્યાદ્વાદને કોઈ સંશયવાદ કહી યથેચ્છ પ્રલાપો કરવા તૈયાર થાય છે. એ એમની અનભિજ્ઞતાનો એક નમુનો છે. સ્યાદ્વાદ સિદ્ધાંતને જો યથાર્થ સમજવામાં આવે તો સઘળાય વિરોધો સ્હેજે શમી જાય, રગડા-ઝગડા મટી જાય અને સુર્વત્ર શાંતિ સ્થપાય.

ભગવાન શ્રી મહાવીરદેવે અપરિગ્રહવાદની પ્રરૂપણા કરી જગતને સંતોષી જીવન ગાળવાનું શીખવ્યું. જરૂરીયાતને ઓછી કરી સાદાઈથી જીવન જીવવાની પ્રેરણા કરી. લોભવૃત્તિ-પરિગ્રહવૃત્તિ એ માણસને અશાંત અને આકુળ વ્યાકુળ બનાવી દે છે ક્રોડો હોવા છતાં એના જીવનમાંથી શાંતિ દૂર-સુદૂર ચાલી જાય છે. થોડું મળવા છતાં એમાં જ જો સંતોષ રાખવામાં આવે તો તે વ્યક્તિ ક્રોડાધિપતિ કરતાં પણ અધિક સુખનો અનુભવ કરે છે.

પરમાત્માએ પાંચ મહાવ્રતો અને બાર વ્રતોનું સ્વરૂપ દર્શાવી સાધુ ધર્મ અને ગૃહસ્થ ધર્મનું સુંદર દર્શન કરાવ્યું. ભગવાન શ્રી મહાવીરદેવે અહિંસા ધર્મનો વિજયવાવટો વિશ્વમાં ફરકાવી સકળ વિશ્વ ઉપર અથાગ અને અસીમ ઉપકાર કર્યો છે.

# વહેતાં ઝરણાં

શ્રી રાજેશ.

જીવનમાં દયા, પરોપકાર, તથા માનવતા પ્રેરક અનેક ઉપયોગી પ્રસંગ ચિત્રો ખાસ 'કલ્યાણ' માટે અહિં રજૂ થતાં રહે છે. સર્વ કોઈ વાંચે, વિચારે ને પ્રેરણા મેળવે !

⊙

## ૧ : જીવો અને જીવવા દો

ઈ. સં. ૧૯૪૦ની આ વાત છે. ગાંધીજીના સેવાગ્રામ આશ્રમમાં શ્રી પરચુરે નામના એક શાસ્ત્રીજી હતા. તેઓ કોઢના રોગથી સખત પીડાતા હતા. ગાંધીજી તેમના માટે ઘણા ઘણા પ્રયોગો કરતા પણ આરામ થતોજ ન હતો. ગાંધીજી જાતે જ તેમને માલીશ કરતા, ઘા સાફ કરતા, દવા લગાવતા. એક વખત ગાંધીજી શાસ્ત્રીજીને માલીશ કરી રહ્યા હતા, તે વખતે જાણીતા કાર્યકર શ્રી સુંદરલાલજી તેમની બાજુમાં ઉભા હતા. તેમણે કહ્યું: 'બાપુ ! કોઢની એક અકસીર દવા છે. કાળા સાપને પકડી તેને કોરા માટલામાં ભરી એને માટીથી બંધ કરી દેવાનું. પછીથી માટલાને અગ્નિમાં એવું સખત ગરમ કરવું કે અંદર રહેલો સાપ બળીને ભસ્મ થઇ જાય, આ રાખનું મધ સાથે સેવન કરવાથી ગમે તેવો કોઢ પણ નષ્ટ થઈ જાય.' ગાંધીજી ઉત્તર આપવા જતા હતા ત્યાં જ શ્રી પરચુરે બોલી ઉઠ્યા :

'બાપુ ! આવો પ્રયોગ કદી ન કરશો. સાપને બદલે કદાચ આપણને બાળવામાં આવે તો કેટલું દુઃખ થાય ? આપણા જેવો એનો પણ જીવ છે. એ બિચારાએ કયો અપરાધ કર્યો છે કે એને જીવતો બાળી નાંખવામાં આવે ! આવું નિર્દય કૃત્ય આપણા જીવતર ખાતર કદી જ ન કરવું જોઇએ. મેં પાછલા ભવમાં પાપ કર્યાં હશે તે આ ભવમાં ભોગવી રહ્યો છું. હવે બીજા જીવોની હત્યા કરી હું પાપનો બોજ વધુ માથે લઉં તો આવતા ભવમાં મારી કઈ દશા થાય ?'

શાસ્ત્રીજીના શબ્દો સાંભળી ગાંધીજી શાબાશી ઉચ્ચારી રહ્યા. આજે જ્યારે ચેપી રોગને નાબુદ કરવા વાંદરા વગેરે હજારો જીવોની નિર્દય કતલ કરનાર ગાંધીજીના અનુયાયીઓ એ કઈ આંખે કામ કરી રહ્યા છે તે કલ્પવું મુશ્કેલ છે...જો માનવ બીજાની સલામતી નહી ઈચ્છતાં પોતાની જ સલામતી ઇચ્છતો હશે તો તે કદી સુખ-શાંતિ પામી શકવાનો જ નથી.

## ૨ : બોલથી તોલ

અકબર બાદશાહ અને કવિ ગંગ વાર્તા વિનોદ કરી રહ્યા હતા. તેજ વખતે બાદશાહે સહસા પ્રશ્ન પૂછયો. કવિવર ! માનવીની કિંમત-તોલ કઈ રીતે થાય...કવિ ગંગે પોતાની કવિતા લલકારતાં ઉત્તર આપ્યો.

નામવર બાદશાહ !

કુપાત્ર કી પ્રીત કહાં. ખાત બીન ખેત કહાં.
મુહબ્બબીન મિત્ર વાકો ચિત્તહન જાનિયે...૧

---

મોટા મોટા રાજાઓ અને લાખોની સંખ્યામાં તેમનો અનુયાયી વર્ગ હતો. પાવાપુરીમાં ૭૨ વર્ષનું પૂર્ણ આયુષ્ય ભોગવી નિર્વાણ પામ્યા હતા. ત્યારથી દિવાળી પર્વની શરૂઆત થઈ.

આપણે એમનું નામ સ્મરણ કરી એમના ગુણગાન કરી અને એમના ચીંધેલા માર્ગે ચાલી એમનાં કલ્યાણક પર્વોની સાચી ઉજવણી કરીએ.

એમણે કથન કરેલા સિદ્ધાંતો અને આદર્શોને વિશ્વમાં વહેતા મૂકી આપણે સમાજ-રાષ્ટ્ર અને વિશ્વને સન્માર્ગે આણવાનો પ્રયાસ કરવા કટિબદ્ધ થવું જોઇએ, જેથી જગત સુખ શાંતિ અને આબાદીનો અનુભવ કરે.

શિવમસ્તુ સર્વ જગતઃ
પરહિત નિરતા ભવન્તુ ભૂતગણાઃ
દોષાઃ પ્રયાન્તુ નાશં
સર્વત્ર સુખી ભવન્તુ લોકઃ ॥

મતિબીન મર્દ કહાં. અર્થ બીન કવિ કહાં.
નુર બીન નાર કહાં પશુકર જાનિયે...૨
નોલાં બીન ફોજ કહાં. હસ્તીબીન હોદ્દે જેસે.
દોલત બીન દેતે દાન, દેવ કર માનિયે...૩
કહત હે કવિ ગંગ સુનોં અકબર શાહ,
આદમીકો તોલ એક બોલ મેં પિછાનિયે...૪

એટલે કે, કુપાત્રની પ્રીતિ તે શું? ખાતર વગરનું ખેતર શું? ને મહોબ્બત વગરના મિત્રને ચિત્તમાં ચોંટાડવો નહિ.

મતિ-બુદ્ધિ વગરનો પુરુષ શા કામનો? તેજ વિનાની સ્ત્રી શા કામની! તેમ જ ઉંડા અર્થ વિનાનો કવિ પણ પશુ સમાન છે.

સેનાપતિ વિનાની ફોજ અને હોદ્દા વિનાનો હાથી શું કામનો? જે માણુસ પાસે પૈસા નથી છતાં દાન આપે છે તે દેવ સમાન જાણુવો.

ગંગ કહે છે કે 'બાદશાહ! આપ સાંભળો આદમીના બોલ માત્ર અને કિંમત માત્ર તેના બોલથી વાણીથી પિછાની શકાય છે.

એક એક શબ્દ બોલતાં વિચાર કરવાની જરૂર છે. શબ્દ શકિતને વેડફી નાંખનાર સજ્જન કોટિમાં ન જ ગણાય.

### ૩ : કરણી તેવી પાર ઉતરણી

જબલપુરી ૮૦ માઇલ પર આવેલા ડીડોટી ગામમાં એક ભુવો રહેતો હતો. ઘણા ઘણા સાપોનાં ઝેર એણે ઉતાર્યાં હતાં. સર્પનું ઝેર ઉતારવામાં એ પંકાઇ ગયો હતો. ઘણે દૂરથી લોકો તેની પાસે ઝેર ઉતરાવવા આવતા.

એ ભુવો એક જંગલમાંથી સાપ લાવ્યો. તેના દાંત કાઢી સાપને ખૂબ કનડગત કરવા લાગ્યો.. સાપ એક વખત ચાલાકીથી છટકી જવા લાગ્યો ભુવાએ પત્થર મારી તેને મારી નાંખ્યો.

ત્રણ દિવસ પછી પેલા મરી ગયેલા સાપના જેવો જ ઘોર કાળા નાગે ત્યાં દેખા દીધી. સર્પ વિદ્યાના જાણકાર ભુવો તેને પકડવા તૈયાર થયો. લોકો એ ભુવાને સાપ ન પકડવા ઘણી પ્રાર્થના કરી પણ જીદે ચઢેલો એમ માને ખરો? સાપને પકડ્યો... એના ઝેરી દાંત જે વખતે પાડવાની તે તૈયારી કરતો હતો તે જ વખતે સાપ છુટો થઇ તરત જ ભુવાની પીઠમાં કમર અને માથા પર ખૂબ જ જોશથી ડંખ મારી તુરત જ અદ્દશ્ય થઇ ગયો...

બીજા લોકોનું ઝેર ઉતારનાર ભુવો જ સાપના ઝેરથી ૧૫ મિનીટમાં મૃત્યુ પામ્યો...

લોકો કહેવા લાગ્યા કે, ભુવાએ જે સાપને માર્યો હતો તે સાપના જેવો જ આ સાપ હતો. તેનો સગો ભાઇ હોય તેવો જ લાગતો હતો... જેવી કરણી કરો તેવું ફળ તો પ્રત્યક્ષ મળી જાય છે.


भारत सरकार से रजिस्टर्ड

**सफेद दाग**

दवा का मूल्य ५) रु० डाक व्यय १।) रु०
विवरण मुफ्त मगाकर देखिये ।

**एक्झिमा** दवा का मूल्य ५) रु०
डाक व्यय १।) रु०

आप भी एक बार अनुभव कर देखिये ।
वैद्य के. आर. बोरकर. (४०३)
मु० पो० मंगरुलपीर, जि० अकोला (महाराष्ट्र)



**શ્રી મહાવીર જૈન સ્નાત્ર મંડળ-મુંબઈ**

**સ્નાત્ર-મહોત્સવ**

મુંબઇમાં પાયધુની પર આવેલ શ્રી મહાવીર સ્વામીના દેરાસરજીમાં હંમેશા સંગીત સાથે સવારના સાડા સાત વાગે સામુદાયિક સ્નાત્રપૂજા ભણાવવામાં આવે છે, તો દરેક ભાઇઓને લાભ લેવા વનંતિ

લી૦ સંઘસેવકો

મણિલાલ રામચંદ * ચંદુલાલ જેઠાલાલ
પ્રભાસપાટણવાળા ખંભાતવાળા

# જીવોને બચાવો!

શ્રી બ્રહ્મક્ષત્રિય ડો. શ્રી યોગી-દહીસર, મુંબઈ.

ભારત સરકાર દેવનારના કતલખાનાની યોજના જે વિચારી રહી છે, તેને અંગે પોતાના વિચારો ડો. શ્રી યોગી અહિં રજૂ કરીને નમ્રભાવે આગ્રહ કરે છે કે, કોઈપણ જીવની હિંસામાં સુખ નથી તો ઉપયોગી જીવોની હિંસામાં સુખ કે સંપત્તિ કયાંથી હોય? આર્થિક દૃષ્ટિયે પણ પશુ રક્ષા કેટલી ઉપયોગી છે, તે અહીં લેખક સૂચવે છે. લેખકના વિચારો એ દૃષ્ટિયે અવગાહવા અમારો વાચકોને આગ્રહ છે.

⊙

વિદ્વાનો કહી ગયા છે કે 'જો મત પીછે ઉપજે, સો મત આગે હોય. ગુરુ કહે સુન બાલકા, કાર્ય ન બિગડે કોય,' ઈશ્વરી અવાજ કરી જાય છે કે સર્વનું કલ્યાણ ઇચ્છનારનું પોતાનું તો કલ્યાણ અવશ્ય થાય છે. આ કુદરતી નિયમ અનુસાર ભારત સરકાર કરોડો મહાજનોના અવાજનો આદર કરી બે કરોડના ખરચે કરવા ધારેલા દેવનાર મધ્યેના અદ્યતન કતલખાનાની યોજનાને હાલ પડતી મુકી એ રકમ પશુ રક્ષા, પાલન, ઉછેર પાછળ ખર્ચી ભારતમાં ઘી દૂધની નદીઓ વહાવે અને પશુઓનું મોટા જથ્થામાં ખાતર મેળવી ખેતી ઉત્પાદનમાં અજબ વધારો કરી શકે છે. પશુ રક્ષામાં જ માનવ રક્ષા સમાયેલી છે, અને એ રીતે અહિંસાને ઉત્તેજન આપી કલ્યાણકારી માર્ગ અપનાવી શકે છે. કાગડાની ચાંચ અને કબુતરની ચાંચ, કાગડાનો સ્વભાવ અને કબુતરનો સ્વભાવ, વિગેરે જોતા માનવનો આહાર માંસ તો ન જ હોઇ શકે. હવે માનવ હજારો વર્ષ પહેલા જેવો જંગલી દશામાં જીવતો નથી જે જમાનામાં ગણ્યા ગાંઠ્યા જંગલી માનવોએ માંસ અપનાવ્યું હોય તો તે માંસ ખાનારા એ જમાનામાં જંગલીપણાને લીધે વસ્ત્રો પણ પહેરતા જ ન્હોતા, વિદ્યાભ્યાસ પણ ન હતો, અનાજનું ઉત્પાદન કે રસોઇ બનાવવાની અણુ આવડત હતી. આવા સંયોગોને આધીન થઇને માનવે જંગલી દશામાં સ્વ રક્ષણ ખાતર માંસ અપનાવ્યું હોય એ જુદી વાત છે. આજે તો જીભના સ્વાદ ખાતર ભારતમાં ચાલતી ઘોર પશુ હિંસા ન સહી શકાય એટલી હદે વધી છે એમાં માનવે પોતાના કલ્યાણ ખાતર, પશુઓના કલ્યાણ ખાતર ભારત દેશના કલ્યાણ ખાતર માંસાહાર તજવો તજાવવો એ જ કલ્યાણકારી માર્ગ છે.

કતલખાનામાં ખર્ચાનાર રકમ પશુ રક્ષામાં, ઘી, દૂધની ભારતમાં રેલમછેલ થાય તેમ કરવા કરાવવામાં, તેમજ ઢોરોનું ખાદ્ય ખોળ વગેરે આયાત કરવા પાછળ ખરચી ખરચાવી, ગાયો વગેરે વસાવવા, વધારવા, સુધારવા પાછળ કરવો એ ઉત્તમ માર્ગ છે એથી ભારતમાં જ અનાજની તંગી ઘટશે. ભારતીજનો વધુ બળવાન બનશે તેમજ વીર્યવાન બનવા સાથે માનસિક બળ વધશે અને માનસિક બળને લીધે સંયમિતા તથા સાત્વિકતા આવશે અને જે પ્રજા ઉત્પન્ન થશે તે પણ મહા બળવાન આયુષ્યવાન, વીર્યવાન, બુદ્ધિમાન પેદા થશે ઉપરાંત ભારતમાં હાલ કરોડો માનવો હૃદય રોગ, કેન્સર અને ક્ષયથી પીડાય છે તે પણ પીડાતા દીનપર દીન ઘટશે. ક્ષય મટાડવાની રામબાણ દવા ગાયના ઘી, દૂધ, દહીમાં છે. દવાઓ તો નથી જ નથી. માટે જીવોની રક્ષા કરવી એ જ પરમ ધર્મ છે.

★

# લાલબત્તી :

શ્રી અનંતકીર્તિ

**આપણા સમાજમાં ધાર્મિક સમારંભોમાં આજે રાષ્ટ્રીય આગેવાનોને કે એવા જ દેશની દૃષ્ટિયે મોટા ગણાતા માણસોને પ્રમુખસ્થાને બેસાડવામાં કેટલીક વખતે અર્થનો અનર્થ થઇ જાય છે; શાસનની સેવાને બદલે કુસેવા થઇ જાય છે તે હકીકતને સચોટરીતે પ્રતિપાદિત કરવાપૂર્વક તાજેતરમાં ઉજવાઇ ગયેલ શ્રી મહાવીર ભગવંતના જન્મકલ્યાણક પ્રસંગની ઉજવણીને કઇ રીતે કરવી તે લેખક અત્રે જણાવે છે. ઉપરોક્ત દૃષ્ટિને સન્મુખ રાખીને આ લેખ વાંચવા-વિચારવા અમારો 'કલ્યાણ'ના વાચકોને આગ્રહ છે.**

⊙

યુગનાં વહેણ જે બાજુ વહેતાં એ બાજુ જનસમાજ જાણ્યે અજાણ્યે પણ ઘણી વખત તણાતો જાય છે. તે વખતે ખ્યાલ પણ નથી આવતો કે આ વહેણ કઇ બાજુ વહી રહ્યા છે? ધર્મના કાયદાઓ ધર્મની નીતિઓને યુગની સાથે વહેવા દેવાનો કોઈએ અભરખો સેવવો તે ધર્મને અધર્મમાં પલટવાની એક બૂરી કામના છે. આજે એવો જ ચેપી અભરખો આપણને લાગી રહ્યો છે.

જૈન સંસ્કૃતિ શ્રમણ પ્રધાન છે. શ્રમણ પ્રધાન સંસ્કૃતિમાં ત્યાગીઓનું જ વિશિષ્ટ સ્થાન હોય. રાગી કે ભોગીને જો એમાં અગ્રસ્થાન અપાય તો સમજવું જોઇએ કે સંસ્કૃતિના આપણે ઉપાસક નથી પણ નાશક છીએ.

વીર ભગવાનનાં જન્મ કલ્યાણકો ઉજવવાં એ અહોભાગ્યની વાત છે પણ આવી ઉજવણી વખતે ખોટી વાહ વાહ બોલાવવા, ભગવાનનાં ગુણગાનના સ્થાને રાષ્ટ્રનાં ગીતો ગવડાવવા કોઈ રાજપુરુષને યા તો એવા જ કોઈ જૈનેતરોને કે જૈન સંસ્કૃતિનાં કટ્ટર વિરોધી હોય તેવાઓને સ્થાન આપવું એ ખરેખર! હીણપત ભરેલું છે. લજ્જાસ્પદ છે.

યુગના વહેણમાં આપણો જૈન સમાજ જાણે અજાણ્યે તણાતો જાય છે. ઘણી વખત આપણા શ્રમણ ભગવંતો, બિરાજમાન, અરે! શાસન ધુરંધર સૂરિવરો પણ બિરાજમાન હોય તે વખતે આપણે ભગવાનની નહિ પણ આપણી વાહ, વાહ, બોલાવવા ખાતર, રાષ્ટ્રપુરુષોને નોતરી કેવું બેહુદું પગલું ભરીએ છીએ તે જોતાં કયા જૈનને શરમજનક નહિ લાગે?

ઉદ્‌ઘાટન વિધિઓ, સમારંભો, સભાગૃહો તેમજ તમામ પ્રોગ્રામો આપણા સંસ્કૃતિની સાધના માટેના લગભગ નથી હોતા. એવો જ એક સમારંભ તાજેતરમાં બની ગયેલો યાદ આવે છે ત્યારે હૃદય હચમચી જાય છે.

મુંબઈમાં ઇન્દુમતીબહેન નામનાં શિક્ષિકાની દીક્ષા પ્રસંગે માનપત્ર આપવા આવનાર પ્રમુખ પ્રવક્તાએ કેવું બેઢંગુ પ્રવચન કર્યું હતું? સંસ્કૃતિ વિરોધી, ત્યાગ વિરોધી, આર્યત્વની પણ નાનમ કરાવે તેવું. પ્રવક્તા પ્રમુખે બહેનને સલાહ આપી કે, 'બહેન! તમે દીક્ષા લ્યો એના કરતાં ગૃહસ્થાવસ્થામાં વધુ સેવા બજાવી શકશો, જૈન નામધારી પત્રોએ એની નોંધ લીધી. 'સંદેશ'ના પાને પણ આ સમાચાર ચમકતા જ્યારે મેં જોયા ત્યારે ખરેખર! મને ખૂબ જ દુઃખ થયું....આ તો એક નાનો દાખલો છે.

મહાવીર ભગવાનનાં જન્મકલ્યાણક પ્રસંગના પ્રમુખોનાં ભાષણોની જો નોંધ લેવામાં આવે તો એમાંથી એવા એવા અનર્થકારી વાક્યોનાં ઝુંડ જોવા મળશે, જે સંસ્કૃતિનાં મૂળમાં ઝેર રેડતાં હોય.

આજના લગભગ પ્રચાર ક્રમમાં ઇસુ, બૌદ્ધ અને મહાવીર, આ રીતે ભ. મહાવીરને ત્રીજા નંબરે જ મૂકવા કોશીષ છે. જે જૈન ધર્મ સ્વતંત્ર, અનાદિ અનંત પૂર્વાપર અવિરોધી તત્ત્વોની પ્રરુપણા કરનાર છે. તેનો ઉદ્‌ભવ વેદમાંથી બતાવવામાં આવશે.

આ રીતે આવેલા પ્રમુખો જો રાજપુરુષો હશે તો તેઓ તે ત્યાગ ને બદલે દેશનું જ લાંબુ લચ ભાષણ સંભળાવવાના. ભગવાન મહાવીરને અને

ગાંધીજીને એક પાટલે બેસાડી બંનેની અહિંસાને સમાન ગણાવવાના.

કલ્યાણકો ઉજવવા પાછળ આપણો ઉદ્દેશ એ જ હોવો જોઈએ કે ભગવાન શ્રી તીર્થંકર દેવો સર્વ કર્મથી મુક્ત બની શિવસુખના ભોક્તા બન્યા છે તેમ આપણે પણ એ અજરામર સુખને આત્મસાત્ કરી શકીએ. તેના બદલે જ ઉલટી જ ઉજવણી થતી હોય તો સમજજો કે, 'તે ભગવાનની સેવા નથી કરતા પણ કુસેવા કરે છે.'

આપણા સમાજમાં વિદ્વાનોની, વ્યાખ્યાતાઓની, જરાય ખોટ નથી, ખોટ પડવાની પણ નથી. શ્રમણ ભગવન્તો ન મળે તો સુસંસ્કારી વિદ્વાન શ્રાવક વર્ગ પણ ભગવાનના ગુણ ગાનાર સંભળાવનાર મળી જ જવાના. તો પછી આવો વ્યામોહ રાખી પ્રમુખો શોધી પરિષદો ભરવાની શી જરૂર છે?

ઘણી વખત ભાડૂતી પ્રમુખો શોધવા ખાતર પૈસાનું પાણી કરવું પડે છે, પધારેલાં પ્રમુખને પહેરામણીથી નવાજવા પડે એ ઉપરથી...આવી રીતે ઉછીના પ્રમુખો શોધી આરાધનાને બદલે ઘણી વખત આપણે વિરાધના જ કરીએ છીએ. આપણી જૈન સંસ્કૃતિને આપણે જ બટ્ટો લગાડીએ છીએ...

આપણા આસન્નોપકારી શ્રમણ ભગવાન શ્રી મહાવીરનો ચૈત્ર શુદ ૧૩ ના દિવસે જન્મ દિવસ છે; આ પ્રસંગે દરસાલ જન્મકલ્યાણક ઉજવવો એ આપણી ફરજ છે.

જૈનોમાં 'જયંતી' નહિ પણ કલ્યાણક જ હોય છે. ૨૪ તીર્થંકરોનાં પાંચ પાંચ કલ્યાણકો હોય છે. ચ્યવન, જન્મ, દીક્ષા, કેવલજ્ઞાન, મોક્ષ. ચૈત્ર શુ. ૧૩ નું ભ. શ્રી મહાવીરનું જન્મ કલ્યાણક છે. આ કલ્યાણકની ઉજવણી કરવા દ્વારા જૈનોએ 'સેવ્ય સેવકભાવ'ને સંપૂર્ણપણે સાબીત કરવાનો છે.

એ દિવસે ત્યાગપૂર્ણ જીવન જીવાય. ખોટા આડંબરો જગતના ચાલુ ચિલ્લામાં ફસાઈ જઈ ધર્મ વિનાશક કોઈ પણ તત્ત્વ આપણા હાથે ન પોષાય તેની દરેક જૈન પૂરેપૂરી તકેદારી રાખે એવી આશા રાખું છું.


## આત્મસાધનાની અમૂલ્ય તક

### એકાંત, શાંત અને પવિત્ર વાતાવરણમાં ધર્મારાધના કરવાની સુંદર યોજના

મુમુક્ષુ આત્માઓ સર્વવિરતિ–ચારિત્રના સાધ્યપૂર્વક અંશે પણ દેશવિરતિ રૂપ સંયમી જીવન જીવવા સાથે સુંદર રીતે ધર્મારાધના કરી શકે એ આ સંસ્થાનો ઉદ્દેશ છે.

**(ફક્ત પુરુષો માટે જ)**

પાલીતાણા તળેટીના પવિત્ર વાતાવરણમાં જીવન સુવાસ પ્રગટાવવા માસિક રૂા. ૪૦)માં રહેવા તથા જમવાની ઉત્તમ સાનુકૂળતા છે.

**સભ્ય ફી:**—શ્રી જૈન શ્વે. મૂ. સંપ્રદાયની કોઇપણ પુખ્ત ઉંમરની વ્યક્તિ આ સંસ્થાને રૂા. ૧૦૧) અગર વધારે આપી આજીવન સભ્ય બની શકે છે. સંસ્થામાં સાધક તરીકે રહેવાની કે સભ્ય બનવાની ઈચ્છાવાળાએ નીચેના સિરનામે પત્ર વ્યવહાર કરવો.

**શ્રી જૈન શ્વે. મૂ. મુમુક્ષુ શાંતિનિકેતન**
ઠે. તળેટી, ગિરિવિહાર, **પાલીતાણા**

## તમારી કિંમતી ફાઉન્ટન પેનનું આયુષ્ય લંબાવતી ઉત્તમ શાહી

## હ રિ હ ર

ફ્લ્યુડ : કિંમતી પેન માટે ઉત્તમ છે.
શાહી : લખવા માટે સુંદર છે.
ગુંદર : ઓફીસ વપરાશમાં કરકસરવાળો છે.

**દરેક વેપારીને ત્યાં મળશે.**

એજન્ટો તથા સ્ટોકીસ્ટો જોઇએ છે.

બનાવનાર : **હરિહર રીસર્ચ વર્કસ**
ઠે. માંડવીપોળ, **અમદાવાદ.**

# દક્ષિણ સાગરની સફર

શ્રી પન્નાલાલ જ. મશાલીયા રાધનપુર.

મહાગુજરાતના સુપ્રસિદ્ધ લેખક અહિ તમને ચીન દેશના 'કવાંગટાંગ' બંદરની સફરે લઇ જાય છે, કાનાંગમાં 'હોનમ' નાં મંદિરમાં ભ. શ્રી પાર્શ્વનાથ પ્રભુની મૂર્તિ હતી. બૌદ્ધ મઠમાં એ મૂર્તિ કયાંથી આવી? ને તેની પાછળનો ઇતિહાસ કયો છે? તે હકીકત તમને આ કથા કહેશે. જેમાં એક ભારતીય સજ્જનની ખાનદાની તથા ઉદારતા કઇ રીતે ચોરી કરવા આવનારનાં અંતરને અજવાળે છે? તે તમને અહિ જાણવા મલશે!

દક્ષિણ સાગરના અફાટ વારિ વિસ્તારમાં તારાચંદની આ બીજી સફર હતી. પોતાની સાથે ભારવાઓના મોટા કાફલા સમેત તે આજે ચાર વર્ષે ફરીથી કંતાન નદીની શાખામાં થઇ દક્ષિણ ચીનની રાજધાની 'કવાંગટાંગ' બંદરે ઉતરતો હતો.

જહાજ સરકતાં સરકતાં આખરે 'રિસપોનડીન્ટા' નદીના તટ ઉપર થંભી ગયાં. તારાચંદ પાણીમાં ઉતરી ઝડપથી ધક્કા ઉપર આવી ગયો.

પ્રસિદ્ધ બૌધ્ધ ભિક્ષુ ચુતાંગ વહાણવટી તારાચંદનો પરમ મિત્ર હતો એ પોતાની સુવર્ણ-જડિત નાંગછટ [રિક્ષા] માં બેસી પોતાના આ ભારતીય મિત્રને લેવા સારૂ 'રિસપોનડીન્ટા' નદીના કિનારે પ્રથમથી જ આવી ગયો હતો.

બંનેની પ્રેમભરી દૃષ્ટિનું મિલન થયું.

ચુતાંગ હાથ જોડીને ઉભો હતો.

શેઠે પણ અત્યંત પુલકિત વદને એ બૌદ્ધ શ્રમણના ચરણોમાં અભિવાદન કર્યું. બંનેએ એકબીજાની સુખકારી પૂછી.

'હં, જુઓ, આ કવાંગટાંગની સાંકડી છતાં અત્યંત મનોહર નગરી છે. એની મઆની આરસ જેવી ફૂટપાથ પર ઝરણાંનાં નીરની જેમ ઉભરાતા હજારો માણસો વેગથી ચાલી રહ્યા છે. ચિબાં નાક, ત્રાંસી આંખ અને ઉપસેલા ગાલ વાળા લાખો ચીની ઠીંગુજીઓ અહીં ચાહ, રેશમ, અફીણ, સાકર અને ગરમાળા આદિનો અત્યંત ધીકતો વ્યાપાર ચલાવી રહ્યા છે. રસ્તાની બંને તરફ જાણે કાગળનાં રંગ ફાનસો ગોઠવી મૂકયાં હોય તેમ ચીનાઓના સુંદર આવાસો આવી રહ્યા છે. પગલે પગલે મોટાં વિશાળ બૌધ્ધ-મંદિરો નજરે પડે છે. તેમાંનું એક મંદિર તો ૧૭૫ ફીટ ઊંચુ મોટા પહાડ જેવું દેખાય છે. એના સંઘારામમાં સેંકડો બૌદ્ધ-ભિક્ષુઓ અને શ્રમણેરો 'ધમ્મપદ' અને 'ત્રિપિટક' નો અભ્યાસ કરી રહ્યા છે.

કવાંગટાંગ એ દક્ષિણ ચીનનું મોટું વેપારી મથક છે. એનું પ્રાચીન નામ 'ઇઆંગચીંગ' છે. આજે એ 'કતાન' નામથી પણ પ્રસિદ્ધ છે. કંતાન નદીની એક શાખા ઉપર 'ચાંગ-કેંપ'ની જમીનમાં તે આવેલું છે શહેર આસપાસ ૨૦ ફીટ જાડી એવી દીવાલનો મજબૂત કોટ છે. વચ્ચેનું મેદાન ૬ માઇલના ઘેરાવામાં છે. તેમાં ત્રણ મોટા બૌધ્ધ મંદિરો આવેલાં છે. તેમાંનું એક જેને 'હોનમ' ના નામથી ઓળખવામાં આવે છે તે સાત એકર જેટલી વિશાળ જગ્યા ધરાવે છે. આપણે જે સમયની વાત કરીએ છીએ તે આજથી બરાબર દોઢસો વર્ષ પહેલાંની છે [જુલાઇ ૧૮૧૪] એ સમયે આ મંદિરોના સંઘારામમાં બસો ઉપરાંત બૌદ્ધ ભિક્ષુઓ બુધ્ધે ફરમાવેલા ચાર આર્યસત્યો અને પંચશીલના સિદ્ધાંતો મુજબનું પવિત્ર જીવન વ્યતિત કરી રહ્યા હતા. ચુતાંગ એ આ પ્રસિદ્ધ બૌધ્ધ મંદિરના મુખ્ય સ્થવિરનો વિશ્વસનીય પટ્ટ-શિષ્ય હતો.

આપણે હવે શહેરના આ સાંકડા રાજ-માર્ગ પર આવી ગયા છીએ. અહીંના ચીની લોકો એને 'ચીકયાંગના પરા' ના નામથી

ઓળખે છે. અહોહો, કેટકેટલી નાંગછટો અહીં ઝડપથી પસાર થઇ રહી છે? કોઇમાં બર્મીઝ યુગલો, કોઇમાં કોરીયનો તો કોઇમાં અફીણના કેફમાં ચક એવા રંગીલા ચીની ગૃહસ્થો, પોતાની પડખે, રેશમી કિમોનોમાં સજ્જ એવી સુંદર ગેયશા યુવતિઓ સાથે બેઠેલા નજરે પડે છે.

અને જુઓ, આ સોનેરસેલી નાંગછટમાં યુતાંગ અને શેઠ તારાચંદ પણ આવી પહોંચ્યા. આ ચીક્યાંગના પરામાં જ તારાચંદની મોટી વેપારી કોઠી આવેલી છે.

શાહ સોદાગર શેઠ તારાચંદ મોતીચંદ એ ઘણું કરી માંગરોળના વતની હતા. તેઓ ઘણા સાહસિક, બુદ્ધિશાળી, ધર્મશ્રદ્ધાળુ અને ઉદાર એવા જૈન વણિક ગૃહસ્થ હતા. તેઓ જાવા, સુમાત્રા, મલયૂ, મ્યોમ્યાં [બ્રહ્મદેશ] અને ચીન દેશની અનેક સફર ખેડી 'સાહસે વસતિ લક્ષ્મીઃ' એ ન્યાયે પુષ્કળ દ્રવ્ય કમાયા હતા. ચીનની આ બીજી સફર વખતે તેઓ આઠ વર્ષ સુધી અહીં ચીન દેશમાં રહ્યા હતા [ઇ. ૧૮૧૪ થી ૨૨]

રિક્ષા ઉભી રહી.

બંને મિત્રો નીચે ઉતર્યા. યુતાંગનો હાથ ઝાલી શેઠ તેમને ભારે આદરથી પોતાની કોઠીમાં લઈ ગયા.

યુતાંગને થોડા વર્ષ પહેલાંની વાત સ્મરણમાં ઉપસી આવી.

તે વખતે પોતે હજુ બૌદ્ધ-ભિક્ષુ બન્યો ન હતો. કેવળ 'ઇઆંગ ચીંગ'નો એક સામાન્ય ગૃહસ્થ હતો.

તેને એક પત્નિ હતી.

નામ હતું મે-લિંગ.

તે ઘણી બીમાર હતી.

તેની સારવાર અને ઔષધ માટે યુતાંગને થોડા તાલ (એક ચીની ચલણ)ની ભારે આવશ્યક્તા હતી. તે માટે તેણે ઘણા પ્રયત્ન કર્યા, પરંતુ ઝાંઝવાંનાં જળની જેમ તેને એ થોડા તાલ પણ ક્યાંયથી સંપ્રાપ્ત થઈ શક્યા નહિ.

એક દિવસ મે-લિંગે યુતાંગને કહ્યું, 'મને થોડું દૂધ લાવી આપો!'

'દૂધ?'

'હા.'

યુતાંગ પાસે શું હતું કે તે પોતાની બીમાર એવી પત્નિ સારૂ દૂધ પણ ખરીદી શકે!

પત્નિને લાગી આવ્યું, 'કેમ બોલતા નથી? તમે સાંભળ્યું કે નહિ?'

'સાંભળ્યું.'

'સાંભળ્યું?'

'હા.'

'તો?' મે-લિંગે મોં બગાડી પૂછયું.

'તું દૂધ લાવવાનું તો કહે છે, પણ મારી કને એકે તાલ નથી, એનું શું?'

'ચાલશે....' મે-લિંગ આંખો મીંચી પડી રહી. એના દડદડ આંસુ ઝીલી શકાયાં નહિ.

યુતાંગે પણ પોતાની આંખો લૂછી નાંખી.

તે દિવસે સૂરજ ઊગ્યો જ ન હતો! આખા ગગન તળ પર જાણે મોટા કાળા પહાડ ઝઝૂમી રહ્યા હોય, એવું આકાશ કાળું મસ દેખાતું હતું. વરસાદ ત્રણ દિવસથી સતત બંબાકાર વરસતો હતો. ક્યારેક જંગલી પાડાની જેમ ગર્જતો હતો. સાથે આજે તોફાની પવન જેને આ તરફના લોકો 'તાઇફૂન' કહે છે, એ પણ એક સરખી ભયંકર રીતે ત્રાટકી રહ્યો હતો.

ચીક્યાંગના પરામાં આવેલી શેઠની કોઠીમાં ચોકની વચ્ચે એક મોટું 'એલ્મ'નું વૃક્ષ ઊભું હતું. વાવાઝોડાથી તેની એક મોટી ડાળ તૂટી પડી, દીવાલની બહાર સુધી લટકતી હતી.

યુતાંગનું ઘર અહીં બિલકુલ પાસે જ હતું. તેણે આ જોયું સાથે જ તેના દિલમાં એક પાપભર્યો વિચાર ઝટ ઊગી આવ્યો.

હા....આમ તો તે એક ભલો અને સ્નેહિલ ગૃહસ્થ હતો. જિંદગીમાં તેણે કોઇ

દિવસ નાની સરખી પણ ચોરી કરી નહતી. એવો વિચાર સરખો પણ તેને આવ્યો ન હતો.

પણ આજે ?

આજે–તેણે જીવનમાં સર્વથી પ્રથમવાર ચોરી કરવાનો નિશ્ચય કર્યો.

રાત ઘણી વ્યતીત થઇ ગઇ હતી.

સુતાંગ સાવધાનીપૂર્વક કોઠી પાસે આવી પહોંચ્યો.

શું કરવું તે હવે એને કંઇ સૂચવવું પડે તેમ નહતું !

વરસાદ લગાતાર ચાલુ હતો.

સબોસબ થતી વીજળીના સુતીક્ષ્ણ ચમકારામાં તેણે એલ્મ વૃક્ષની પેલી લટકતી ડાળ ત્વરિત પકડી લીધી અને એ જ વૃક્ષ પર થઇને તે તીરની જેમ કોઠીમાં સહસા ઊતરી આવ્યો.

લપાતો–છપાતો સુતાંગ આગળ વધ્યો.

કોઠીમાં બધા ઘસઘસાટ ઊંઘતા હતા.

ધન ક્યાં મળશે, તે એણે હવે શોધવું શરૂ કર્યું. ફરતો ફરતો તે એક ઓરડી પાસે આવી પહોંચ્યો. અહીંથી જ કશું પ્રાપ્ત થશે, એવું જાણે એનું મન એને કહેતું હતું !

પગ ધ્રૂજતા હતા.

હૈયું કંપી રહ્યું હતું.

શ્વાસોશ્વાસ જોરથી ચાલતા હતા.

તે ચોરી કરવા તો અવશ્ય કહીને આવ્યો હતો, પણ આત્મા તેને એવા અકાર્યથી અટકાવતો હતો.

'તું કોણ ?' સુતાંગે પોતાની જાતને પૂછ્યું. પછી જાણે પોતાના આત્માને કર્તવ્યભાન કરાવતો હોય એમ કહ્યું, 'સુતાંગ....સુતાંગ.... એક ગૃહસ્થ માટે આથી વધારે ખરાબ કશું હશે, ખરૂં ?'

'ત્યારે ?'

'પાછો જાઉં ?'

'મને જરા દૂધ લાવી આપો ! હું વધારે નહિ જીવી શકું. મારી શક્તિ સાવ ક્ષીણ થઇ ગઇ છે, મને નિરાશ ન કરો, સુતાંગ !' રોગથી પીડાતી એવી અસ્થિપિંજર જેવી મે–લિંગ જાણે આંખ સામે આવી પ્રાણ–ભિક્ષા યાચી રહી છે.

'હેં ! શું કહ્યું, દૂધ ? પણ મારી પાસે આજે એકે તાલ નથી, એનું શું ? હું તને દૂધ, ફળ કે ઔષધ એવું કશું કેવી રીતે લાવી આપું ?' જાણે તે પત્નિ સાથે વાતો કરતો હતો.

નહિ....નહિ....હું પાછો કેવી રીતે જાઉં ? ઘેર સ્ત્રી બીમાર છે....એનું શું ? એનું શું ? હં....મારે ચોરી કરવી જ પડશે. દાઇ....બુત્સુ (બુદ્ધ પ્રભુ) મને....એક વખત માફ કરજે !

તેણે ઓરડીમાં પ્રવેશ કર્યો.

અગ્નિશિખા જેવી વિદ્યુતરેખાના જોરદાર ઝબકારા વચ્ચે સુતાંગે ત્યાં જે કાંઈ જોયું, તેથી એને ભારે આશ્ચર્ય થયું. એનું હૃદય ગદ્દગદ થઈ ગયું. તે સ્થિર દૃષ્ટિએ નીરખી રહ્યો.

હું આ શું જોઉં છું ? દાઇ–બુત્સુ ? તે સ્તંભિત બની બોલી ઉઠયો.

ગમે ત્યાં સફરે જતા, ત્યારે શેઠ તારાચંદ પોતાની સાથે પાર્શ્વનાથની એક સુંદર, મનોહર પ્રતિમા રાખતા હતા. ક્વાંગટાંગમાં તેમણે તે અહીંઆ ઓરડીમાં બિરાજમાન કરી હતી. સુતાંગે તો એને 'દાઇ–બુત્સુ જ....' માની લીધા !

ગરીબ બિચારો સુતાંગ !

એ તો કેવળ થોડા તાલની ચોરી માટે જ આવ્યો હતો. પણ એને તો જગતના અણમોલ નિધિરૂપ 'દાઇ–બુત્સુ જ' પ્રાપ્ત થયા.

તે હાથ જોડી ઊભો રહ્યો.

બાદ હર્ષના આવેશમાં આવી બુદ્ધ પ્રત્યેની ભક્તિરૂપ 'જય જય બુત્સુ; જય જય બુત્સુ' કરતો પ્રશાંતભાવથી પ્રાર્થના કરવા લાગી ગયો. વળી ઓરડીમાં રહેલી ઘંટા પણ બજાવી રહ્યો.

પ્રાર્થના અને ઘંટાનો મધુર રણકાર સાંભળી કોઠીમાં સહુ કોઇ જાગી ઉઠયા.

સહુ દોડી આવ્યા.

સુતાંગ પકડાઈ ગયો.

તેનું મોં રક્તહીન-શામળું બની ગયું.

'કોણ છે તું?' ચોકિયાતે ભૃકુટિ તાણી પૂછ્યું.

'હું ચુતાંગ!' તે છોભીલો બની ઊભો રહ્યો. ઘડીભર તો તે બિલકુલ સ્તબ્ધ જ બની ગયો પછી ગભરાતો ગભરાતો રૂંધાએલા સાદે બોલ્યો, સાહેબ....સાહેબ....હું ચોર નથી....'

'ચોર નથી? તો અહીં અધરાતે કેમ આવ્યો છે? ચોકિયાતે આગ વરસાવવા માંડી.

શેઠ પણ જાગી ઉઠયા હતા. તે વચ્ચે પડ્યા ને પ્રેમથી પૂછ્યું, 'ત્યારે?'

'મને માફ કરો! ઘેર પત્નિ બીમાર છે. એની સારવાર માટે મને થોડા તાલની જરૂર છે. એથી....હું....ચોરી કરવા આવ્યો છું, પણ...' એટલું કહેતાં કહેતાં એની આંખમાંથી મોટાં મોટાં આંસુ ટપકી પડ્યાં.

'ચુતાંગ!' શેઠે ગંભીર સાદે કહ્યું.

ચુતાંગ કેવળ ભય-સહ નીચું જોઇને જ ઊભો હતો. તે કંઇ વિશેષ બોલી શકયો નહિ. તેનો દુર્બળ દેહ કેવળ ધ્રુજતો હતો. તે સાવ નરમ પડી ગયો હતો.

છતાં એનો મુખભાવ તો હજુ એવો ને એવો જ નિર્દોષ હતો.

'ચુતાંગ! ભાઇ! મને ક્ષમા કર! તારા મોં ઉપર કરતૂકની એકે નિશાની કે દુર્ભાવના વર્તાતી નથી. તું ચોર નથી. મને દુઃખ થાય છે કે તું મારો નિકટનો પાડોશી હોવા છતાં મેં તારા પ્રત્યે કશું જ લક્ષ રાખ્યું નથી, ઉપરાંત તારી પત્નિ બીમાર છે, એ પણ મને ખબર નથી. એને હું મારૂં દુર્ભાગ્ય સમજું છું.'

ચુતાંગ શેઠના ચરણોમાં પડી, તેમને વળગી રહ્યો.

'ગાંડો થા મા, ચુતાંગ! તું ચોર નથી અને ચોરી કરવા પણ આવ્યો નથી. ચોરી અંગેના તારા વિચારો એ તારી બીમાર પત્નિને અંગે છે! કહે, ભાઇ, તારે કેટલા તાલની જરુર છે?'

'પચાસ.'

'પચાસ?'

'હા.'

'એમાં શું? હું તને અત્યારે સો તાલ આપું છું. એથી ય વધારે જરૂર પડે તો મને ફરીથી મળતો રહેજે!

'આભાર માનું છું, શેઠ!'

'હં, જા હવે, તારી પત્નિની બરાબર સારવાર કરજે, ભાઇ!' શેઠે આશ્વાસનભર્યા સ્વરે કહ્યું.

ચુતાંગ રવાના થયો.

થોડા દિવસ બાદ મે-લિંગની ડોક્રી ઢળી પડી. ચુતાંગ હવે છૂટો થયો. ભર્યા સંસારમાં એને હવે કોણ હતું? બાદ બુધ્ધનું 'શરણત્રય' અંગીકાર કરી તે ભિક્ષુ બની ગયો તેનાં સત્ય, પ્રિય અને હિતકર વાણી, સત્કર્મોમાં પ્રવૃત્તિ અને કુશળ પુરુષાર્થ આદિ ગુણોથી આકર્ષાઇ, સંઘારામના વડા સ્થવિરે તેને પોતાનો પટ્ટ-શિષ્ય બનાવી લીધો. મંદિરના સઘળાય ભિક્ષુઓ અને શ્રમણેરો તેની આજ્ઞામાં વર્તી રહ્યા!

તે એકવાર ફરીથી, જે મૂર્તિએ તેને અભિસિક્ત કરી દીધો હતો, તેના પવિત્ર દર્શને આવ્યો. મૂર્તિ જોઈ જોઇને તે હૃદયથી નાચી ઊઠયો.

'વાહ, કેટલી બધી સરસ અને સજીવ છે, આ મૂર્તિ? એણે જ મારા જીવનના બાગને મઘમઘતી એવી સૌરભથી ભરી દીધો છે! એને હું જોઉં છું અને તરસ્યાને પાણી મળે તેમ પ્રાણ મારા પાંગરી ઊઠે છે!'

હા, મારા પ્રભુ! તેં જ મને પંચશીલના બીજા મહાવ્રતમાંથી પડતો બચાવી, અંતઃસ્થ રહેવાનો બોધ આપ્યો છે. અને એ રીતે મારા જીવનમાં આનંદનો અપૂર્વ જલ-ધોધ વહેતો મૂકી દીધો છે. હું તને કેવી રીતે સ્તવું, મારા દેવ!' પછી પ્રાર્થના કરતો હોય એ રીતે તેણે હાથ જોડી નમ્ર અવાજે કહ્યું, 'દાઇ-બુત્સુ! હોનમના પવિત્ર મંદિરમાં આપ પધારશો ખરા?'

'નહિ.' શેઠે જવાબ આપ્યો.

'કેમ?' ચુતાંગે સસંકોચ પૂછયું.

'એ ભગવાન પાર્શ્વનાથની પવિત્ર મૂર્તિ છે. મીઠા પવનના સ્પર્શે કરીને જેમ દેહ આરોગ્યને પામે છે, તેમ આ પ્રભુનાં દર્શને કરી મારૂં અંતઃસ્થલ અતિ પવિત્ર બને છે! એટલે તે મહામૂલ્ય નિધિની પેઠે આ કોઠીમાં જ રહેશે!

'નહિ મિત્ર, એવું ન કરીશ દેવનો વિયોગ તને જરુર સાલશે, પણ મારા માટે તે આનંદની અતૂટ પરંપરા ઊભી કરશે. મને અનુમતી આપો બંધુ!'

'નહિ ચુતાંગ! બીજું ગમે તે માગ, હું તને તે જરુર સમર્પિત કરીશ!'

'ભારતીય મિત્ર, મારી એટલી આકાંક્ષા જરુર પૂર્ણ કરો! એ ભગવાન પાર્શ્વનાથની મૂર્તિ હશે, પણ ખૂબ અદ્ભુત કહેવાય તેવી છે. તે મારા અંતરને સ્પર્શી, એમાં વસંતને ખીલવી ગઇ છે! હું ખૂબ આદર અને સંમાનથી એને 'હોનમ'નાં પવિત્ર મદિરમાં સ્થાન આપીશ! મારા ઉપર કૃપા કરી, તે મને આપી દો!'

'ભલે, તારી ઇચ્છા પૂર્ણ થાઓ!'

બીજા સાઠ વર્ષ સુધી ભગવાન પાર્શ્વનાથની એ મૂર્તિ 'હોનમ'નાં મદિરમાં જ હતી, એવો પાકો ઉલ્લેખ મળે છે. બાદ શું થયું એ કોણ કહી શકે?


અમદાવાદના જુના અને જાણીતા **સોના** અને **ચાંદીના** વરખ બનાવનાર વિશ્વાસપાત્ર સ્થળ:

**એ. આર. વરખવાલા**

૩૮૫૦/ ઢાલગરવાડ **અમદાવાદ-૧**

અમારી બીજી દુકાન નથી. માલ એક વખત મંગાવી ખાત્રી કરશો.


## પરદેશના ગ્રાહક બંધુઓને—

**પરદેશમાં વી. પી. થતું નથી તો લવાજમ પુરૂં થયે મનીઓર્ડર, ક્રોસ સિવાયનો પોસ્ટલ ઓર્ડર કે નીચેના કોઇ પણ સ્થળે લવાજમ ભરવા વિનંતિ છે.**

| | | |
|---|---|---|
| **શ્રી દામોદર આશકરણ** | પોષ્ટ બોક્ષ નં. ૯૪૮ | **દારેસલામ** |
| **શ્રી તારાચંદ ડી. શાહ** | પોષ્ટ બોક્ષ નં. ૨૦૭૦ | **નૈરોબી** |
| **શ્રી મેઘજી ખીમજી ગુઢકા** | પોષ્ટ બોક્ષ નં. ૧૧૨૮ | **મોમ્બાસા** |
| **શ્રી મેઘજી ખીમજી ગુઢકા** | પોષ્ટ બોક્ષ નં. ૨૧૯ | **કીસુમુ** |
| **શ્રી મેઘજીભાઈ રૂપશી એન્ડ કું.** | પોષ્ટ બોક્ષ નં. ૭ | **ન્યેરી** |
| **શ્રી દેવશીભાઇ જીવરાજ** | પોષ્ટ બોક્ષ નં. ૯૮૭૪ | **નૈરોબી** |
| **શ્રી હેમરાજ આણંદ દોઢીઆ** | પોષ્ટ બોક્ષ નં. ૧૬૪ | **રૂઈરૂ** |
| **શ્રી લાધાભાઈ રાયમલ શાહ** | પોષ્ટ બોક્ષ નં. ૪૮ | **મ્બાલે** |
| શ્રી મોહનલાલ વનરાવન શાહ | એડન મ્યુનિસીપાલીટી | એડન (અરબીયા) |
| શ્રી રમણીકલાલ ચંદુલાલ પારેખ | પો. બો. નં. ૭૧૧, જૈનમંદિર | મોમ્બાસા (કેન્યા) |

# સમાચાર સાર

**સિદ્ધક્ષેત્રની પુણ્યભૂમિ પર :** આ વર્ષે તીર્થાધિરાજની પુણ્યનિશ્રામાં વર્ષીતપના તપસ્વીઓ સારી સંખ્યામાં અક્ષયતૃતીયાના પ્રસંગ પર આવ્યા હતા. ૮૩૬ તપસ્વીઓ શ્રાવક–શ્રાવિકા સંઘમાં હતા. પૂ. સાધુ–સાધ્વીસંઘમાં ૪૨ તપસ્વીઓ હતા. યાત્રિકોની સંખ્યા લગભગ ૧૬ થી ૧૭ હજારની હતી. દાદાની પૂજાનું ઘી શ્રી અક્ષયતૃતીયાના પુણ્ય દિવસે ૧૫૦૦ મણમાં નાગોરના ભાઈએ લીધેલ. તપસ્વીઓને પ્રભાવના સારી થયેલ.

**ભવ્ય અંજનશલાકા–પ્રતિષ્ઠા મહોત્સવ :** સિદ્ધક્ષેત્રની શીતલ છાયામાં આરિસા ભુવનખાતે પાંચ શીખરના રમણીય જિનાલયમાં પ્રભુપ્રતિષ્ઠા મહોત્સવ તથા અંજનશલાકા મહોત્સવ પાંચોરા નિવાસી શેઠ પુનમચંદ હંસરાજજી અને મદ્રાસ-નિવાસી શેઠ રીખવદાસ ભૂરમલજી તરફથી ધામધૂમપૂર્વક ઉજવાયેલ. ચૈત્ર વદિ ૧૨ થી વૈ. સુદિ ૬ સુધી આ મહોત્સવની ભવ્ય ઉજવણી થયેલ. આ શુભ પ્રસંગે પૂ. પાદ આ. મ. શ્રી વિજયજંબૂસૂરીશ્વરજી મ. તથા પૂ. પાદ આ. મ. શ્રી વિજય યશોદેવસૂરીશ્વરજી મ. આગ્રહપૂર્વકની વિનંતિથી વિહાર કરીને પધાર્યા હતા. તેઓશ્રીની શુભ નિશ્રામાં મહોત્સવ સુંદર રીતે ઉજવાયેલ. શ્રી શાંતિનાથ પ્રભુના ચ્યવન, જન્મ, દીક્ષા, કેવલજ્ઞાન તથા નિર્વાણ કલ્યાણકની ઉજવણી શાનદાર થયેલ. વિશાલ મંડપમાં દરરોજ પૂજા, ભાવના રહેતી હતી. સુંદર હાલતી–ચાલતી રચનાઓથી મહોત્સવ દીપી ઉઠેલ. વિધિવિધાનો કરાવવા માટે અમદાવાદથી શ્રી ભોગીલાલભાઈ પોતાની મંડળી સાથે આવેલ. પૂજા, ભાવના તથા કથાગીતોમાં રાજકોટવાલા સંગીતકાર શ્રી રસિકલાલ રસની જમાવટ કરતા હતા. પાંચ શિખરના પાંચ ગભારામાં, બે ગોખલામાં ને બહારના ૬ ગોખલામાં પ્રભુજીને પધરાવવાનું તેમજ અન્ય ઉછામણીની થઈને લગભગ ૭૫ હજારની ઉપજ થયેલ. મહોત્સવ સાંગોપાંગ પાર કરવામાં શ્રી રીખવદાસજી તથા શ્રી ઓંકારમલજીનો આત્મભોગ અદ્ભુત હતો. એકંદરે શ્રી સિદ્ધગિરિજીની છત્રછાયામાં આ મહોત્સવ ચિરસ્મરણીય બની ગયો. દરરોજ હજારોની માનવમેદની મહોત્સવનો લાભ લેતી હતી.

**સુરિપદ સમારોહ :** શ્રી સિદ્ધગિરિજીની છત્રછાયામાં પૂ. પાદ આ. મ. શ્રી વિજય ઉદયસૂરિજી મહારાજનાં વરદહસ્તે પૂ. ઉપા. મ. શ્રી મોતીવિજયજી મ. તથા પૂ. ઉપા. મ. શ્રી મેરૂવિજયજી મ.ને વૈ. સુદિ ૬ ના દિવસે મહાજનના વંડાના વિશાલ ચોકમાં બાંધેલા ભવ્ય સમીયાણામાં હજારોની માનવમેદની વચ્ચે ભવ્ય સમારોહપૂર્વક સૂરિપદ સમર્પિત થયેલ. તે વખતે તેમનું નામ પૂ. આ. મ. શ્રી વિજયમોતીપ્રભસૂરિજી તથા પૂ. આ. મ. શ્રી વિજયમેરૂપ્રભસૂરિજી એ રીતે જાહેર થયેલ. આ સૂરિપદ નિમિત્તે તથા પૂ. આ. મ. શ્રીમદ્ વિજયનેમિસૂરીશ્વરજી મ. ની મૂર્તિ પ્રતિષ્ઠા નિમિત્તે તેમજ વર્ષીતપ નિમિત્તે શાંતિસ્નાત્ર સહિત અઠ્ઠાઇ મહોત્સવ શ્રી નેમિ દર્શન જ્ઞાનશાળામાં વૈ. સુદિ ૩ થી વૈ સુદિ ૧૦ સુધી ઉજવાયેલ. પ્રતિષ્ઠા તથા શાંતિસ્નાત્ર વૈ. સુદિ ૧૦ના થયેલ.

**પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાશે :** પૂર્વ આફ્રિકાના પ્રવેશ દ્વાર સમા મોંબાસામાં શ્રી પાર્શ્વ-વલ્લભ પ્રાસાદ નામનું નૂતન શિખરબંધી જિનાલય રમણીય તથા ભવ્ય તૈયાર થયેલ છે. તેનો પ્રતિષ્ઠા મહોત્સવ શ્રાવણ સુદિ ૭ શુક્રવારના ઉજવવામાં આવનાર છે, તે પ્રસંગે પ્રતિષ્ઠા મહોત્સવ વિશેષાંક પ્રસિદ્ધ થનાર છે. જેમાં તીર્થંકરોનાં ચરિત્રો, ભારતના તીર્થોના ફોટાઓ તથા ઉપયોગી સાહિત્ય મોકલવા સર્વ કોઈને વિનંતિ છે. લેખો વગેરે જુલાઈ ૨૦ સુધીમાં મોકલવા વિનંતી શ્રી જુઠાવાલે દેવચંદ શાહ માનદ મંત્રી પ્રતિષ્ઠા મહોત્સવ પ્રકાશન સમિતિ. પો. ઓ. બો. ૭૧૧ મોંબાસા.

**વાયુ પ્રવચન** : 'કલ્યાણ'ના સુપ્રસિદ્ધ લેખક તથા આંતરરાષ્ટ્રિય વિદ્વત્તાને વરેલ ચિંતક શ્રી વસંતલાલ કાંતિલાલ ઈશ્વરલાલનું તા. ૨૨-૪-૬૩ ના ઓલઈડીયા રેડીયોના મુંબઈ A મથકપરથી 'નવી દુનિયા રચીયે' પર વાયુ પ્રવચન ગોઠવાયેલ. તે જ રીતે ચાલુ મે મહિનામાં તેમનું લખેલ નાટક 'ગિરનારનો સિંહ' ઓલઇન્ડીયા રેડીયો પરથી રેડીયો કલાકારો ભજવશે.

**સહાય કરવા જાહેર અપીલ** : ઠીંડાદ ગામ પાલીતાણાથી જુનાગઢ જતાં, સાવરકુંડલા પહેલાં મુખ્ય રસ્તા પર આવે છે. પૂ. સાધુ-સાધ્વીજી સમુદાયના વિહારનું મુખ્ય મથક છે. અહિં શ્રાવકોના આઠ ઘરો છે; નાનું દેરાસર છે તેમ જ નાનો ઉપાશ્રય છે, બન્ને જીર્ણ થયેલ છે. આજે દેરાસર નવું રમણીય કરાવવાની જરૂર છે. જેથી પૂ. સાધુ-સાધ્વીજી સમુદાયને તથા શ્રાવક-શ્રાવિકા સમુદાયને દર્શન માટે અનુકૂલતા રહે. તે માટે રૂા. ૫ થી ૭ હજારની જરૂરીયાત છે. દેરાસરોના વહિવટદારોને નમ્ર વિનંતિ છે કે, ઠીંડાદ ગામ ખાતે નાના રમણીય જિનાલયને માટે અમને સહાય કરે તેમજ ગામેગામના શ્રી સંઘોને વિનંતિ છે કે, ઉપાશ્રયમાં ૫ થી ૭ હજારનું કામ છે, તો તે માટે અમને જરૂર તન, મન તથા ધનથી ઉદાર હાથે સહાય કરે! કાંકરે કાંકરે પાળ બંધાય, ફૂલ નહિ તો ફૂલની પાંખડી અમારા ગામના દેરાસર તથા ઉપાશ્રય માટે આપે. બન્ને મળીને રૂા. ૧૫ હજારનું કામ છે. મહાન લાભનું તથા ઉત્તમ પુણ્યનું કાર્ય છે. પૂ. પં. મ. શ્રી કનકવિજયજી ગણિવર શ્રી આદિ પૂ. મુનિવરો આ પ્રદેશમાં પધારેલ ને તેમણે પણ આ કાર્ય માટે જરૂરીયાત દર્શાવેલ છે. તો સહુ કોઇ અમને પોતાની સુકૃતની સંપત્તિનો ફાળો આપવા કૃપા કરે! ફાળો શ્રી ધર્મદાસ શાંતિદાસની જૈન પેઢી. મુ. સાવર કુંડલા (સૌરાષ્ટ્ર) એ સીરનામે મોકલવા વિનંતિ છે ને આને અંગે પત્રવ્યહાર શેઠ કુંવરજી રતનસી મુ. ઠીંડાદ (પો. ઠીંડાદ) (વાયા : સાવર-કુંડલા) (સારાષ્ટ્ર) એ સીરનામે કરે!

**સિદ્ધચક્ર પૂજન** : પૂ. મુનિરાજ શ્રી મહિમાપ્રભવિજયજી મ. આદિ ભુજ (કચ્છ) ખાતે ઓળીની આરાધના નિમિત્તે પધારતા, તેઓના સદુપદેશથી ચૈત્રી સુદિ ૧૫ ના સિદ્ધચક્ર પૂજન ધામધૂમથી જૈન વંડામાં થયેલ : જેમાં જૈન-જૈનેતર સર્વ કોઇએ લાભ લીધેલ. ક્રિયા કરાવવા અમદાવાદથી લાલભાઇ ધીયા આદિ આવેલ જીવદયામાં રૂા. ૫૨૫ નો ફાળોથયેલ. ચૈત્ર સુદિ ૧૩ ના પ્રભુ શ્રી મહાવીરદેવના જન્મ કલ્યાણકની ઉજવણી, રથયાત્રાનો ભવ્ય વરઘોડો આદિ થયેલ. નવપદજીની ઓળી પૂ. મહારાજશ્રીની શુભ નિશ્રામાં સુંદર રીતે ઉજવાયેલ.

**અર્હત્પૂજન** : પૂ. ઉપાધ્યાયજી મ. શ્રી જયંતવિજયજી ગણિવરશ્રીની શુભ નિશ્રામાં પૂ. મુનિરાજ શ્રી સુધાકરવિજયજી મ. ને છટ્ઠના પારણે છટ્ઠથી, વર્ષીતપ તથા પૂ. સા. શ્રી સર્વોદયાશ્રીજી, પૂ. વાચંયમાશ્રીજી, પૂ. નયપદ્માશ્રીજી તથા પૂ. ગીતપદ્માશ્રીજીને વર્ષીતપ તેમજ બીજા સાત બ્હેનોના વર્ષીતપની તપશ્ચર્યા નિમિત્તે દાદર ખાતે જૈન જ્ઞાનમંદિરમાં ચૈત્ર વદિ ૯ થી અઠ્ઠાઈ મહોત્સવ તથા અર્હત્ પૂજનનો કાર્યક્રમ ખંભાતવાલા શ્રી નટવરલાલ રતનચંદભાઇ તરફથી ઉજવાયેલ. પૂજા, ભાવનામાં ભક્તિરસની રમઝટ રહેલી. અક્ષયતૃતીયાના દિવસે માહિમના દેરાસરે સંઘ સાથે દર્શન માટે ગયેલ, જ્ઞાનમંદિરના હોલમાં તપસ્વીઓના પારણા થયા હતા, ને પ્રભાવના થયેલ. તે દિવસે ૮૦,૦૦૦ ફૂલની અંગ રચના વસંતબેન વાડીલાલ સાવકલાવાળા તરફથી થયેલ. સુદિ ૪ શનિવારના સવારે અર્હત્ પૂજનનો પ્રારંભ થયેલ. રવિવાર સુદિ ૫ ની સાંજે પૂર્ણાહુતિ થયેલ. બાબુલાલ ન્યાલચંદ મહેતા તરફથી પ્રભાવના અને સાધાર્મિક વાત્સલ્ય થયેલ. પૂ. ઉપાધ્યાજી મ. શ્રીની શુભ નિશ્રામાં પૂ. કલ્યાણવિજયજી મ. ને ૭૩મી ઓળી, પૂ. શ્રી શ્રી ગુણરત્નવિજયજી મ. ને ૩૯ મી ઓળી, પૂ. મુ. શ્રી પૂર્ણભદ્રવિજયજી મ. ને ૨૭ મી ઓળી તથા પૂ. સાધ્વીજી શ્રી રત્નચૂલાશ્રીજીને ૫૭ મી ઓળીની આરધના થયેલ.

**જરૂર છે** : મૂલીમાં પાઠશાળા માટે એક શિક્ષિકા અનુભવી તથા પંચપ્રતિક્રમણ, પ્રકરણો વગેરેના જાણકાર બેનની જરૂર છે. પત્રવ્યવહાર નીચેના સીરનામે-શેઠ વાડીલાલ જશરાજ. મુ. મુલી (સૌરાષ્ટ્ર-ઝાલાવાડ).


**વિદ્યાપીઠ અંક પ્રગટ થશે** : શ્રી જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠની ૧૬ મી વર્ષગાંઠ નિમિત્તે 'ગુલાબ' માસિકનો તા. ૨૫-૫-૬૩ના 'વિદ્યાપીઠ અંક' પ્રગટ થશે, સાહિત્યકારોને લેખો નીચેના સીરનામે મોકલવા વિનંતિ છે. ૨૧૫-૧૬ બુધવાર પેઠ, પૂના-૨.

**પાલીતાણાથી સાવરકુંડલા** : પૂ. પં. મ. શ્રી કનકવિજયજી ગણિવરશ્રી પોતાના શિષ્યરત્ન પૂ. મુનિરાજ શ્રી મહિમાવિજયજી મ. આદિ પરિવારની સાથે સિદ્ધક્ષેત્રની પુણ્ય ભુમિમાં ચૈત્ર સુદિ ૧૦ ના પધારેલ. આરિસા ભુવન ખાતે તેઓશ્રીનાં વ્યાખ્યાનો દરરોજ થતા. તેઓને પાંચમા વર્ષીતપની નિર્વિઘ્ન પૂર્ણાહુતિ અક્ષયતૃતીયાના શુભ દિવસે થયેલ. પારણું શાતાપૂર્વક થયેલ. સાવરકુંડલા ખાતે દીક્ષા પ્રસંગ તથા ઉદ્યાપન પ્રસંગે આગ્રહપૂર્વકની વિનંતિ થતાં તેઓએ વૈશાખ સુદિ ૧૨ ના વિહાર કરેલ. ઘેટી, સાતવડા થઇને સુદિ ૧૪ ના દેવલા પધાર્યા હતા. દેવલાથી ધોબા થઇ ફીફાદ પધારતાં સંઘ સામે આવેલ. ફીફાદમાં જૂના દેરાસરના જીર્ણોદ્ધારની આવશ્યકતા છે તથા ઉપાશ્રય માટે પણ જીર્ણોદ્ધારની જરૂર છે. આઠ ઘરો છે, લોકો ભાવિક છે. પૂ. મહારાજશ્રી વંડા, પીયાવા, ઝીંઝુવાડા થઇને વદિ ૨ ના સાવરકુંડલા પધાર્યા છે.

**જરૂર હોય તો લખો** : ધાર્મિક શિક્ષણની લાઈનના ઘણા વર્ષોના અનુભવી, પેઢીનું નામું વગેરેના સારા જાણકાર શિક્ષકને સારી ધાર્મિક સંસ્થામાં નોકરી જોઇએ છે. શ્રી કલ્યાણ પ્રકાશન મંદિરના સીરનામે સંપાદક ઉપર પત્રવ્યવહાર કરવો.

**ટાકરવાડા** : અત્રે દેરાસરની જોડેની જમીન અસલ પાલણપુર નવાબની હતી. તેમણે જૈનોને ધાર્મિક ઉપયોગ માટે ભેટ આપેલ. પાછળથી જૈનોની વિરૂદ્ધમાં ગામે સંગઠિત થઇને જૈનો પાસેથી જમીન લઈ લેવા ધમકીઓ અપાયેલ. પૂ. મુનિરાજ શ્રી ચંદ્રપ્રભવિજયજી મહારાજશ્રી અત્રે પધારતાં જૈનોએ સંગઠિત થઇને અઠ્ઠમનો તપ તથા આયંબિલની તપશ્ચર્યા ચાલુ કરેલ. ને તે જમીનનો કબજો લઈ રાખવા મજબૂતરીતે સંગઠિત થયેલ છે, ને પોતાની વ્યાજબી તથા ન્યાયી વલણને મક્કમરીતે વળગી રહેલ છે. ને સ્હેજ પણ નમતું નહિ આપી પોતાની ધાર્મિક ફરજને અદા કરી રહેલ છે.

**પુના શહેર** : પૂ. પં. મ. શ્રી રંજનવિજયજી ગણિવર તથા પૂ. મુનિ શ્રી ભદ્રાનંદવિજયજી મ. ઠા. ૨ અહમદનગરથી વિહાર કરી પુના શહેર માહ વદિ ૧૦ ના પધાર્યા, બાદ ધર્મ પ્રવૃત્તિ સારી રીતે ચાલે છે, દરરોજ વ્યાખ્યાન ચાલે છે. પૂ. મહારાજશ્રીની શુભ નિશ્રામાં ૨૫ ભાઇ-બ્હેનોએ વર્ષીતપનો પ્રારંભ કર્યો છે. તપસ્વીઓને જુદા-જુદા ભાઇઓ તરફથી પારણાં કરાવેલ. પૂ. પં. મ. શ્રીની શુભ નિશ્રામાં મહાવીર જન્મ કલ્યાણકની ઉજવણી વરઘોડા સાથે સુંદર રીતે થયેલ. વ્યાખ્યાન તથા પ્રભાવના થયેલ. પૂજા, અંગરચના થયાં હતા. નવપદના આરાધકોને તથા વરસીતપના તપસ્વીઓને વદિ ૧ ના પારણા શા. માલાજી ભગવાનજી તરફથી થયેલ હતા. પૂ. મહારાજશ્રી વર્ષીતપના પારણા નિમિત્તે રહિમતપુર પધારેલ છે. ત્યાંથી તેઓશ્રી કોલ્હાપુર પધારવા વકી છે.

**લાયબ્રેરીને સહાય કરો :** મહુવા જૈન-યુવક મંડળ સંચાલિત જૈન લાયબ્રેરીમાં સહુ કોઇને પ્રકાશનો, પુસ્તકો તથા અન્ય ઉપયોગી સાહિત્ય જેનો સર્વ કોઇ લાભ લઇ શકે તે ભેટ મોકલવા વિનંતિ છે. માસિકો, અઠવાડિકો તથા પાક્ષિકો પણ વાંચવા માટે ભેટ મોકલવા વિનંતિ છે. શ્રી મહુવા જૈન યુવક મંડલ, મહુવા (સૌરાષ્ટ્ર).

**અગત્યનો સુધારો :** ગતાંક વર્ષ: ૨૦, અંક ૨ એપ્રીલ ૬૩ ના પેજ ૧૩૦ ઉપર ૨૨મી પંકિતમાં આ મુજબ સમજવું 'ભલે કોઇ ચતુર્દશ પૂર્વી હોય પણ તેનું પરિણતિવાળું જ્ઞાન ટકવા ન પામ્યું હોય તો...' એ રીતે સુધારો સમજવો.

**અટ્ઠમ તપનો વર્ષીતપ :** પૂ. પંન્યાસજી મ. શ્રી કાંતિવિજયજી ગણિવરશ્રીના શિષ્યરત્ન પૂ. તપસ્વી મુનિરાજ શ્રી ચરણકાંતવિજયજી મહારાજ કે જેમની વય ૭૫ વર્ષ લગભગની છે તેઓએ અઠ્ઠમના પારણે અઠ્ઠમથી વર્ષીતપ કરેલ. જે નિર્વિઘ્ને અક્ષયતૃતીયાના પુણ્ય દિવસે પૂર્ણ થયેલ છે. તેઓ આટલી વૃદ્ધવયે આવી ઘોર તપશ્ચર્યા કરવા છતાં સિદ્ધગિરિજી ખાતે પધાર્યા ત્યારથી લગભગ દરરોજ ગિરિરાજની યાત્રા ચઢીને કરતા હતા. ધન્ય તપશ્ચર્યા ! ધન્ય જૈનશાસન.

**ખાત મુહૂર્ત :** તલાજા ખાતે તાલધ્વજ જૈન શ્વે. તીર્થ કમિટિ તરફથી બાજુની જુની ધર્મશાલાનાં નીચેના ભાગમાં આયંબિલ ભુવન, ઉપરના ભાગમાં ઉપાશ્રય હોલ તથા જ્ઞાનમંદિરના મકાનો બાંધવા માટેનું ખાત મુહૂર્ત શેઠ શ્રી ભોગીલાલ મગનલાલનાં શુભ હસ્તે વૈ. સુદિ ૧૦ ના થયેલ છે.

**સિદ્ધચક્ર પૂજન :** અંજાર (કચ્છ) ખાતે શ્રી દેવશી નથુભાઇ રાપરવાળા તરફથી લખમીચંદભાઇના ધર્મપત્ની શ્રી લીલાવતીબેનના વર્ષીતપની તપશ્ચર્યા નિમિત્તે ચૈત્ર વદિ ૧૧ થી અઠ્ઠાઇ મહોત્સવ થયેલ. વૈ. સુદિ ૧ બુધવારના શ્રી સિદ્ધચક્ર પૂજન ધામધૂમ પૂર્વક થયેલ. ક્રિયાકારક અમદાવાદ નિવાસી શ્રી હીરાલાલભાઇ તથા શ્રી બાબુભાઈ આવેલ. પૂજન-વિધિ ઘણી જ સુંદર રીતે થયેલ. દેવદ્રવ્યની ઉપજ ૪૨૫ મણ ઘીની થયેલ. પૂ. મુનિરાજ શ્રી કલાપૂર્ણ વિજયજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં મહોત્સવ ભવ્ય રીતે ઉજવાયેલ. તેઓની પ્રેરણાથી અંજાર ખાતે જૈન પાઠશાળા માટે યોજના નક્કી થઇ છે. ટૂંક સમયમાં પાઠશાળા શરૂ થનાર છે. વૈ. સુદિ ત્રીજના શ્રી દેવશી નથુભાઇ તરફથી સાધર્મિક વાત્સલ્ય થયેલ.

**જૈન શ્વે. કોન્ફરન્સ :** જૈન શ્વે. કોન્ફરન્સમાં તેની કાર્યવાહી સમિતિમાં ખાલી રહેલી બે બેઠકોમાં એક બેઠકમાં શ્રી રમણલાલ ચમનલાલ શાહ તથા બીજી બેઠક સહાયક મંત્રી તરિકેની શ્રીમતી સુશીલાબ્હેન સી. શાહ નિયુક્ત થયેલ છે. કોન્ફ-રન્સ કાર્યાલય તરફથી 'એમ્પલોયમેન્ટ એક્ષચેન્જ' વિભાગ શરૂ કરેલ છે. સર્વિસ કરવા ઈચ્છતા જૈન ભાઈ-બ્હેનોને સહાયક થવા આ વિભાગ ખોલવામાં આવેલ છે.

**પાઠશાળા માટે સહાય :** અંજાર (કચ્છ) ખાતે વિ. સ. ૨૦૧૭ ના ચાતુર્માસમાં પૂ. પં. મ. શ્રી કનકવિજયયજી ગણિવર શ્રીએ પાઠશાળા તથા આયંબિલ ખાતા માટે જે પ્રેરણા તથા ઉપદેશ આપેલ જેથી આયબિલ ખાતું વ્યવસ્થિત ચાલુ છે. ને અત્રે પૂ. મુનિરાજ શ્રી કલાપૂર્ણ વિજયજી મહારાજના ઉપદેશથી સિંચન મળતાં પાઠશાળા માટે યોજના નક્કી થઈ છે તેમજ વ્યવ-સ્થાપક કમિટિની નિમણુંક થઇ છે, ને પાઠશાળાના ખર્ચને પહોંચીવળવા પેટ્રન, વગેરેની યોજના થઇ છે. પૂ. મુનિરાજ શ્રી કલાપૂર્ણવિજયજી મહારાજ શ્રી અત્રેથી વિહાર કરી ભદ્રેશ્વરજી પધાર્યા છે. શ્રી સંઘ પણ તેઓની સાથે પગપાળો ગયેલ.

**શોક સભા :** તા. ૧૧-૪-૬૩ ગુરૂવારના રોજ બપોરના પાલીતાણા શત્રુંજય વિહાર ધર્મ-શાળાના હોલમાં આરિસા ભુવન ધર્મશાળાના સ્થાપક શ્રી ભૂરમલજી શેઠના દુઃખદ અવસાન નિમિત્તે ડો. શ્રી બાવીસીના પ્રમુખપદે શોક સભા યોજવામાં આવેલ. ધર્મશાળાઓના મુનીમ મંડળ તથા શુભેચ્છકો તરફથી યોજાયેલ. આ સભામાં શ્રી મણિ-ભાઇ મોદી, ભાઇ સોમચંદ ડી. શાહ. માસ્તર શામજીભાઈ આદિ પ્રસંગોચિત વક્તવ્યો કરેલ, ને નવકારમંત્ર મૌનપણે ગણીને ઠરાવ પસાર કરેલ.

**જામનગરથી સિદ્ધક્ષેત્ર તરફ :** પૂ. પાદ આ. મ. શ્રી વિજયજંબૂસૂરીશ્વરજી મહારાજ સપરિવાર જામનગર પધારેલ. તેઓશ્રીની શુભ નિશ્રામાં ફા. વદિ ૧૨-૧૩-૧૪ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનના અઠ્ઠમો સારી સંખ્યામાં થયેલ. જેમાં ૧૪ વર્ષના બાલક ભાઈ કીશોરચંદ્ર છબીલદાસ સુતરીયાએ પણ અઠ્ઠમ કરેલ. જાપ, ધ્યાન આદિ તથા પૂજા, પ્રભાવના અને તપસ્વીઓને પારણા અંતરવાયણા વગેરેનો લાભ લેવાયેલ. પૂ. પાદ આચાર્યદેવશ્રી સપરિવાર વિહાર કરી રાજકોટ પધારતાં સંઘે સામૈયું કરેલ. ચૈત્ર સુદિ ૧૩ ના પ્રભુ શ્રી મહાવીરદેવના જન્મ કલ્યાણકનો વરઘોડો ઠાઠપૂર્વક ચઢેલ. વિશાળ જનસમુદાયની હાજરીમાં પૂ. આચાર્યદેવશ્રીએ ભ. શ્રી મહાવીરદેવના જીવન સબંધી પ્રવચન આપેલ. પ્રભાવના થયેલ. બપોરે પૂજા ભણાવાયેલ. પ્લોટની પાઠશાળાનો ઇનામી મેળાવડો ચૈત્ર સુદિ ૧૪ ના પૂ. શ્રીની શુભ નિશ્રામાં યોજાયેલ ઇનામોની વહેંચણી થયેલ. ચૈત્રી પૂનમના દેવવંદન ભવ્ય સમારોહપૂર્વક વંદાયેલ. ચતુર્વિધ સંઘની વિશાલ હાજરીમાં દેવવંદન સાંજના પાા વાગ્યા સુધી ચાલેલ. પ્રભાવના થયેલ. ચૈત્ર વદિ ૧૧ ના રાજકોટથી પૂ. પાદશ્રીએ સપરિવાર વિહાર કરતાં પૂ. પં. મ. શ્રી માનતુંગવિજયજી ગણિવર તથા મુ. શ્રી રાજેન્દ્રવિજયજી આદિ ચતુર્વિધ સંઘ વળાવવા આવેલ. પાલીતાણા ખાતે આરિસા ભુવનના પંચશીખરી રમણીય જિનાલયના પ્રતિષ્ઠા મહોત્સવ તથા અંજનશલાકાના મંગલ પ્રસંગે શેઠ શ્રી રીખવદાસજી તરફથી આગ્રહપૂર્વકની વિનંતિ હોવાથી પૂ. આ. મ. શ્રી વિજયયશોદેવસૂરીશ્વરજી મ. શ્રી આદિ સાથે પૂ. પાદશ્રીનો પ્રવેશ પાલીતાણા ખાતે ચૈત્ર વદ ૧૦ના ધામધૂમપૂર્વક ભવ્યરીતે થયેલ, અને બન્ને આચાર્યદેવાદિ ૩૯ પૂ. મુનિવરોની શુભ નિશ્રામાં મહોત્સવ સુંદરરીતે ઉજવાયેલ. પૂ. પાદ આચાર્યદેવશ્રી વૈશાખ સુદિ પૂર્ણિમા બાદ પાલીતાણાથી વિહાર કરી ગૂજરાત તરફ પધારનાર છે.

*K. Chatrabhuj & Co.*

Manufacturers & Dealers
in
STAINLESS STEEL UTENSILS
&
CUTLERY.

*Jai Hind Estate*
*Bldg. No. 1 Shop No. 14*
*Bhuleshwar,*
BOMBAY-2

*** તદ્દન નવા પ્રકાશનો ***

- શરણાગતિ — ૧-૦૦
- મહાવીર દર્શન — ૧-૫૦
- નૂતન કથા ગીતો — ૧-૦૦
- મુઠી માણેક — ૧-૫૦
- હીમગીરીની કન્યા — ૧-૫૦
- પાંચમી શ્રેણિ — ૩-૦૦
- બારવ્રતની પૂજા (સચિત્ર) — ૧-૦૦
- જૈન ધર્મનો સરળ પરિચય — ૧-૫૦
- પ્રણવ — ૧-૫૦

— x —

**રેશમી પૂજાની જોડ**
બેંગલોર-રેંપલ અને ભીવંડીની બનાવટો.
કીં. રૂા. ૧૭,-૨૬,-૩૬,-૪૬

પ્રાપ્તીસ્થાનઃ-**સેવંતીલાલ વી. જૈન**
મોતીશા જૈન દેરાસર-પાંજરાપોળ-**મુંબઈ-૪**

## ધર્મ પ્રભાવના

**મુંબઇ** : પૂ. પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજની પ્રેરણાથી ભાત બજારના ડુંગરી વિભાગમાં પાઠશાળાની જરૂરીઆત જણાતાં તેનો ઉદ્દઘાટન સમારંભ તા. ૧૨-૪-૬૩ ના રોજ પૂ. ગુરુદેવની નિશ્રામાં ભવ્ય રીતે ઉજવાયો. શ્રી સંઘ સહ વાજતે-ગાજતે ત્યાં પધરામણી થઇ. ભવ્ય મંડપ ઉભો કરવામાં આવ્યો હતો. શ્રી ખીમજી આણંદજીએ રૂા. ૪૫૧ની ઉછામણીથી પાઠશાળાનું ઉદ્દઘાટન કર્યું હતું. વાતવાતમાં રૂા. પાંચ હજારનું ફંડ થઈ ગયું હતું. છેલ્લે બે પ્રભાવના થઇ હતી ૧૦૦ બાળકો ધાર્મિક અભ્યાસ કરી રહ્યા છે શ્રી બાબુભાઈ ઝવેરી ઠીક રસ લઇ રહ્યા છે. શ્રી ભાતબજાર આદીશ્વર જૈન સ્નાત્ર મંડળના આશ્રય નીચે કામકાજ ચાલી રહ્યું છે.

તા. ૧૪-૪-૬૩ના શ્રી અષ્ટાપદજીની ભવ્ય પૂજા એક સદ્દગૃહસ્થ તરફથી શ્રી અનંતનાથજી જૈન મંદિરના વિશાળ હોલમાં ભણાવવામાં આવી હતી કીડીયારાની જેમ જનસમુહ ઉભરાયો હતો. કારણ કે પૂ. પં. શ્રી કીર્તિવિજયજી ગણિવર આજે પૂજાનો ભાવાર્થ અને તીર્થનો મહિમા સમજાવવાના હતા. સુંદર રીતે તેઓશ્રીએ બધા વિષયોને સમજાવી ભક્તિરસમાં તરબોળ બનાવી દીધા હતા. લાખોની કિંમતી :અંગ રચના રચાવાઇ હતી. છેલ્લે પ્રભાવના થઇ હતી. ત્યાંથી વિહાર થતાં પુષ્કળ માનવમેદની જમા થઈ હતી. ઠેઠ ભાયખાલા સુધી ઘણા સાથે ચાલ્યા હતા. ત્યાંથી દાદર થઇ શાંતાક્રુઝ પધાર્યા ત્યાં રોજ પૂ. આચાર્યશ્રીનાં પ્રવચનોનો જનતા ઉત્સાહભેર લાભ લેતી હતી. પૂ. પં. શ્રીના : પ્રવચનો થતાં માનવમહેરામણની ઠઠ જામી હતી. પૂ. પં. શ્રી કીર્તિવિજયજી ગણિના જન્મ દિવસે વ્યાખ્યાન બાદ બે પ્રભાવના તેમજ ભારે અંગ રચના થઈ હતી. શેઠ નેમચંદભાઈ શ્રોફ તરફથી રાત્રે ભાવના પ્રોગ્રામ રખાયો હતો. સંગીતકાર શાંતિલાલ શાહ આવ્યા હતા. વિશાળ કમ્પાઉન્ડ જનમેદનીથી ભરાઇ ગયું હતું. સુદ ત્રીજના ચંપાબહેનના વર્ષીતપનાં પારણાં પ્રસંગે જીવરાજભાઈએ પૂજા-પ્રભાવના વ.નો લાભ લીધો હતો. ત્યાંથી તેઓશ્રી અંધેરી જવાહરનગર થઈ સસ્વાગત મલાડ પધાર્યા છે. વદ ૬ સુધી અત્રે સ્થિરતા છે.



પ. પૂ. આચાર્ય મહારાજ વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજશ્રીની નીશ્રામાં બોરીવલ્લીમાં શરૂ થયેલ ઉપધાનમાં કંથારીયા નિવાસી હાલ સાવરકુંડલાવાળા સલોત પ્રોપટલાલ રવજીભાઇની સુપુત્રી બાળકુંવારીકા દેવીબેન ઉ. વર્ષ ૧૫ તથા સુપુત્રી બાળકુવારીકા ભાનુ બેન ઉંમર વર્ષ ૧૩ મુંબઈ બોરીવલ્લીમાં બન્ને બહેનોએ ઘણી જ સુંદર રીતે ઉપધાન તપ પરીપૂર્ણ કરેલ છે. ઉપધાનની માળ મહા સુદ ૧૧ને સોમવારના તેમના ભાઇ કનૈયાલાલે બન્ને બહેનોને ઘણા જ હર્ષથી પહેરાવેલ. દેવીબેન તથા ભાનુબે ધાર્મિક શિક્ષણ તથા સ્કૂલનો અભ્યાસ ઘણો જ સારો ધરાવે છે ઉપધાનમાં બન્ને બહેનોએ અઠ્ઠમની તપસ્યાઓ કરેલ.

**ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ** : મુંબઈ વાલકેશ્વર ત્રણ બત્તીવાળા દેરાસરમાં પૂ. આ. મ. શ્રી વિજયધર્મસૂરિજી મ. પૂ. આ. મ. શ્રી હેમસાગરસૂરિજી મ. તથા પૂ મુનિરાજ શ્રી યશોવિજયજી મ. ની શુભ નિશ્રામાં પ્રતિષ્ઠા મહોત્સવ તાજેતરમાં ભવ્ય રીતે ઉજવાઇ ગયો. નવી તૈયાર થયેલી ભવ્ય દેવ કુલિકાઓમાં મૂલનાયક શ્રી પાર્શ્વનાથ સહિત ભગવતી શ્રી પદ્માવતી માતાની અને બીજી દેરીમાં શ્રી સીમંધરસ્વામીની અને બંનેમાં મૂલનાયકની બંને બાજુયે શ્રી સરસ્વતીદેવી તથા લક્ષ્મીદેવીજીની તથા શ્રી પુંડરીકસ્વામીજી અને શ્રી ગૌતમસ્વામીજીની ખાસ વિશિષ્ટ રીતે તૈયાર કરાયેલી મૂર્તિઓની પ્રતિષ્ઠા તા. ૩-૫-૬૩ ના સવારે ભારે દબદબાપૂર્વક વિધિવિધાન સાથે કરવામાં આવેલ. ૮ થી ૧૦ હજાર માનવમેદની વચ્ચે આ પ્રતિષ્ઠા થયેલ. સૌનો ભોજનથી સત્કાર થયેલ. ૫૬ ઇંચના તથા શાસ્ત્ર અને કળાનો સુભગ સમન્વય કરી સમગ્ર ભારતવર્ષમાં ન હોય તેવી અજોડ જૈન દેવીની મૂર્તિનું નિર્માણ કરાવેલ છે. મૂર્તિ ભરાવવાનો તથા પ્રતિષ્ઠા કરાવવાનો લાભ શ્રી રમાલક્ષ્મી આર. દલાલ તથા શ્રી ભાનુમતી જે. દલાલે લીધેલ. સીમંધરસ્વામીજીની મૂર્તિ શેઠ ત્રીકમદાસ દામજીના સુપુત્રોએ, ગણધરોની મૂર્તિઓ શેઠ ખીમચંદ ધરમચંદના સુપુત્રોએ શ્રી લક્ષ્મીદેવી શ્રી મનસુખલાલ ધનજીભાઇ વોરાના ધર્મપત્ની શ્રી પુષ્પાબેને અને શ્રી સરસ્વતીદેવીની મૂર્તિ શ્રી અમીચંદ વલમજીના ધર્મપત્ની શ્રી શારદાબેને પધરાવેલ. પ્રતિષ્ઠા કરાવનાર ભાઇ-બ્હેનોનું સંઘ તરફથી સન્માન થયેલ.

**ઇનામી સમારંભ** : ખંભાત ખાતે સ્યાદ્વાદ સંસ્કૃત પાઠશાળા અને શ્રી ભદ્દીબાઈ જૈન શ્રાવિકા શાળામાં ઇનામી સમારંભ વૈ. વદિ ૨ તા. ૧૦-૫-૬૩ ના રાત્રે શ્રી હીરાલાલ બાપુલાલ કાપડીયાના પ્રમુખ સ્થાને યોજાયેલ, જે સુંદર રીતે પાર પડેલ.

**તૈલ ચિત્રોનું અનાવરણ** : ખંભાત વર્ધમાન તપ આયંબિલ ખાતામાં ૨૫૦૧ આપનાર ઉદાર દિલ દાતાઓના તૈલ ચિત્રોની અનાવરણવિધિ શેઠ શ્રી બાબુભાઇ છગનલાલ શ્રોફના પ્રમુખ સ્થાને તા. ૧૨-૫-૬૩ ના ભવ્ય સમારંભપૂર્વક થયેલ.


## શ્રી શત્રુંજય તીર્થપટ

**અમો શત્રુંજય આદિ કોઇ પણ તીર્થના પટો ઉંચી જાતના કેનવાસ પર પાકા રંગથી પાણીથી ધોઇ શકાય તેવા, સાચા સોનાના વરખવાળા, રચનાત્મક અને દર્શનીય પટો બનાવીએ છીએ.**

**વિશેષ માહતી અને ભાવ તથા સાઇઝ માટે આજે જ લખો : જુના અને જાણીતા**

**હરિભાઈ ભીખાભાઇ પેઈન્ટર**

**શત્રુંજય પટ બનાવનાર**

**તળાવમાં, પાલીતાણા (સૌરાષ્ટ્ર)**

## શ્રી જિનપ્રતિમાના લેપ માટે

**વિખ્યાત કલાકાર**

'પ્રતિમાજીના ખંડિત થએલ અંગ, મસાલાથી બનાવીને **પ્રભુને સુંદર ચકચકિત મનોહર મજબૂત લેપ** કરી આપનાર.

**મુંબઇ, સૌરાષ્ટ્ર, મારવાડ, કચ્છ, વાગડ, તેમજ મહારાષ્ટ્ર અને દક્ષિણભારતમાં પ્રતિમાજીને લેપ કરી સંતોષપત્રો મળેલા છે. જૈનશાસન સમ્રાટ્ આચાર્ય શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજની આજ્ઞાનુસાર લેપ કરી આપનાર.**

**પેઇન્ટર શામજી ઝવેરભાઇ** તથા

**,, ઝવેરભાઇ ગોવીંદ**

**ઠે૦ જગુમીસ્ત્રીની શેરી—પાલીતાણા**

**સ્વર્ગારોહણ નિમિત્તે** : પાલીતાણા ખાતે જૈન આરિસા ભુવન ધર્મશાળાના સ્થાપક ધર્મનિષ્ઠ શેઠ શ્રી ભુરમલજી ગુલાબચંદજી સમાધિ પૂર્વક સ્વર્ગવાસ પામ્યા, તે નિમિત્તે આરિસા ભુવનના પંચશિખરી ભવ્ય જિનાલયમાં વૈ. સુદિ ૮ થી પંચ-કલ્યાણક મહોત્સવ ઉજવાયેલ, દરરોજ પૂજા, ભાવના તથા આંગીઓ થતી હતી. પૂજા, ભાવનામાં રાજકોટવાલા સંગીતકાર રસિકલાલ ભક્તિરસની જમાવટ કરતા હતા. સુદિ ૧૨ ના શ્રી સિદ્ધચક્ર-પૂજન ધામધુમપૂર્વક થયેલ. પૂજન માટે અમદાવાદ નિવાસી શ્રી ચીનુભાઈ પોતાની મંડલી સાથે આવેલ. શ્રી ભુરમલજીના સુપુત્ર શ્રી રીખવદાસજી તરફથી મહોત્સવનું આયોજન થયેલ.

**મોંબાસા** : અત્રે મોંબાસા (આફ્રીકા) ખાતે ચૈત્ર મહિનાની શાશ્વતી ઓળીની આરાધના સુંદર થઈ હતી. ઓળી કરનારની સંખ્યા ૬૧ હતી. દરરોજના લગભગ ૧૦૦ આયંબિલો થતાં હતાં. ઓળી કરનાર તપસ્વીઓને શેઠ હીરજી પેથરાજ એન્ડ બ્રધર્સ તરફથી પારણાં કરાવવામાં આવ્યા હતા. ચૈત્ર સુદિ ૧૩ ના શ્રી મહાવીરદેવ જન્મ-કલ્યાણકની સુંદર ઉજવણી થઈ હતી. દેરાસરના મોટા ચોકમાં સભા મળી હતી. પાઠશાળાના શિક્ષક શ્રી રમણિકલાલ ચંદુલાલ રાધનપુરવાળાએ મહાવીર પ્રભુનાં જીવન પર મનનીય વિવેચન કરેલ. શાહ વીરપાળ મેઘજીભાઈએ વર્ધમાન તપની ઓળીનો પાયો નાંખીને એક સાથે ૨૭ ઓળી કરેલ. પારણાના પ્રસંગે ૧૦૦ જેટલા સાધર્મિક ભાઇઓને આમંત્રણ આપી લાભ લીધેલ. અત્રે શાહ દલીચંદ પોપટલાલ-ભાઈ ભાઈ–બ્હેનોને ધર્મમાં જોડવા માટે સારો પ્રયત્ન કરી રહેલ છે.

**માણાવદર** : અત્રે ચૈત્રી ઓળીની આરાધના પૂ. મુનિરાજ શ્રી સુબોધવિજયજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં ઉજવાઈ હતી. ભ. શ્રી મહાવીરદેવનો જન્મ કલ્યાણકનો પ્રસંગ પણ સુદિ ૧૩ના ઉજવાયેલ. ધંધુકીયા રમણિકલાલ તરફથી પૂજા તથા પ્રભાવના થયેલ. કાંતિ કોટન મીલવાળા તરફથી સંઘમાં પેંડાની પ્રભાવના થયેલ. ચૈત્રી પૂર્ણિમાના દેવવંદન મહેતા પાનાચંદ આણંદજીના સુપુત્રો તરફથી થયેલ. ધ્રાંગધ્રા નિવાસી ગાંધી મગનલાલ સોમચંદ તરફથી પેંડાની પ્રભાવના થયેલ. પૂ. મહારાજશ્રી જુનાગઢ તરફ પધાર્યા છે.

**જીર્ણોદ્ધાર માટે સહાય કરો !** : વણોદના દેરાસરના જીર્ણોદ્ધાર માટે પ્રયત્ન ચાલુ છે. મુંબઇમાં પ્રયત્ન કરતાં તેમજ અન્યાન્ય ગામોના સંઘોના સહકારથી જીર્ણોદ્ધારમાં રૂા. ૧૪ હજારનો ફાળો મળ્યો છે. વણોદ જીર્ણોદ્ધાર અંગે શ્રી શંખેશ્વર તીર્થ તથા ભોયણી તીર્થની પેઢીના વહિવટદાર શેઠ શ્રી અરવિંદભાઇ પન્નાલાલે બધી જવાબદારી સ્વીકારી છે, જેમાં અમારે ૨૦ હજાર રૂા. ભરવાના છે, ૩ હજાર માટે ગોડીજી જૈન દેરાસર–મુંબઇ તરફથી આશા અપાઇ છે. આ કાર્યની શુભ શરૂઆત વૈશાખ સુદિ ૧૩ ના રોજ શેઠ શ્રી અરવિંદભાઇનાં શુભ હસ્તે થયેલ છે. સર્વ જૈન સંઘોને તથા ઉદાર દિલ ધર્મપ્રેમી સજ્જનોને નમ્ર વિનંતિ કે, વણોદના દેરાસરના જીર્ણોદ્ધાર માટે પોતાનો ફાળો અમને મોકલાવે ! ફાળો મોકલવાનું સ્થળ : શ્રી લાલચંદભાઇ ખેતશીભાઈ શાહ, ૧ લી સુતાર સ્ટ્રીટ, ઘર નં. ૧, ૨ જે માળે. નળ બજાર મુંબઈ–૪.

**પ્રકાશન સમારોહ** : શ્રી નમસ્કાર સ્વાધ્યાય સંસ્કૃત વિભાગનું પ્રકાશન વૈશાખ સુદિ ૩ તા. ૨૬–૪–૬૩ ના રોજ જૈન સાહિત્ય વિકાસ મંડળ–મુંબઈ ઓફીસમાં મોટા માંડાથી પૂ. પં. મ. શ્રી ભદ્રંકરવિજયજી ગણિવરે મોકલેલ વાસક્ષેપ દ્વારા શેઠ શ્રી કેશવલાલ કીલાચંદ પાટણવાળાનાં હસ્તે કરવામાં આવેલ અને નમસ્કાર સ્વાધ્યાયની નકલો નોંધાવાનું કામ થતાં સંખ્યાબંધ નકલો નોંધાવા પામેલ. આ રીતે શ્રી નમસ્કાર મહામંત્ર અંગેનું વિપુલ અપ્રકાશિત સંસ્કૃત સાહિત્ય સમાવી લેતો આ મહાગ્રંથ ખૂબ જ મંગલમય રીતે બહાર પડેલ છે.

**વઢવાણ શહેર** : પૂ. હંસસાગરજી ગણીવરની નિશ્રામાં શ્રી શિતળનાથજીના મંદિરે નૂતન સમવસરણે પ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે શ્રી ચુનિલાલ જગજીવન તરફથી શાંતિસ્નાત્રસહ અષ્ટાન્હિકા મહોત્સવ ઉજવાઇ ગયો. વૈ. શુ. ૧થી દરરોજ પૂજા, પ્રભાવનાઓ થતી હતી. વૈશાખ વદ ૪ના રોજ જળયાત્રાનો ભવ્ય વરઘોડો નીકળેલ. વૈશાખ વદ ૬ના રોજ પ્રતિષ્ઠાના દિવસે સ્વામી વાત્સલ્ય તેઓશ્રી તરફથી થયેલ.

**જલગામ** : ગભારામાં બાજુમાં ભગવન્ત મુનિસુવતસ્વામીજીને પ્રતિષ્ઠિત કરવા નિમિત્તે પૂ. આ. શ્રી વિજયભુવનતિલકસૂરિ મ. ની નિશ્રામાં શ્રી શાંતિસ્નાત્રસહ અઠ્ઠાઇ મહોત્સવ ઉજવાયેલ. ક્રિયાવિધિ માટે નેમીચંદભાઇ, તથા રીખવચંદભાઈ અમલનેરથી આવેલ. પૂજા, ભાવનામાં શ્રી રીખવચંદભાઇએ સમયોચિત દુહા ઉપદેશાત્મક સ્તવન ગાઇને શ્રોતાઓને ધર્મનો રસ ઉત્પન્ન કર્યો હતો. ૨૫ વર્ષમાં આવું અનુષ્ઠાન થયેલ નહિ તેથી સર્વનો ઉલ્લાસ માતો નહતો. નંદુરબારવાળા શ્રી અમુલખભાઇ પ્રેસવાળા, શ્રી માણેકચંદ ડાહ્યાભાઈ તથા શ્રી ગુમાનમલજી તપસ્વી (૫૭ મી ઓળી કરીને) આવ્યા હતા. પ્રતિષ્ઠા તેમણે કરાવી સારૂ ખર્ચ કરેલ. મોતિલાલ વીરચંદે સાધુ-મુનિરાજો અંગે નિંદાત્મક ભાષણ કરતાં શ્રી રીખવચંદભાઇએ તેનો જોરદાર જવાબ આપેલ અને શ્રોતાઓમાં થયેલ ગેરસમજ દૂર કરી હતી અને મોતીલાલ વીરચંદ તરત ચાલ્યા ગયા હતા.


**अध्यापक की आवश्यकता है।**

नव निर्मित पाठशाला के लिये एक ऐसे अध्यापक की आवश्यकता है जो हिन्दी एवं जैन धार्मिक शिक्षण दे सकें। अध्यापक दम्पतिको विशेष प्राथमिकता दी जायगी। योग्यता और प्रमाण पत्र सहित निम्न पत्ते पर पत्र-व्यवहार करें।

SHAH JESTMAL DONGARMAL P.B. NO 52
*Main Road, ADONI a. p.*

જોધપુરની મશહુર, હાથે બાંધેલી જ્યોર્જેટ તથા આર્ટ સિલ્કની બાંધણીઓ, પાકા રંગ તથા કલાત્મક ડીઝાઇનમાં જથ્થાબંધ તથા રીટેલ ખરીદવા માટે

**હુકમચંદ વી. જૈન**

ડાગા બજાર * **જોધપુર** * રાજસ્થાન

**: અમારા સ્ટોકિસ્ટસ :**

| | |
|---|---|
| મગનલાલ ડ્રેસવાલા | મુંબઇ |
| કે. છોટાલાલ | કલકત્તા |
| વાંઝા કરશનદાસ નાથાભાઇ | જામનગર |
| મયાભાઇ મોહનલાલ | અમદાવાદ |
| લક્ષ્મીચંદ દયાળજી | ભાવનગર |
| ચત્રભૂજ નાનચંદ | સુરેન્દ્રનગર |

દેરાસરો-મંદિરો ઉપયોગી કામો કરાવનારા

**ગ્રાહકોને સુચના**

પાલીતાણામાં અમારૂં કારખાનું, શો રૂમ સિદ્ધક્ષેત્ર જૈન ભોજનશાળા સામે છે અન્ય કોઈ સ્થળે અમારી શાખા નથી તેમજ અમારા ભાગીદારો નથી. તેની ગ્રાહકબંધુએ નોંધ લેવી.

પ્રમાણિક ને વિશ્વાસુ કામો માટે જુની ને જાણીતી પ્રસિદ્ધ અમારી એક જ ફર્મ છે.

**મીસ્ત્રી વ્રજલાલ રામનાથ**
સિદ્ધક્ષેત્ર જૈન ભોજનશાળા સામે
મુ. પાલીતાણા

**शुभ सूचना**

ऊन बहुत बढ़ियां सफेद औघा व चरवला वास्ते हर प्रकार की रेशमी, मिक्स तथा ऊनी काम्बली व जोटा सस्ते दाम खरीदें, सूचीपत्र मुफत मंगाओ

बिशेशरदास रतनचंद जैन
लुधियाना (पंजाब)

**વર્ષગાંઠ મહોત્સવ** : નાર (ગૂજરાત) ખાતે ભ. શ્રી શાંતિનાથજીના દેરાસરની પ્રતિષ્ઠાનો વર્ષગાંઠ દિવસ વૈશાખ સુદિ ૬ નો હતો, તેની તાજેતરમાં ભવ્ય રીતે ઉજવણી થઇ છે. નાર ગામમાં વિ. સં. ૧૯૩૨ માં બેઠાઘાટનું નવું દેરાસર બંધાવેલ, ને પ્રભુજીને પધરાવવામાં આવેલ, બાદ નવું શિખરબંધી દેરાસર બંધાવવાનું નક્કી થયેલ, ને તે દેરાસર તૈયાર થતાં વિ. સં. ૧૯૮૬ માં વૈશાખ સુદિ ૬ ના દિવસે ભવ્ય મહોત્સવ પૂર્વક અનેક પૂ. મુનિવરોના શુભ સાન્નિધ્યમાં પ્રભુ શ્રી શાંતિનાથ ભગવાનનો ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયેલ, આજે તે પ્રસંગને ૩૩ વર્ષો વ્યતીત થયા છે. ગામમાં વહીવટદાર ભાઇઓના સંખ્યાબંધ ઘરો છે, જેઓ ચુસ્તપણે જૈન ધર્મને પૂર્ણ શ્રદ્ધાથી પાળે છે; આ વર્ષે સાહિત્યપ્રેમી તથા શ્રી વિજયદાનસૂરિ જૈન ગ્રંથમાળા જેવી સાહિત્ય પ્રકાશક ને જૈન સમાજની લોકપ્રિય સંસ્થાના સ્થાપક તથા સંચાલક શ્રી હીરાલાલ રણછોડભાઈ સુરત નિવાસીએ ઘી બોલીને ધ્વજારોપણ કર્યું હતું, ને તેમના તરફથી નવકારશી જમણ કરવામાં આવેલ. નાર ગામનો ઇતિહાસ ઉજ્વળ છે; પાટીદાર કોમ છતાં જૈન ધર્મ પ્રત્યે અચલ શ્રદ્ધા ધરાવનાર જૈનોની વસતિ આ ગામમાં સારી સંખ્યામાં છે. સુંદર દેરાસર તથા ઉપાશ્રય અને જ્ઞાનભંડારથી સુસમૃદ્ધ આ નાર ગામમાંથી અનેક નરરત્નોએ દીક્ષા ગ્રહણ કરી છે. પૂ. આ. મ. શ્રી વિજયકમલસૂરીશ્વરજી મ. ના સમુદાયમાં પૂ. મુનિરાજ શ્રી હિમ્મતવિજયજી, પૂ. મુનિ શ્રી ઉત્તમવિજયજી, તે રીતે પૂ. આ. મ. શ્રી વિજયદાનસૂરીશ્વરજી મ. નાં ચરણકમલમાં પોતાના બે સુપુત્રોને દીક્ષા આપી પોતે દીક્ષા લેનાર પૂ. મુનિ શ્રી ઉદ્યોતવિજયજી મ. ને તેમના બે સુપુત્રો તે હાલ પૂ. વયોવૃદ્ધ સ્થવિર મુનિરાજ શ્રી મંગલવિજયજી મ. તથા પૂ. મુનિરાજ શ્રી મેરૂવિજયજી મ. પૂ. મુનિરાજ શ્રી ઉદ્યોતવિજયજી મહારાજે પોતાની તમામ મિલકત નાર ગામના ધાર્મિક ક્ષેત્રોમાં સમર્પિત કરેલ છે. આયંબિલખાતા માટે ભાદરવા સુદિ ૧ ના સંઘ જમણ માટે તેમણે પોતાની મિલકતનો સદ્વ્યય કરેલ છે. નારમાંથી ૨૦ સાધુ મહારાજાઓએ દીક્ષા લીધેલ છે. પૂ. સાધ્વીજી શ્રી દાનશ્રીજી આદિ પણ નાર ગામના વતની હતા. નાર ગામ ઉપર પૂ. આ. મ. શ્રી વિજયદાનસૂરીશ્વરજી મ. નો ઉપકાર અમાપ છે. તેથી આજે તેઓશ્રીની મૂર્તિની પ્રતિષ્ઠા કરાવી સંઘે સુંદર ગુરૂમંદિર બંધાવેલ છે.

**જીરાવલામાં પ્રતિષ્ઠા મહોત્સવ** : જીરાવલા ખાતે ચૈત્ર વદિ ૧૧ થી પ્રતિષ્ઠા મહોત્સવનો મંગલ કાર્યક્રમ શરૂ થયેલ. ને વૈ. સુદિ ૭ ના પરિપૂર્ણ થયેલ. ભ. શ્રી પાર્શ્વનાથ પ્રભુજીની મૂર્તિની પ્રતિષ્ઠા સુંદર રીતે થયેલ. વરઘોડો આદિ બધા પ્રસંગો ઠાઠથી ઉજવાયેલ. પૂ. આ. મ. શ્રી વિજયહિમાચલસૂરીશ્વરજી મ. તથા પૂ. મુનિરાજ શ્રી તિલોકવિજયજી મ. ની શુભ નિશ્રામાં મહોત્સવ ભવ્ય રીતે પૂર્ણ થયેલ. માનવમેદની લગભગ ૧૦ હજારની થયેલ.

**માંડોલી** : સ્વ. ગેનમલજીના સુપુત્રો તરફથી પૂ. મુનિરાજ શ્રી વીરવિજયજી મ. ની શુભ નિશ્રામાં વૈ સુદિ ૬ થી સુદિ ૧૩ સુધીનો અઠ્ઠાઈ મહોત્સવ થયેલ. પૂજા, ભાવનામાં સારી સંખ્યા લાભ લેતી હતી. બે સાધર્મિક વાત્સલ્ય થયેલ.

**યાત્રાર્થે સંઘોનું પ્રયાણ** : રામસેણ (રાજસ્થાન) થી ૫૫૦ યાત્રીઓનો સંઘ આબુજીની યાત્રાર્થે રવાના થયેલ છે. જાવાલથી મોટર દ્વારા ભદ્રેશ્વર તીર્થની યાત્રાએ સંઘ રવાના થયેલ છે. મેરમાંડવાડાથી મોટર દ્વારા પાલીતાણાનો સંઘ રવાના થયેલ છે. કાલીંદ્રીથી વૈ. વદિ ૮ ના રવાના થઇ બામણવાડા, શંખેશ્વરજી થઈ એક સંઘ પાલીતાણા રેલ્વે-મોટર દ્વારા પહોંચશે જેમાં ૫૦૦ યાત્રાળુઓ રહેશે.

**નવું હરિપુર** : (હાલાર) અત્રે પૂ. સુશીલાશ્રીજી મ. ના સાન્નિધ્યમાં પૂ. સાધ્વીજીશ્રી નિપુણાશ્રીજીને બીજા વર્ષીતપનું પારણું મહોત્સવપૂર્વક થયેલ. અનેક ભાઇ-બ્હેનોએ વ્રતો લીધેલ. સુદિ ૪ ના નવાણું પ્રકારી પૂજા તથા પ્રભાવના અને સાધર્મિક વાત્સલ્ય થયેલ. આ ગામમાં આવો પ્રસંગ પ્રથમ જ હોવાથી આજુ-બાજુના ગામોથી લોકોએ આવીને સારો લાભ લીધેલ.

**સાવરકુંડલા :** પૂ. પાદ પં. મ. શ્રી કનકવિજયજી ગણિવરશ્રી સપરિવાર વૈ. વદિ ૨ ના અત્રે પધારેલ; સંઘ તરફથી ભવ્ય સામૈયું થયેલ. બાલબ્રહ્મચારિણી કુ. શ્રી જયાબેન, બાલ બ્ર. કુ. વસંતબેન, બાલ બ્ર. કુ. શ્રી તારાબેન તથા વલ્લભીપુર નિવાસી શ્રી કંચનબેનની દીક્ષાનો પ્રસંગ હોવાથી અઠ્ઠાઈ મહોત્સવ ભવ્ય રીતે ઉજવાઇ રહેલ. જુદા-જુદા ભાઇઓ તરફથી આ નિમિત્તે પૂ. પ્રવર્તિની સાધ્વીજી શ્રી દર્શનશ્રીજીના શિષ્યા પૂ. સા. શ્રી ત્રિલોચનાશ્રીજીની પ્રેરણાથી ૧૨ છોડનું ઉજમણું પણ થયેલ. દીક્ષાર્થી બ્હેનોને અભિનંદન આપવા માટેનો સન્માન સમારંભ કલકત્તા નિવાસી દાનવીર શેઠ શ્રી મણિભાઈના પ્રમુખપદે થયેલ, સમગ્ર સાવરકુંડલાના જૈન-જૈનેતર વર્ગમાં આ પ્રસંગે ઉત્સાહ તથા ઉલ્લાસનું વાતાવરણ થયેલ છે. પૂ. પ્રવર્તિની સાધ્વીજી શ્રી દર્શનશ્રીજી, આદિ સાધ્વી સમુદાયની શુભ પ્રેરણાથી બેનોમાં જાગૃતિ સુંદર આવી રહી છે.

**ઇડર :** અત્રે ચૈત્ર વદ ૧૦ ના સવારે ઈડરગઢના દેરાસરમાં દેરીઓ ઉપર કેસરનો પવિત્ર ને સુગંધી છંટકાવ થયેલ. જે જોવા સંઘના ભાઇ-બ્હેનો સારી સંખ્યામાં ગયેલ. આ પ્રસંગને માંગલિક માનીને સંઘ તરફથી ચૈ. વદી ૧૨ ના ગઢ ઉપર ઈડર સંઘ તરફથી પંચ કલ્યાણક પૂજા તથા સાધર્મિક વાત્સલ્ય થયેલ. વદિ ૧૧-૧૨-૧૪ના સ્નાત્રપૂજા ભણાવાયેલ. વદિ ૦)) ના ઈડર ગામમાં પણ કેસરનો છંટકાવ થયેલ, ગામ બહાર પાંજરાપોળ સંસ્થાના મકાનમાં તપશ્ચર્યા નિમિત્તે પૂજા ભણાવાયેલ.

**રહીમતપુર :** અત્રે પૂ. પં. મ. શ્રી રંજનવિજયજી ગણિવરશ્રી ઠા. ૨ પધ ત સામૈયું થયેલ. વ્યાખ્યાન બાદ પ્રભાવના થયેલ. શા. મોહનલાલ તુકારામના બ્હેન મોતીબેનને વર્ષીતપનું પારણું હોવાથી તેમના તરફથી પંચ કલ્યાણક મહોત્સવ ઉજવાયેલ. પૂ. મહારાજશ્રી અત્રેથી બારસી તરફ વિહાર કરીને પધાર્યા છે.

**વગડીયા :** પૂ. મુનિરાજ શ્રી માનતુંગવિજયજી મ. મૂલી નવપદજીની ઓળી કરી અત્રે પધારતાં સામૈયું થયેલ. અક્ષયતૃતીયાની ઉજવણી થયેલ. પાઠશાળાનો મેળાવડો થયેલ. જૈન સંયુક્ત સંઘની વિનંતિથી અત્રેનું ચાતુર્માસ નક્કી થયેલ છે. તેઓશ્રી મૂલી થઇ સુદામડા પધાર્યા છે.

**છાત્રવૃત્તિઓ અપાશે :** શ્રી જિનદત્તસૂરિ મંડળ-દાદાવાડી તરફથી જૈન શ્વે. વિદ્યાર્થીઓને છાત્રવૃત્તિઓ અપાય છે. તેમજ ઓશવાલ બ્હેનોને તથા કન્યાઓને પણ છાત્રવૃત્તિઓ અપાય છે. પત્રવ્યવહાર નીચેના સીરનામે કરો ! શ્રી ચાંદમલજી સીપાણી. મંત્રી શ્રી જિનદત્તસૂરિમંડલ, દાદાવાડી અજમેર (રાજસ્થાન).

**ગ્રિષ્મ શિબિર :** મુંબઇ નિવાસી દાનવીર શેઠ શ્રી માણેકલાલ ચુનીલાલના પ્રમુખપદે સ્થપાયેલ જૈન ધાર્મિક શિક્ષણ ગ્રીષ્મ શિબિરના ઉત્સાહી કાર્યકરો ભાઇ કેશવલાલ, હીમતલાલ તથા કાંતિલાલની મહેનતથી આ વર્ષે પણ આબુ-દેલવાડા ખાતે શિબિરનું આયોજન થયેલ છે. લગભગ ૧૧૦ વિદ્યાર્થીઓ લાભ લઇ રહ્યા છે. જેમાં ખાસ કરીને મેટ્રીક, કોલેજીયન તથા બી. એ. એમ. એ. એલ. એલ. બી. ના વિદ્યાર્થીઓ છે. પૂ. પં. મ. શ્રી ભાનુવિજયજી ગણિવર શ્રી અધ્યયન કરાવે છે. સવારથી સાંજ સુધીનો કાર્યક્રમ આધ્યાત્મિક વાતાવરણથી મંગલમય રીતે ચાલે છે. સૂત્ર, અર્થ તથા તત્ત્વજ્ઞાન અને જૈન સિદ્ધાંતોનું દાર્શનિક રહસ્ય સમજાવાય છે. દૃષ્ટાંતો, યુક્તિઓ તથા દલીલોથી અધ્યયન-અધ્યાપનનું કાર્ય ચાલે છે. શ્રી કેશવલાલ શાહ પોતાની વિશિષ્ટ શૈલીથી કથા-દૃષ્ટાંતો દ્વારા ભવ્ય પ્રેરણા આપી રહ્યા છે. રોજ સામાયિક, પૂજા, ભાવના, સ્તવનો, સજ્ઝાયો વગેરેનો કાર્યક્રમ ચાલુ છે. નવી કેળવણીથી કેળવાયેલ વર્ગને ધાર્મિક શિક્ષણ તથા સંસ્કારો આપવાનો આ કાર્યક્રમ સફલ બની રહ્યો છે. આ શિબિરના બહોળા ખર્ચમાં દાનવીર શેઠ શ્રી માણેકલાલ ચુનીલાલનો ઉદાર ફાળો દરેક રીતે નોંધપાત્ર તથા અનુમોદનીય છે.

**ભ. શ્રી મહાવીરદેવનું જન્મ કલ્યાણક :** ' કલ્યાણ ' માસિક પત્ર હોવાથી તેમાં પ્રસિદ્ધ કરવા માટે મોકલાતા સમાચારો માસિકની મર્યાદામાં રહીને પ્રસિદ્ધ કરાય છે, ને કેટલાક સમાચારો મુદ્દત પૂરી થયે ખાસ પ્રયોજન નહિ રહેતાં લેવામાં આવતાં નથી. આ દૃષ્ટિયે આ બે માસનો અંક પ્રસિદ્ધ થઇ રહ્યો છે, ને તેમાં કેટલાક સમાચારો પડતા મૂકવા પડેલ છે. ભ. શ્રી મહાવીરદેવનાં જન્મ કલ્યાણકને અંગેના તથા ચૈત્ર મહિનાની શાશ્વતી ઓળીના અમારા પર જે જે સમાચારો આવેલ છે, તે હવે પ્રસિદ્ધ કરવા ખાસ આવશ્યક કે ઉપયોગી ન લાગતાં ટૂંકમાં તે સમાચારો અહિ પ્રસિદ્ધ કરવામાં આવે છે; **સિકંદ્રાબાદ** ખાતે પૂ. સાધ્વીજી શ્રી પદ્માશ્રીજી ઠા. ૧૦ની શુભ નિશ્રામાં શાશ્વતી ચૈત્રી ઓળીની આરાધના તથા ભ. શ્રી મહાવીરદેવનાં જન્મ કલ્યાણકની ઉજવણી થયેલ. પૂ. મુનિરાજશ્રી સદ્‌ગુણવિજયજી મ.ની શુભ નિશ્રામાં **ભાંડુપ** ખાતે પૂ. ભ. શ્રી મહાવીરદેવના જન્મ કલ્યાણકની ભવ્ય ઉજવણી થયેલ. પૂ. ઉપા. મ. શ્રી ઉદયરત્નવિજયજી મ.ની શુભ નિશ્રામાં. **પાનસર** મુકામે ભ. શ્રી મહાવીરદેવના જન્મ કલ્યાણકની ઉજવણી થયેલ. **પાડગોલ** (તા. પેટલાદ) મુકામે પૂ. પં. શ્રી જયંતવિજયજી મ. ઠા. ૪ની શુભ નિશ્રામાં શાશ્વતી ચૈત્રી ઓળીની આરાધના અપૂર્વ રીતે થયેલ. સિદ્ધચક્ર મહાપૂજન ઠાઠથી થયેલ. ભ. શ્રી મહાવીરદેવના જન્મ કલ્યાણકની ઉજવણી થયેલ. **દલદેવલીયા** ખાતે મુનિવર્ય શ્રી વિજયચંદ્રવિજયજી તથા મુનિ શ્રી રૂપચંદ્રવિજયજીની શુભ નિશ્રામાં ચૈત્ર સુદિ ૧૩ના ભ. શ્રી મહાવીરદેવના જન્મ કલ્યાણકની ઉજવણી સુંદર રીતે થયેલ. પાર્શ્વનાથ ઉમેદ ડીગ્રી કોલેજ—**ફાલના**માં ભ. શ્રી મહાવીરદેવનાં જન્મ કલ્યાણકની ઉજવણી સુંદર રીતે થયેલ. બાલાશ્રમમા ચૈત્રી ઓળીની આરાધના પૂજા, આયંબિલ આદિ થયેલ. **માંડવલા** ખાતે શ્રી મહાવીર જૈન સભા તરફથી જન્મ કલ્યાણકની ઉજવણી શાનદાર રીતે થયેલ. **જુન્નેર** ખાતે ભ. શ્રી મહાવીરદેવના જન્મ કલ્યાણકનો ભવ્ય વરઘોડો નીકળેલ. જેમાં બધા સંપ્રદાયોએ ભાગ લીધેલ. **પાલીતાણા** ખાતે પ્રગતિ મંડલના પ્રચારથી ૧૬ સંસ્થાઓના ઉપક્રમે મોતીસુખીયાની ધર્મશાળામાં જન્મ કલ્યાણકની શાનદાર ઉજવણી થયેલ. શ્રી રાજમલજી કેશરીમલજી ગુડાબાલોતરાવાળા તરફથી ભવ્ય વરઘોડો નીકળેલ ને જાહેર સભા થયેલ. પૂ. પાદ આચાર્યદેવાદિ મુનિવરોનાં પ્રવચનો થયેલ. બપોરે પૂજા, ભાવના તથા આંગી થયેલ.

**જામનગર :** પૂ. આ. મ. શ્રી વિજયભુવનસૂરીશ્વરજી મ. શ્રીની શુભ નિશ્રામાં વૈ. સુદિ. ૨ થી શેઠ શ્રી નરભેરામ વસનજી તરફથી અત્રે મોહનવિજયજી જૈનપાઠશાળામાં વર્ષીતપના પારણા નિમિત્તે પંચ કલ્યાણક મહોત્સવ શરૂ થયેલ. સુદિ ૩ ના દિવસે વાજતે-ગાજતે પૂ. આ. શ્રી સપરિવાર તેમના ઘેર પધારેલ. જ્ઞાનપૂજા, ગુરુપૂજા, તેમણે કરેલ. પ્રભાવના થઈ હતી. સુદિ ૬ ના દિવસે તેમના તરફથી સિદ્ધચક્ર પૂજન થયેલ. કડીવાલા શ્રી બાબુભાઇએ ધામધૂમ પૂર્વક પૂજન કરાવેલ. ભાવના, પૂજા માટે શાંતિલાલ શાહ આવેલ. સંઘની ચાતુર્માસ માટેની વિનંતિ હોવા છતાં પૂ. ગચ્છાધિપતિની આજ્ઞાથી પૂ. આ. મ. શ્રીનો વિહાર અમદાવાદ તરફ થવા સંભવ છે. દર રવિવારે જાહેર પ્રવચનોમાં માનવમેદની સારો લાભ લે છે.

**બોરસદ :** અત્રે પૂ. મુનિરાજ શ્રી ગુણાનંદવિજયજી મ. તથા પૂ. મુનિરાજ શ્રી ચંદ્રશેખરવિજયજી મ. ની શુભ નિશ્રામાં બાળબ્રહ્મચારિણી કુ. શ્રી વસુબહેન મણિલાલ તથા રમીલાબહેન માણેકલાલની દીક્ષા વૈ. સુદિ ૬ સોમવારના ભવ્ય ઉત્સવપૂર્વક થયેલ. વસુબેન પૂ. સાધ્વીજી શ્રી ચંદ્રાશ્રીજીના સમુદાયમાં પૂ. સા. શ્રી સ્વયંપ્રભાશ્રીજીના શિષ્યા શ્રી વિશ્વપ્રભાશ્રીજી તરીકે થયા ને રમીલાબહેન પૂ. સા. શ્રી તારાશ્રીજીના સમુદાયનાં સાધ્વીજી શ્રી નયપ્રભાશ્રીજીના શિષ્યા શ્રી નીલપ્રભાશ્રીજી તરીકે થયેલ. વૈ. સુદિ ૫ ના વરસીદાનનો ભવ્ય વરઘોડો ચઢેલ. સકલ સંઘે ઉલટભેર દીક્ષા મહોત્સવ ઉજવેલ.

**ધાર્મિક શિક્ષણ દિન :** જૈનધાર્મિક શિક્ષણ-સંઘ-મુંબઈ દ્વારા જનતામાં ધાર્મિક શિક્ષણ પ્રત્યે રૂચિ વધારવા 'ધાર્મિક શિક્ષણ દિન' તા. ૨૮-૪-૬૩ ના ઉજવાયો હતો. ગોડીજી જૈન ઉપાશ્રયમાં પૂ. મુનિરાજ શ્રી કુશલવિજયજી મ.ના સાન્નિધ્યમાં વાર્ષી સભા યોજાયેલ. સંસ્થા દ્વારા લેવાયેલી પરીક્ષામાં ઉત્તિર્ણ થયેલા વિદ્યાર્થીઓને ઇનામ તથા પ્રમાણ પત્ર શ્રી કેશવલાલ બુલાખીદાસનાં શુભ હસ્તે અર્પણ થયેલ. તેઓએ રૂા. ૨૫૧ સંસ્થાને આપવાની જાહેરાત કરેલ. બપોરના પૂ. આ. મ. શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મ.શ્રીની નિશ્રામાં શેઠ શ્રી હરગોવિંદદાસ રામજીભાઈ મુલુંડ-વાળાનાં શુભ હસ્તે વાલકેશ્વર ઉપધાન તપ સમિતિ તરફથી ૫૦૦ રૂા. સંસ્થાને અર્પણ થયેલ તેમજ શેઠશ્રી તરફથી ૫૦૧ રૂા. સંસ્થાને આપવાની જાહેરાત કરવામાં આવેલ. શિક્ષણ પત્રિકાને પણ સારી સહાય થઈ હતી. શ્રી કેશવલાલ મોહનલાલ શાહે પ્રાર્થના સંગીત રજૂ કરેલ. સંસ્થાના કાર્યકર ચીમનલાલ શાહ પાલીતાણાકરને સંસ્થા માટે પરિશ્રમ લઈ સુંદર કાર્ય કરવા બદલ સંસ્થાના મંત્રી શ્રી મનસુખલાલ હેમચંદ શાહે રૂા. ૫૧ આપી યોગ્ય કદર કરેલ.

**આધ્યાત્મિક વર્ગ :** મુંબઈ ખાતે ગોડીજીની શ્રી વિજયહીરસૂરીશ્વરજી જૈન પાઠશાળાનાં વૈ. સુદિ બીજથી મેટ્રીક તથા કોલેજમાં ભણતી બ્હેનો માટે આધ્યાત્મિક વર્ગ શરૂ થયેલ છે. જૈનદર્શનના સિદ્ધાંતોનો અભ્યાસ કરવાની આ ઉમદા તકનો અમૂલ્ય લાભ લેવા જેવો છે, દોઢેક માસમાં આ વર્ગ પૂરો થશે. જૂનના છેલ્લા અઠવાડીયામાં પરીક્ષા લેવાશે. શ્રેષ્ઠ કક્ષાના પ્રથમ પાંચ નંબરને અનુક્રમે રૂા. ૧૦૦, ૫૦, ૩૫, ૨૫, તથા ૧૫ સુધીના ઈનામો આપવામાં આવશે. સંસ્થાના માનદ-મંત્રીઓ શ્રી શાંતિલાલ સોમચંદ શાહ તથા કાંતિલાલ ઉત્તમચંદ એક નિવેદન દ્વારા આ હકીકત જણાવે છે.

**પ્રતિષ્ઠા તથા દીક્ષાનો ભવ્ય મહોત્સવ :** મોટામાંઢા (હાલાર) ખાતે પૂ. પં. મ. શ્રી ભદ્રંકરવિજયજી ગણિવરશ્રીની શુભ નિશ્રામાં વૈશાખ સુદિ ૩ ના દિવસે ભગવાન શ્રી વાસુપૂજ્ય સ્વામી આદિ જિનબિંબોની પ્રતિષ્ઠા ધામધૂમપૂર્વક થઈ હતી. મુમુક્ષુ ભાઈ શ્રી કેશવજી જેસંગભાઇની ભાગવતી દીક્ષા ઉત્સાહપૂર્વક આ અવસરે થઈ હતી. આ પ્રસંગે હાલારનાં ગામડાઓમાંથી તથા જામનગર વસતા હાલારી ભાઇઓ સારી સંખ્યામાં આવેલ. આફ્રિકાવાસી ભાઈઓ પણ આ અવસરે આફ્રિકાથી ખાસ આવેલ, ને તેમણે પણ સારો લાભ લીધો હતો. ક્રિયા કરાવવા માટે રાજનગરથી શ્રી વેલચંદભાઈ પધારેલ, પૂજા તથા ભાવનામાં મુંબઈના શ્રી મહાવીર જૈન સંયુક્ત મંડળે ભક્તિરસ સુંદર રીતે જમાવેલ. મુમુક્ષુ ભાઇ કેશવજીનું નામ મુનિરાજ શ્રી કમલસેનવિજયજી રાખી તેમને પૂ. મુનિરાજ શ્રી કુંદકુંદવિજયજી મહારાજના શિષ્ય તરીકે સ્થાપવામાં આવેલ. મહોત્સવના આઠે દિવસોમાં પૂજા, ભાવના વિવિધ પ્રકારી આંગીઓ તથા સાધાર્મિક વાત્સલ્ય થયેલ. હાલારમાં સુંદર પ્રકારે શાસન પ્રભાવના થયેલ.

**સીલકમાં નથી :** દ્રવ્યસપ્તતિકા ભાષાંતર સાથેની પ્રત હવે સીલકમાં રહી નથી. મૂલ ટીકા સાથે સંસ્કૃત પ્રત બુ. પો. ના ૫૦ ન. પૈ. ની ટીકીટો મોકલવાથી મુ. રાધનપુર પૂ. પં. મ. શ્રી મેરૂવિજયજી ગણિવર જૈન ઉપાશ્રય ઠે. અખીદોશીની પોળ (ઉ. ગૂ.) એ સીરનામેથી મળી શકશે.

**નાકોડાજીની યાત્રા :** લુણાવાથી શ્રી ચૌહાણ બ્રધર્સ એન્ડ સન્સ તરફથી નાકોડાજીનો રેલ્વે દ્વારા સંઘ વૈ. સુદિ ૧૨ ના રવાના થઇ કાપરડાજી થઈ સુદિ ૧૪ના પહોંચેલા ત્યાં બે દિવસની સ્થિરતા કરી, વૈ. વદ ૩ ના લુણાવા આવેલ. તીર્થ યાત્રા નિમિત્તે વૈ. સુ. ૭ થી સુ. ૧૩ સુધીનો મહોત્સવ ઉજવાયેલ. પૂ. પાદ ઉપા. મ. શ્રી ધર્મવિજયજી ગણિવરશ્રી તથા પૂ. પાદ મુનિરાજ શ્રી પુણ્યોદય વિજયજી મ. ની શુભ નિશ્રામાં મહોત્સવ સુંદર રીતે ઉજવાયેલ હતો. પૂ. સાધ્વીજી શ્રી કીર્તિપ્રભાશ્રીજી તથા સાધ્વીજી શ્રી સૂર્યમાલાશ્રીજી આદિ પધાર્યા હતા.

**મહેસાણા જૈન પાઠશાળા :** સંસ્થા તરફથી પાલીતાણા મુકામે ફાગણ સુદિ ૧૩ ના રોજ છ ગાઉના ભાથાખાતામાં રૂા. ૬૦૦ નો ખર્ચ કરવામાં આવેલ ને ચતુર્વિધ સંઘની ભક્તિનો લાભ લીધેલ. સિદ્ધક્ષેત્ર જૈન બ્રહ્મચર્યાશ્રમના ૮૬ વિદ્યાર્થીઓની તથા શ્રાવિકાશ્રમની બહેનોની પરીક્ષા ખાસ આમંત્રણથી પરીક્ષક વાડીલાલ મગનલાલ શેઠે લીધી હતી. મેટ્રીક તથા કોલેજના વિદ્યાર્થીઓ માટે સ્કોલરશીપ તથા ફ્રી લોજીંગ અને બોર્ડીંગની સગવડ આપવામાં આવશે. દાખલ થવા ઈચ્છતા વિદ્યાર્થીએ પ્રવેશ ફોર્મ મંગાવવા. તખતગઢથી પાલીતાણાનો સંઘ કાઢનાર સંઘવી શેઠ નથમલ પુનમચંદજી મહેસાણા પધારતાં સ્ટેશન પર હારતોરા કરવામાં આવેલ. સંઘપતિએ રૂા. ૧૫૧ સંસ્થાને ભેટ આપેલ. મહેસાણા ખાતે વર્ષીતપની તપશ્ચર્યાવાળા યાત્રિક ભાઈઓ માટે ઉકાળેલા પાણીની સુંદર વ્યવસ્થા કરેલ. વિદ્યાર્થીઓની વાર્ષિક મૂલસૂત્રોની પરીક્ષા પૂ. મુનિરાજ શ્રી રૂપકવિજયજી મહારાજે લીધેલ.

**વર્ષીતપનું પારણું :** મોરબી ખાતે મહેતા પ્રાણજીવનભાઈના ધર્મપત્ની મણિબહેનને વર્ષીતપનું પારણું વૈ. સુદિ ૩ ના દિવસે હોવાથી સંઘને પોતાના આંગણે લઈ ગયેલ, ને ત્યાં પૂ. મહારાજશ્રીના વ્યાખ્યાન બાદ પ્રભાવના કરવામાં આવેલ. બપોરે દેરાસરમાં નવાણું પ્રકારી પૂજા; આંગી, પ્રભાવના રાખવામાં આવેલ. વૈ. સુદિ ૬ના પાલીતાણાથી પ્રભુજીને લાવવામાં આવેલ રથયાત્રાનો ભવ્ય વરઘોડો નીકળેલ તે દિવ દોશી હીરાચંદભાઈ તરફથી જૈન શાળાના બાળકોને જમણ તથા પ્રભાવના કરેલ. ૭ાા વાગ્યે પ્રભુજીનો પ્રવેશ કરાવેલ, બપોરે દુર્ગાશંકર છબીલભાઈ મહેતા તરફથી પૂજા, આંગી પ્રભાવના રાખવામાં આવેલ. વૈ. સુદિ ૭ ના રોજ શેઠ ભાઈચંદભાઈ તરફથી જૈનશાળાના બાળકોને જમણ તથા પૂજા, પ્રભાવના કરવામાં આવેલ.

**શાંતિસ્નાત્ર :** પૂ. પં. મ. શ્રી નવીનવિજયજી ગણિવર શ્રી આદિ મુંબઈથી વિહાર કરી મુરબાડ, જુન્નર, આંબેગાંવ, મંચર વગેરે ગામોમાં મહોત્સવો વગેરે શાસન પ્રભાવનાના શુભ કાર્યો કરાવી વાડા મુકામે પધાર્યા હતા. ત્યાં ચૈત્ર સુદિ ૧૪થી શાંતિસ્નાત્ર સહિત અઠ્ઠાઈ મહોત્સવ ઉજવાયો હતો. દરરોજ પૂજા, આંગી તથા ભાવનાઓ રહેતી. ચૈત્ર વદિ ૬ ના રથ યાત્રાનો વરઘોડો નીકળેલ. વદિ ૭ ના શાંતિસ્નાત્ર તથા નવકારશી હતી. પૂ. મહારાજશ્રી વાડાથી વિહાર કરી પુના તરફ પધાર્યા છે.

**અમદાવાદ પધાર્યા છે :** ભોયણીજી ખાતે નવપદ આરાધક સમાજ–મુંબઈ તરફથી શ્રી શાશ્વતી ચૈત્રી ઓળીની આરાધના પૂ. પાદ આ. મ. શ્રી વિજયરામચંદ્રસુરીશ્વરજી મ.શ્રીની શુભ નિશ્રામાં ઉજવાયેલ. ૫૦૦ ઉપરાંત આરાધક આત્માઓએ લાભ લીધેલ. તીર્થની પેઢીનો સાધારણ ખાતાનો તોટો પૂ. આ. મ.શ્રીની શુભ પ્રેરણાથી પૂરાઈ ગયેલ. પૂ. પાદ શ્રી ભોયણીથી વિહાર કરી અમદાવાદ પધાર્યા છે. જેઠ સુદિ ૧૦ સુધી તેઓશ્રીની અમદાવાદ ખાતે સ્થિરતા થનાર છે.

ઉપધાન તપ આરાધક પુણ્યશાળી બાળક

**શ્રી વિક્રમકુમાર ચંદ્રકાંતભાઈ મશરૂવાળા**

**ઉ. વર્ષ ૯ અમદાવાદ**



અમદાવાદમાં હઠીભાઈ શેઠની વાડીમાં પૂ. આ. શ્રી વિજ્ઞાનસૂરીશ્વરજી મ. ની નીશ્રામાં ૪૦૦ શ્રાવક–શ્રાવીકાઓએ શ્રી ઉપધાન તપની આરાધના કરેલ તેમાં શ્રી વિક્રમકુમારે નાની વયમાં શ્રી ઉપધાન તપની આરાધના કરી ૭ હજાર રૂપીયાની ઉછામણી બોલી ૧ લી માળ પહેરી હતી.

# પ્રશ્નોત્તર કણિકા

**શ્રી ધર્મરુચિ.**

પ્ર૦ ૪૬ : ધર્માનુષ્ઠાનમાં પ્રશસ્ત આશય કોને કહેવાય અને તેનું ફળ શું?

ઉ૦ : જે ધર્માનુષ્ઠાનમાં આગમાનુસારિતા હોય, આગમધર આચાર્યાદિ ગુરુવરો ઉપર સતત ભક્તિ હોય અને અનુષ્ઠાન કરતી વખતે આગમનું સ્મરણ હોય તે પ્રશસ્ત આશય કહેવાય.

આવા પ્રશસ્ત આશયવાળું અનુષ્ઠાન જ લોકોત્તર કહેવાય છે, બાકીનું લૌકિક કહેવાય. લોકોત્તર અનુષ્ઠાનનું મુખ્ય ફળ મોક્ષ અને મોક્ષ ન મળે ત્યાં સુધી આનુષંગિક ફળ તરીકે સદ્‌ગતિ, સુકુલની પ્રાપ્તિ, ધન સમૃદ્ધિ અને દરેક જાતની બાહ્ય અનુકૂળતાની પ્રાપ્તિ. તે પણ પ્રકૃષ્ટ અને ધર્મારાધનમાં સાધક. અર્થાત્ એ બાહ્ય સામગ્રી અધિક અને ઉત્કૃષ્ટ હોવા છતાં તેમાં રાગ થાય નહિ, વૈરાગ્ય કાયમ રહે અને વિશિષ્ટ કોટિની ધર્મારાધના કરાવી પરિણામે મોક્ષ અપાવે. જ્યારે પ્રશસ્ત આશય વિનાના લૌકિક અનુષ્ઠાનનું ફળ માત્ર થોડી ઘણી બાહ્ય સામગ્રીની પ્રાપ્તિ અને તે પણ સાવ સામાન્ય કોટિની. એટલું જ નહિ પણ તે સામગ્રી મોટે ભાગે અનેક પાપો કરાવી પરિણામે દુઃખ અને દુર્ગતિનું કારણ બને.

પ્ર૦ ૪૭ : શાસ્ત્રમાં સમ્યગ્દષ્ટિને ઉત્કૃષ્ટથી અપાર્ધપુદ્‌ગલપરાવર્ત્ત સંસાર બાકી હોય એમ જણાવ્યું છે તે ક્ષેત્રપુદ્‌ગલ પરાવર્ત્ત કે દ્રવ્ય-પુદ્‌ગલ પરાવર્ત્ત સમજવો?

ઉ૦ : પંચસંગ્રહ આદિ ગ્રન્થોમાં સૂક્ષ્મ ક્ષેત્રપુદ્‌ગલ પરાવર્ત્ત કહેલ છે, જ્યારે ઉપદેશપદ ટીકા, યોગબિન્દુ ટીકા આદિમાં સૂક્ષ્મ દ્રવ્ય-પુદ્‌ગલ પરાવર્ત્ત કહેલ છે. એટલે આ વિષયમાં બે મત લાગે છે.

પ્ર૦ ૪૮ : ગુરુપર્વક્રમ સમ્બન્ધ ઘણા સ્થળે શાસ્ત્રોમાં આવે છે તેનો અર્થ શું?

ઉ૦ : ગુરુપર્વક્રમ સમ્બન્ધ એટલે પૂર્વાચાર્ય મહર્ષિઓની પરંપરાથી પ્રાપ્ત અર્થની સાથે શાસ્ત્રનો સંબન્ધ.

પ્ર૦ ૪૯ : મિથ્યાદષ્ટિના જ્ઞાનને અજ્ઞાન શાથી કહેવાય છે?

ઉ૦ : જ્ઞાનનું તાત્ત્વિક ફળ હેયોપાદેયનો વિભાગ કરવો તે છે, તેવો વિભાગ મિથ્યાદષ્ટિમાં હોતો નથી તેથી તેનું જ્ઞાન આત્મહિત માટે ઉપયોગી ન હોવાથી અજ્ઞાન કહેવાય છે.

પ્ર૦ ૫૦ : સમ્યગ્દષ્ટિનું અલ્પ અને અસ્પષ્ટ જ્ઞાન હોય તો પણ તેને સમ્યગ્જ્ઞાન શાથી કહેવાય છે?

ઉ૦ : સમ્યગ્દષ્ટિ જીવને તથાવિધ-જ્ઞાનાવરણીય કર્મના ઉદયના કારણે અલ્પ અને અસ્પષ્ટ જ્ઞાન હોય તો પણ તેનામાં શ્રદ્ધા અને પ્રજ્ઞાપનીયતા આદિ ગુણો હોવાથી તેનું અલ્પ અને અસ્પષ્ટ જ્ઞાન પણ પરિપૂર્ણ જ્ઞાનપ્રાપ્તિમાં હેતુ હોવાથી સમ્યગ્જ્ઞાન કહેવાય છે. જેમ પરિપૂર્ણ પ્રકાશમાં હેતુ હોવાથી શુકલ પ્રતિપદાએ ચન્દ્રનો પ્રકાશ અતિ અલ્પ હોવા છતાં સારો ગણાય છે. એ જ રીતે સમ્યગ્દષ્ટિનું સામાન્ય જ્ઞાન પણ કેવલજ્ઞાનની પ્રાપ્તિમાં હેતુ હોવાથી સમ્યગ્જ્ઞાન કહેવાય છે.

પ્ર૦ ૫૧ : શાસ્ત્રમાં કેટલેક સ્થળે મોક્ષમાર્ગના ત્રણ કારણોનો ક્રમ—દર્શન, જ્ઞાન અને ચારિત્ર એ પ્રમાણે બતાવ્યો છે અને કોઈ કોઈ સ્થળે જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ પ્રમાણે ક્રમ બતાવ્યો છે, તેનું શું કારણ?

ઉ૦ : જ્યાં જ્યાં દર્શન, જ્ઞાન અને ચારિત્ર એ ક્રમ બતાવ્યો છે તે વ્યવહારનયથી સમજવાનો છે અને જ્યાં જ્ઞાન, દર્શન અને ચારિત્ર ક્રમ બતાવ્યો છે, તે નિશ્ચયનયથી સમજવાનો છે.

**પ્ર૦ ૫૨ :** સંપૂર્ણ નવકાર ગણવાથી પાંચસે સાગરોપમના પાપ ખપે એમ આવે છે, તે પાંચસો સાગરોપમની સંકલના કઇ રીતે છે?

**ઉ૦ :** નવકારના એક અક્ષરથી ૭ સાગરોપમના પાપ તૂટે એ હિસાબે ૬૮ અક્ષરના ૬૮×૭=૪૭૬ સાગરોપમ થાય. નવપદના ૯ સાગરોપમ, સાત ગુરુ અક્ષરના ૭ સાગરોપમ અને આઠ સંપદાના ૮ સાગરોપમ મળીને ૪૭૬+૯+૭+૮=૫૦૦ સાગરોપમ થાય.

**પ્ર૦ ૫૩ :** દશવૈકાલિક સૂત્રના દસ અધ્યયનો પૂર્વમાંથી ઉધૃત કર્યા છે. તે કયા પૂર્વમાંથી?

**ઉ૦ :** દશવૈકાલિકનું ચોથું અધ્યયન સાતમાં આત્મપ્રવાદ પૂર્વમાંથી, દશવૈકાલિકનું પાંચમું અધ્યયન આઠમા કર્મપ્રવાદ પૂર્વમાંથી, દશવૈકાલિકનું સાતમું અધ્યયન છઠ્ઠા સત્યપ્રવાદ પૂર્વમાંથી અને બાકીના ૧-૨-૩-૬-૮-૯ અને ૧૦ મું અધ્યયન નવમા પ્રત્યાખ્યાન પ્રવાદ પૂર્વમાંની ત્રીજી વસ્તુમાંથી ઉદ્ધર્યા છે.

**પ્ર૦ ૫૪ :** શમ-સંવેગ-નિર્વેદ-અનુકમ્પા અને આસ્તિકય આ પાંચનું સંક્ષિપ્ત સ્વરૂપ શું?

ઉ૦ : (૧) **શમ :** (૧) અનન્તાનુબન્ધિ કષાયોનો અનુદય.
(૨) ક્રોધકૂંડ અને વિષયતૃષ્ણાનો ઉપશમ.
(૩) જિનપ્રણીત તત્વના નિશ્ચયથી મિથ્યાભિનિવેશનો ઉપશમ.

(૨) **સંવેગ:** (૧) મોક્ષાભિલાષ
(૨) ભવવિરાગ
(૩) અથવા ચારે ગતિમાં દુઃખ છે એમ જાણી, એ દુઃખથી બચવાનો ઉપાય માત્ર જિનપ્રણીત ધર્મ જ છે એમ સમજી પાંચમી ગતિ મોક્ષની પ્રાપ્તિ માટે ધર્મ કરવો.

(૩) **નિર્વેદ :** (૧) ભવવિરાગ
(૨) મોક્ષાભિલાષ
(૩) વિષયોમાં અનાસક્તિ

(૪) **અનુકમ્પા** (૧) પક્ષપાત વિના દુઃખિઓના દુઃખ દૂર કરવાની ઈચ્છા. તે દ્રવ્યથી શક્તિ હોય તો દુઃખનો પ્રતીકાર કરવા વડે અને ભાવથી કોમળ હૃદય વડે.
(૨) સર્વ જીવોને દુઃખ અપ્રિય છે માટે મારે કોઈ પણ જીવને જરાએ પીડા ન આપવી એવી વૃત્તિ.
(૩) ભાવથી અનુકંપા-ધર્મરહિતને ધર્મ પમાડવાની ઇચ્છા.

(૫) **આસ્તિકય** (૧) તે જ સાચું અને શંકા વિનાનું કે-જે જિનેશ્વરોએ કહ્યું છે. આવી દૃઢ પ્રતીતિ.
(૨) આત્મા પરલોક આદિ તત્ત્વોને હૃદયથી માનવા.
(૩) અસત્ પ્રવૃત્તિથી ભય પામવો.

**પ્ર૦ ૫૫ :** શાસ્ત્રમાં ગુરુની ચતુર્ભંગી આવે છે તે કયી રીતે?

**ઉ૦ :** ગુરુની ચતુર્ભંગી નીચે પ્રમાણે છે.

[૧] આલોક હિતકારી પણ પરલોક હિતકારી નહિ. વસ્ત્ર-પાત્ર-આહાર આદિ આપે પણ સંયમની પ્રેરણા માટે સારણા, વારણા આદિ ન કરે.

[૨] પરલોક હિતકારી પણ આલોક હિતકારી નહિ.

[૩] ઉભયલોક હિતકારી. વસ્ત્ર-પાત્ર-આહારાદિએ આપે અને સારણા-વારણા આદિ અને હિત શિક્ષા પણ આપે.

[૪] ઉભયલોક અહિતકારી.

આ ચારમાં-પહેલો અને ચોથો ભાંગો ત્યાજ્ય છે.

# નવા સભ્યોની શુભ નામાવલી

'કલ્યાણ' પ્રત્યેની આત્મીયભાવપૂર્વકની શુભ લાગણીથી તેના પ્રચાર તથા વિકાસ માટે જે જે પૂ. મુનિવરો તથા જે જે શુભેચ્છક બંધુઓ પ્રેરણા તથા સહકાર આપી રહ્યા છે, તેમજ જેઓ 'કલ્યાણ'ના સભ્ય તરીકે પોતાનું શુભ નામ નોંધાવીને 'કલ્યાણ' માટે જે લાગણી દર્શાવી રહ્યા છે; તે સર્વનો અમે અહિં આભાર માનીએ છીએ. નવા થયેલા સભ્યોની શુભ નામાવલી નીચે મુજબ છે.

⊙

પૂ. પન્યાસજી મહારાજ શ્રી કનકવિજયજી ગણિવર્યના શિષ્ય રત્ન પૂ. મુનિરાજ શ્રી મહિમાવિજયજી મહારાજશ્રીની શુભપ્રેરણાથી થયેલ સભ્યો.

| | | |
|---|---|---|
| ૧૦૧) | શ્રી દલીચંદ ધરમાજી | ખડકી (પૂના) |
| ૧૦૧) | શ્રી કેશવલાલ દલપચંદ | પૂના |
| ૨૫) | શ્રી હુકમીચંદ ડુંગાજી | કોલ્હાપુર |
| ૨૫) | શ્રી લાલભાઈ મણીલાલ | મુંબઈ |
| ૨૫) | શ્રી બાબુલાલ ગોકળદાસ | મંચર |
| ૨૫) | શ્રી ચીમનલાલ પુંજાભાઈ | કડી |
| ૨૫) | શ્રી રાયચંદ કરમચંદ | બારામતી |
| ૨૫) | શ્રી અમૃતલાલ હીરાચંદ | મુંબઈ |
| ૨૫) | શ્રી રસીકલાલ બાપુલાલ | મુંબઈ |
| ૨૧) | શ્રી સુન્ડારા (રાજસ્થાન) નીવાસી શ્રી પુખરાજ તારાચંદજીના ધર્મપત્ની દેવીબેનની નવાણું યાત્રા નિમિત્તે ભેટ | |
| ૧૧) | શ્રી પોપટલાલ સુખલાલ | કારીયાણી |
| ૧૧) | શ્રી માલજીભાઈ લલ્લુભાઈ | મુંબઈ |
| ૧૧) | શ્રી પ્રેમચંદ લખમીચંદ | રતનપર |
| ૧૧) | શ્રી મફતલાલ રામચંદ | અમદાવાદ |
| ૧૧) | શ્રી સલોત મેડીકલ સ્ટોર્સ | પાલીતાણા |
| ૧૧) | શ્રી અનુપચંદ ચત્રભુજ | રતનપર |
| ૧૧) | શ્રી જયંતિલાલ ચંપાલાલ | નાસીકસીટી |
| ૧૧) | શ્રી જયંતિલાલ ભોગીલાલ | અમદાવાદ |
| ૧૧) | શ્રી ડોસજી પરસોત્તમ | ભીવંડી |
| ૧૧) | શ્રી જયંતિલાલ હેમચંદ | ઇન્દોરસીટી |
| ૧૧) | શ્રી કાંતિલાલ ચંદુલાલ | વડનગર |
| ૧૧) | શ્રી વાડીલાલ લલ્લુભાઈ | મુંબઈ |
| ૧૧) | શ્રી મેઘજી કુંવરજીની કું. | મુંબઈ |
| ૧૧) | શ્રી હીમતલાલ જવાનમલજી | ,, |
| ૧૧) | શ્રી દલીચંદ ગુલાબચંદ | સીહોર |
| ૧૧) | શ્રી બાબુલાલ સરૂપચંદ | પુનાસીટી |
| ૧૧) | શ્રી મોહનલાલ મુલજીભાઈ | મુંબઈ |
| ૧૧) | શ્રી દેવીચંદ ગુલાબચંદ | મદ્રાસ |
| ૧૧) | શ્રી છગનલાલ પાલરેચા | સુરત |
| ૧૧) | શ્રી લક્ષ્મીચંદ બાપુલાલ સરકાર | મુંબઈ |
| ૧૧) | શ્રી મદનચંદ બાંગાણી | નાગોર |
| ૧૧) | શ્રી હીમતલાલ ભુરાલાલ | મુંબઈ |
| ૧૧) | શ્રી ચુનીલાલ કુટરમલ | ,, |
| ૧૧) | શ્રી વેલચંદ ચંપાલાલ | સુરત |
| ૧૧) | શ્રી ગોબા જૈન મહાજન | ગોબા |
| ૧૧) | શ્રી કુંવરજીભાઈ રતનશી | ફીફાદ |
| ૧૧) | શ્રી પીચાવા જૈન મહાજન | પીચાવા |

શ્રી પ્રાણલાલ દેવશીભાઈ મુંબઈની શુભ પ્રેરણાથી થયેલ સભ્યો

| | | |
|---|---|---|
| ૧૧) | શ્રી હીરજી મણશી | મુંબઈ |
| ૧૧) | ગાંગજી લીલાધર વોરા | ,, |
| ૧૧) | શ્રી ગાંગજીભાઈ ઠે. વેરાયટી કટપીસ સ્ટોર્સ | મુંબઈ |
| ૧૧) | શ્રી સીવજી કરસન નંદુ | ,, |
| ૧૧) | શ્રી મેઘજી માણેક | ,, |

११) श्री प्राणुजीवन पोपटलाल मुंबई
११) श्री भगवानजी गांगजीभाई ,,
११) श्री दोशी ब्रधर्स ,,
११) श्री शांति बुक स्टोर्स ,,
११) श्री प्रतापराय बेचरदास ,,
११) श्री तलकचंद फुलचंद ,,
११) श्री पोपटलाल रामजीभाई ,,
११) श्री शांतिलाल तलकचंद ,,
११) श्री शांताबेन जयकरभाई ,,
११) श्री त्र्यंबकलाल करसनजी ,,
११) श्री केशरीचंद रूपचंदभाई ,,
११) श्री वाडीलाल डाह्याभाई ,,
११) श्री जयंतीलाल फुलचंद ,,
११) श्री दलीचंद नेमचंद ,,
११) श्री शांतिलाल दलीचंद ,,
११) श्री कीरणकुमार जादवजी ,,
११) श्री देवशीभाई रतनशी ,,
११) श्री पदमशी ओतमचंद ,,

श्री रतीलाल हे. शाह मुंबईनी शुभ प्रेरणाथी थयेल सभ्यो.

२७ाा श्री अमृतलाल मगनलाल मोदी मुंबई
११) श्री प्रेमचंद हरजीवन ,,
११) श्री वृजलाल जेचंदभाई थाणा
११) श्री भोगीलाल न्यालचंद मुंबई
११) श्री वीजेन्द्रभाई हीमतलाल दलाल मुंबई

श्री चंदुलाल आर. महेतानी शुभ प्रेरणाथी

११) श्री दीपचंद बालचंद चास पू पं. प्रवर श्री नविनविजयजी म. ना शिष्य रत्न पू. मुनिराज श्री हिरण्यप्रभ विजयजी म. नी शुभ प्रेरणाथी.

श्री सस्तु जैन नोवेल्टी स्टोर्सनी शुभ प्रेरणाथी थयेल सभ्यो

११) श्री स्टील चार्टस सुमेरपुर
११) श्री जीवणलाल धारसीभाई भावनगर
११) श्री शांतीलाल भोगीलाल अमदावाद
११) श्री धोळाभाई भाणुजीभाई सुरेन्द्रनगर
११) श्री भोगीलाल वी. देशाई ,,
११) श्री ओघडभाई नागजीभाई ,,
हे: हीमतलाल
११) श्री जगजीवन गगाभाई मोरवाडवाला वढवाण शहेर
११) श्री मणीलाल भोगीलाल ,,

पू. मुनिराज श्री मित्रानंदविजयजी म. श्री नी शुभ प्रेरणाथी थयेल सभ्यो

११) श्री मुळराज नेमीचंदजी बेंग्लोर
११) श्री कपुरचंद तेजमलजी मुंबई

श्री देवशीभाई जीवराज नायरोबीवाळानी शुभ प्रेरणाथी थयेला सभ्यो

१०) श्री देवशी जीवराजना चि. रतिलालना लग्न प्रसंगे भेट
१२५) श्री देवचंद रूपशीभाई नायरोबी
१३) श्री गोसर लक्ष्मणभाई ,,
१३) श्री सोमचंद हेमराज मोम्बासा
११) श्री हेमराज जीवराज जामखंभालीया
१०१) श्री धरमशी पांचाभाई नायरोबी
१३) श्री यु. एन दिवान ,,

श्री मनसुखलाल दीपचंदभाईनी शुभ प्रेरणाथी थयेला सभ्यो

११) श्री हीमतलाल दीपचंद मुंबई
११) श्री मनसुखलाल धरमचंद ,,
११) श्री बी. पी. राठोड ,,
२५) श्री अश्वीनचंद्र दयाचंद झवेरी मुंबई

श्री रमणीकलाल मणीलालनी शुभ प्रेरणाथी

१५) पू साध्वीजी श्री सुनंदाश्रीजीना प्रशिष्या पू साध्वीजी श्री इन्द्रयशाश्रीजी तथा पू. साध्वीजी श्री सत्यप्रभाश्रीजीना वर्षीतप निमिते भेट पालीताणा

શ્રી નગીનદાસ જીવરાજ જસાણીની શુભ પ્રેરણાથી થયેલ સભ્યો

૧૧) શ્રી મણીલાલ ગલાલચંદ ભુજ
૧૧) શ્રી મોહનલાલ વીરચંદ ,,
૧૧) શ્રી સુરેન્દ્રકુમાર કેશવલાલ ગોંડલ શ્રી મહેન્દ્રભાઈની શુભ પ્રેરણાથી થયેલ સભ્ય
૧૧) શ્રી શાંતીલાલ ખુબચંદ (ભોજક) ઉજ્જૈન
૨૫) શ્રી નરોતમદાસ ધનજીભાઇ મુંબઇ
૧૧) શ્રી તપગચ્છ જૈન સંઘ માંડલ શ્રી દલીચંદ મગનલાલની શુભ પ્રેરણાથી
૧૧) શ્રી જેચંદભાઇ છગનલાલ ખેરાળી મોટી શ્રી રતીલાલ નથુભાઈ સાવરકુંડલાવાળાની શુભ પ્રેરણાથી

શ્રી કાંતિલાલ મહાદેવ પૂજની શુભ પ્રેરણાથી થયેલ સભ્યો

૧૧) શ્રી નેણશી કરશનજી દુધઇ
૧૧) શ્રી કેશવલાલ દેવકરણ માંડવી
૧૧) શ્રી જૈન શ્વે. મૂ. વિશા પોરવાડ પંચ ભરૂચ
૧૧) શ્રી હુકમીચંદ મોતીલાલ જૈન હરદા પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી મ. ની શુભ પ્રેરણાથી

શ્રી જયંતીલાલ ગાંડાલાલ નવસારીવાળાની શુભ પ્રેરણાથી થયેલ સભ્યો

૧૧) શ્રી ઝવેરી એન્ડ કું. નવસારી
૧૧) શ્રી બાબુલાલ ફુલચંદ ,,
૧૧) શ્રી ગમનલાલ ચુનીલાલ ,,
૧૧) શ્રી ધીરજલાલ હઠીચંદ ,,
૧૧) શ્રી દલીચંદ નાનચંદ
૧૧) શ્રી વૃજલાલ રણછોડદાસ ,,
૧૧) શ્રી કાંતીલાલ ડાહ્યાભાઇ ,,
૧૧) શ્રી રતીલાલ પીતામ્બરદાસ ,,
૧૧) શ્રી ચીમનલાલ ખીમચંદ ,,
૧૧) શ્રી દલપતરાય વાડીલાલ નવસારી
૫૧) શ્રી હરીલાલ કાલીદાસ શાહ કલકત્તા શ્રી નવીનચંદ્ર એમ. ચોકસીની શુભ પ્રેરણાથી
૧૧) શ્રી રામચંદ્ર કીસ્તુરજી ચાહોર

શ્રી રસીકલાલ રામચંદ અમદાવાદવાળાની શુભ પ્રેરણાથી

૧૧) શ્રી શાંતીલાલ કકલદાસ અમદાવાદ
૧૧) શ્રી વાડીલાલ સરૂપચંદ ,,

પૂ પં. શ્રી કનકવિજયજી મ. ના શિષ્ય રત્ન પૂ. મુનિરાજ શ્રી ચંદ્રપ્રભવિજયજી મ. ની શુભ પ્રેરણાથી

૧૧) શ્રી ચંપકલાલ સાગરમલજી નરોલી
૧૧) શ્રી હસ્તીમલ સંપતલાલજી હૈદ્રાબાદ
૧૧) નથમલજી ચીમનીરામજી મુંબઈ
૧૧) શ્રી રમણીકલાલ શંકરલાલ શાહ ,, શ્રી ચંદ્રસેન મગનલાલ નાણાવટીની શુભ પ્રેરણાથી
૧૧) શ્રી કુંદનમલ બાબુલાલ બેંગલોર
૧૧) શ્રી લાલજી કચરા મુંબઇ નેશનલ જનરલ સ્ટોર્સની શુભ પ્રેરણાથી
૧૧) શ્રી ભોગીલાલ મુલચંદ રતલામ

શ્રી અમૃતલાલ એચ. દોશી વાવવાળાની શુભ પ્રેરણાથી થયેલ સભ્યો.

૧૧) શ્રી જૈન મૂર્તિપૂજક સંઘ રામપુરા
૧૧) શ્રી જે. વી. વોરા વાવ
૧૧) શ્રી રીખવચંદ ત્રીભોવનદાસ ,,
૧૧) શ્રી કીર્તીલાલ સી. મહેતા ભાભર
૧૧) શ્રી ઢીમા જૈન મૂ. પૂ. સંઘ ઢીમા
૧૧) શ્રી ડી. કે. શેઠ જેતડા
૧૧) શ્રી શશીકાંત એચ. પરીખ થરાદ
૧૧) શ્રી ટડાવ જૈન મૂ પૂ સંઘ ટડાવ
૧૧) શ્રી હાલચંદ મણીલાલ અમદાવાદ

૧૧) શ્રી વાડીલાલ ડાહ્યાલાલ — સપરેડા
૧૧) શ્રી વાઘજીભાઇ ભુદરભાઈ — વાવ
૧૧) શ્રી બાબુલાલ મનજીભાઇ — ,,
૧૧) શ્રી ચુનીલાલ મુલચંદ — ગોલગામ
૧૧) શ્રી નાથાલાલ વીરચંદભાઇ — નવાડીસા
૧૧) શ્રી મફતલાલ વીરચંદભાઈ — ,,
૧૧) શ્રી ચીમનલાલ અંબાવીદાસ — ઢીમા
૧૧) શ્રી ધીરજલાલ સી. મહેતા — વાવ
૧૧) શ્રી મહાસુખલાલ એમ. દેશાઈ — થરાદ
૧૧) શ્રી વાઘજીભાઇ હેમજીભાઇ — વાવડી
૧૧) શ્રી રમણલાલ પોપટલાલ — પંચાસર
૧૧) શ્રી વાંઘજીભાઇ સી. દોસી — વાવ
૨૫) શ્રી મોટા માંઢા જૈન સંઘ તરફથી દીક્ષા તથા પ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે.
૧૧) શ્રી હરીલાલ ગીરધરલાલ શેઠ મુંબઇ શેઠ મણીલાલ વનમાલીદાસની શુભ પ્રેરણાથી.
૧૦૧) શ્રી ચત્રભુજ ભગવાનદાસ — વેરાવલ બંદર


Phone : 167 Gram : AUTOMOBILE

THE

GUJARAT MOTOR STORES

AUTOMOBILE SPECIALIST
&
GENERAL MERCHANT

Three Gates, **PATAN** (N. G.)

બેડફોર્ડ ટ્રક ચેસીસ, એમ્બેસેડર તથા વીલીઝ જીપ વિગેરે રોકડેથી યા સરળ હપ્તેથી મેળવવા માટે મળો યા લખો

# પટેલ ઓટોમોબાઇલ્સ

રાજમહેલ રોડ, **મહેસાણા.** (ઉ. ગુ.) ટેલીફોન નં. ૧૯૨

——: હંમેશા સિયાટ ટાયર્સ વાપરો :——

મહેસાણા બનાસકાંઠા અને સાબરકાંઠા જીલ્લાના અધિકૃત વિક્રેતા
મહેન્દ્ર એન્ડ મહેન્દ્ર વીલીઝ જીપના તેમજ
હિન્દુસ્તાન મોટર્સની બેડફોર્ડ તેમજ એમ્બેસેડર
કારના ઓરીજીનલ સ્પેર પાર્ટસ મળશે

# છીપનું મોતી

**[ 'કલ્યાણ'ની ચાલુ વાર્તા ]**

**શ્રી સુંદરલાલ ચુનીલાલ કાપડીયા** એમ. એ. **વડોદરા.**

**પૂર્વ પરિચય :** કૌશિકનગરનો ગોભદ્ર પંડિત ધનોપાર્જન કરવા પરદેશ તરફ પ્રયાણ કરે છે. રસ્તા વચ્ચે સિધ્ધપુરૂષ મલે છે, વિદ્યાશક્તિથી બધી સામગ્રી તૈયાર થાય છે. આકાશમાંથી વિમાન ઉતરી આવે છે. સિધ્ધપુરૂષ તે વિમાનમાંથી નીચે આવેલ સુંદરી સાથે રાત્રી વ્યતીત કરે છે. પણ ગોભદ્ર સંયમી હોવાથી તેની પાસે આવેલી સુંદરીને સમજાવી વ્રતમાં સ્થિર કરે છે. બીજે દિવસે સિધ્ધપુરૂષની સાથે પ્રયાણ કરતાં પોતાના બ્રહ્મચર્ય વ્રતની વાત કરે છે. ક્રમશઃ વાણારસીમાં બન્ને પહોંચે છે. સિધ્ધપુરૂષ પોતાનું રક્ષાવલય ગોભદ્રને સોંપીને ગંગામાં સ્નાન કરવા પડે છે. ઘણો સમય થાય છે, પત્તો લાગતો નથી. ગોભદ્ર તપાસ કરાવે છે, ને સિધ્ધપુરૂષના વિરહથી તે દુઃખી થાય છે. **હવે વાંચો આગળ :**

## પ્રકરણ : ૩ જું.

હા આશ્ચર્યકારીઓમાં મુખ્ય ! કરૂણારસ સાગર ! અચાનક તમે ક્યાં ગયા ? મને મંદપુણ્યને જવાબ આપો. તમારા જેવાને પણ આપત્તિ ! હે દુષ્ટ કૃતાન્ત ! એકદમ પુણ્યાત્માનો કાં નાશ કર્યો ? ગોભદ્રનો વિલાપ ગજબનો છે. વિરહ સહન થતો નથી. ગંગામાં પડવા તૈયાર થાય છે. કચ્છ બાંધે છે. કેશકલાપ વીંટે છે. બે હાથ જોડી ભાગીરથીને વિનવે છે. હે ગંગાદેવી, મારા પરમબંધુને તેં જ હરી લીધો. હું પણ તેની પાછળ આવું છું. કૂદકો મારવા જાય છે, ત્યાં તો એક નાસ્તિક વાદીએ પકડી લીધો. ગોભદ્રનો સઘળો વૃતાંત સાંભળ્યો.

નાસ્તિક કહે છે. મૂર્ખ, આમાં પડવાથી પ્રિયનો મેળાપ નથી થવાનો, પાપનાશપણ નથી થવાનો. આમાં તો કોઢીયાઓ ન્હાય છે. અનેક મડદાના હાડકાનું સંગ્રહસ્થાન છે. આ રાક્ષસી શું વાંછિત પુરશે ? ગાડરીયા પ્રવાહનો કેવો મોહ છે ? મૂર્ખલોક સાધુ બને છે. નરકને માને છે. આમાં પડવાથી વાંછિત મળશે ? તો માછલા અને કાચબા રોજ ન્હાય છે. માટે મરવાની વાત છોડી દે. સિદ્ધ જેવો પુરુષ તો મૃત્યુને પણ ધક્કો મારે. ડૂબ્યો હોય તો શબ ઉપર આવે.

એવામાં ગંધહસ્તિનો ગર્જારવ થયો. મંગળતૂર વાગવા લાગ્યા. સારસ મિથુનનો શબ્દ થયો. નાસ્તિક કહે છે જરૂર તે જીવે છે. ગોભદ્ર તેના શબ્દને અભિનંદે છે. બે ત્રણ દિવસ રોકાય છે. પછી જાલંધર નગરે પ્રયાણ કરે છે.

મધ્યાહ્ન સમયે સિદ્ધનો ભોજન પ્રબંધ યાદ આવે છે. આંખ આંસુથી ઉભરાય છે. ચિંતવન કરે છે. આ નિષ્ઠુર હૃદય કેમ ફાટી પડતું નથી ? વિરહ અગ્નિ કેમ સહન કરી શકે છે ? આ તે જ રક્ષાવલય છે. તે જ સમય છે. પણ તેની હાજરી વિના બધું નકામું. મને હત ભાગીને રક્ષાવલય શું કામનું ? અભાગીઆને ચિંતામણિ રત્ન શું લાભ આપે ? આધાર વિના ગુણોત્પત્તિ નથી જ. પાણી પણ છીપમાં જ મોતી બને છે. ક્રમે કરીને ચંદ્રકાન્તાને ત્યાં પહોંચે છે.

ગૃહરક્ષિકાને પૂછે છે. કેમ કોઈ જણાતું નથી ? બહેરી કાન બતાવે છે. મોટા શબ્દથી પૂછે છે. બાજુના ઘરમાંથી વિદ્યાસિદ્ધ બોલે છે. અરે, ગોભદ્ર, અહિં આવ. હું અહિં જ છું. ગોભદ્ર સંભ્રમમાં પડે છે. ત્યાં જાય છે. બંધથી બંધાએલ સિદ્ધને જુએ છે હાથ પગ પણ હલાવી શકે તેમ નથી, ગોભદ્ર વિચારે છે.

માયા જાળ હશે ? બીવડામણ હશે ? આતો યોગિનીઓનું પીઠ છે. અહિં સઘળું સંભવે. ગંગામાં મૃત્યુ જ શ્રેષ્ઠ હતું. ભયથી કંપે છે ત્યાં તો ફરીથી સિદ્ધ બોલે છે. મને રક્ષાવલય પહેરાવી દે. વિશ્વાસ પડે છે. રક્ષાવલય પહેરાવે છે. તડતડાટ બંધનો તૂટી જાય છે. સશક્ત બની જાય છે. ગોભદ્ર પૂછે છે આ શું બધું ?

સિદ્ધ કહે છે. ચપળતા મોટો દોષ છે. યુક્તાયુક્તનો વિચાર મેં ન કર્યો. દિવ્ય રક્ષાવલય તને સોંપ્યું. ગંગાજળમાં પ્રાણાયામ કરવા લાગ્યો. અચાનક ચંદ્રલેખાએ પૂર્વ વેરથી મને ઉપાડયો. તું જોઈ શકે તેમ ન્હોતું. અહિંઆ બેડિથી જકડયો.

ગોભદ્ર પૂછે છે. આપની સાથે સાથી વૈરભાવ ? સિદ્ધ કહે છે. તેની મોટી બહેન સાથે બળાત્કારથી પ્રેમ કરેલ. આ આપદથી તેં મને ઉગાર્યો. આ વિડંબના કરતા તારો વિરહ વધારે સાલતો. ખરેખર ગંગાદેવી પ્રસન્ન થઈ, કે તારા જેવો પ્રેમાળ મિત્ર મળ્યો. માટે ઇચ્છિત માગી લે.

ગોભદ્ર કહે છે. સાચો સ્નેહ અને પ્રેમ તો આપે બતાવ્યો છે. એમ છતાં અવસરે ઇચ્છીત માગીશ.

એટલામાં તો ડમરૂના અવાજથી દિશાઓ પુરાઇ ગઈ. ચંદ્રકાન્તા અને ચંદ્રલેખા આવી પહોંચી...દિવ્ય વિમાનમાં બેઠેલી છે. અલંકારોના તેજથી આકાશ પ્રકાશીત બની ગયું છે.

ગોભદ્ર પૂછે છે. આર્ય, આ લોકો સાથે કેવો વર્તાવ કરશો? સિદ્ધ કહે છે શત્રુ જેવો. ગોભદ્ર વિનવે છે. આપ આમ ન બોલો. વેરથી વેર વધે છે. સુખ પ્રાપ્તિ થતી નથી. સિદ્ધ પૂછે છે શું કરીશું? આગીઓ સૂર્યને ટપી જાય? કાદવ વિના પાણી બંધાય? ગોભદ્ર કહે છે. વ્યવહાર એમ જ છે. પરંતુ મારા વચન ખાતર આપ શાંતિ રાખો.

ગોભદ્ર ચૂપચાપ ત્યાથી નીકળે છે. મહેલ તરફ આવતો ચંદ્રલેખા જુએ છે. ચંદ્રના પ્રકાશમાં પ્રથમ જોએલ. ઓળખી કાઢે છે. ભાઇને ભેટી પડે છે. ખૂબજ આદર સત્કાર કરે છે. હર્ષ આનંદ માતો નથી. મંજુલ વાણીથી બોલે છે. સુંદર સમયે આપ આવી પહોંચ્યા છો. આજ સઘળા મનોરથ ફળ્યા છે. આપે મારા બ્રહ્મચર્યનું રક્ષણ કર્યું. તેથી સાત દિવસે સ્વયંપ્રભાદેવી પ્રસન્ન થઇ. વળી પેલો દુષ્ટ સિદ્ધ પણ માછલી જેમ પકડાયો છે. હાથીની જેમ સાંકળોથી બાંધ્યો છે. કૃષ્ણ ચતુર્દશીએ ચંદ્રિકાને તેનું બલીદાન મળશે

ગોભદ્ર કહે છે. હું પણ જરા મળી લઉ થોડા દિવસનો પરિચય છે. તેની સાથે થોડી વાત કરવી છે. બન્ને ત્યાં જાય છે, પણ આ શું? સિદ્ધ છૂટો છે હાથે રક્ષાવલય છે. ક્રોધથી હોઠ કકડી રહ્યા છે. ભ્રકુટિ અતિ વક્ર બની ગઈ છે. ચંદ્રલેખાના આશ્ચર્યનો પાર નથી. ભયભીત બની ગઈ છે. છતાં પાસે જાય છે. સિદ્ધ પણ શાંતિથી તેને બેસવા કહે છે. પછી અજાણુ બની પૂછે છે. અરે, ગોભદ્ર ક્યાંથી? આમ આવ. તને પણ કપટથી પકડી આણ્યો છે? તું તો ગંગા પર હતો.

ગોભદ્ર વિચારે છે. ગાઢ દ્વેષ જન્મ્યો છે. કાંઇક એવું કરૂં કે પ્રેમ જન્મે. વિશિષ્ટ વ્યક્તિઓની હિત ચિંતા આવશ્યક છે. બે હાથ જોડી ગોભદ્ર વિનવવા લાગ્યો.

બહેન ચંદ્રલેખા, હે વિદ્યાસિદ્ધ, આપ બન્ને કુશલ છો. હું શું કહી શકું? તથાપિ તમારા બન્ને પર મારો ગાઢ પ્રેમ છે. હું બ્રાહ્મણ છું. વારંવાર બોલવાનો મારો સ્વભાવ છે. કોક કારણસર પરસ્પર આપને રોષ પેદા થયો છે. એ દુષ્ટ રોષને દુશ્મન જાણી હાંકી કાઢો. અગ્નિ નિજના સ્થાનને પ્રથમ બાળે છે. તેમ આ રોષ મહા ભયંકર છે. માટે રોષ પર જ રોષ કરો. મોટાઓના દિલ મોટા હોવા જોઇએ. મેઘથી નદી ઉભરાય. સાગર ક્ષુભિત બને નહિ. વળી અપકાર પર અપકાર એ નીચ વ્યવહાર છે. ઉત્તમ આત્મા અપકાર પર ઉપકાર કરે છે. વધારે શું કહેવું? આપ મારા વચન પ્રત્યે લાગણી બતાવો. પરસ્પરનો રોષ છોડી પ્રેમ દાખવો. ઉત્તમ પુરૂષોના માર્ગે વિચરો. ચંદ્રસમ ઉજ્વળ કીર્તિ પ્રાપ્ત કરો.

વળી હે વિદ્યાસિદ્ધ! અવધ્ય સ્ત્રી પ્રત્યે રોષ કરતા લજ્જા નથી પામતા? હે મહાનુભાવ! આપ ખૂબ વિચાર કરો. આ સાંભળી લજ્જા યુકત સિદ્ધ બોલી ઉઠયો. મારે કરવા યોગ્યનો આદેશ કર ખરેખર, હું ઉન્માર્ગગામી છુ. મને બોધ કરવાજ તારો જન્મ થયો છે.

ગોભદ્ર હર્ષિત થઈ બોલી ઉઠયો. ધન્ય છે. ધન્ય છે. ચંદ્રમંડળને શીતળતા શી આપવાની? વિવેક આપના રોમરોમ વસેલ છે. ઉભા થાવ ચંદ્રલેખાને પ્રણામ કરો. બહેન ચંદ્રાલેખા તું પણ મત્સર છોડી દે. આપ્તજન માની સ્નેહ દર્શાવ એટલામાં તો સિદ્ધ ચંદ્રલેખાને ચરણે પડે છે. ક્ષમા માંગે છે. યુવાનીનો મદ હતો. રક્ષાવલયનો અહંકાર હતો અવિવેક, અવિનયનો ઉત્પાત હતો. માટે અપરાધ ક્ષમા કર.

ચંદ્રલેખા નમ્રપણે બોલે છે, વિદ્યાસિદ્ધ, ક્ષમાપનાથી બસ. ખરેખર હું મંદ ભાગિની છું કે થોડા અપરાધમાં આટલી બધી વિડંબના આપી.

એવામાં દાસીઓ સાથે ચંદ્રકાન્તા આવી ગઇ એ પણ ખૂબ આશ્ચર્ય પામી છે. ત્યાં તો ગોભદ્ર બોલી ઉઠયો. વેર તો આની સાથે થયું છે. એ પણ આવી ગઈ. એની સાથે તો વિશેષ ક્ષમાપના કરી લો. બન્નેએ ભાઈ બહેનની જેમ પ્રેમપૂર્વક ક્ષમાપના કરી. સહોદરસમા બની વાર્તાલાપ કરવા લાગ્યા.

ત્યાં તો રસવતી માટે આમંત્રણ આવ્યું. સૌએ સાથે ભોજન કર્યું કર્પૂરમિશ્રીત પાન બીડા લીધા. ત્યાં તો મસ્તક પર બે હાથ જોડી સિદ્ધ બાલ્યા. ગોભદ્ર, પ્રથમનું વરદાન માગી લે, હવે હું વિદાય લઈશ (ક્રમશઃ)

# વિજ્ઞાનનાં વહેતાં વહેણો

શ્રી સુમંગલ.

વર્તમાન યુગ વિજ્ઞાનનો યુગ કહેવાય છે. શોધખોળ તથા જડવાદના આ યુગમાં વિજ્ઞાન વિષેની અવનવી માહિતી 'કલ્યાણ' ના સુપ્રસિદ્ધ સાહિત્યપ્રેમી લેખક શ્રી સુમંગલ 'કલ્યાણ' ના વાચકોને આ વિભાગમાં કરાવશે.

## બોલતો ગ્રંથ

ઈંગ્લાંડના વૈજ્ઞાનિક એલ. પેન્ડરે અંધલોકો માટે 'બોલતા ગ્રંથ' ની શોધ કરી છે અને તે ૨૨ કલાક સુધી લગભગ ચાલે છે.

## પ્રકાશીત ટિકિટ

ગૌડા નામના શહેરમાં પ્રકાશથી ચમકતી ટપાલની ટિકિટોનો અખતરો થઇ રહ્યો છે. તદ્દન નવી ઢબની શોધખોળથી તૈયાર કરવામાં આવેલું એક સ્ટેમ્પીંગ મશીન ટિકિટોના જુદા જુદા પ્રકાશિત રંગો પરથી 'ઓટોમેટિક સ્ટેમ્પીંગ' કરશે. જોજો આ પ્રયોગ સફળ થશે તો આખા હોલેન્ડમાં આવી ટિકિટો વાપરવામાં આવશે.

## કાપડના બેરિંગ

અમેરિકાની એક પેઢીએ મોટર માટે ગ્રીઝ વિનાના કાપડનાં બેરિંગ બનાવ્યા છે. એને 'ટેફલોન' કહે છે. ધાતુનાં બેરિંગ કરતાં એ દસગણુા ટકાઉ છે.

## કાર્યદક્ષ ટેલીપ્રિન્ટર

નેધરલેન્ડ અને સુરિનામ વચ્ચે, ચોવીસ કલાક કામ આપતું ખલેલ વિહીન, રેડિયો ટેલીપ્રિન્ટર શરૂ કરવામાં આવેલ છે. તેની શક્તિ દિવસના ૧૫૦૦૦ શબ્દની છે. આ ટેલીપ્રિન્ટર દ્વિમાર્ગી છે અને આ પદ્ધતિ દ્વારા સમાચાર મેળવી શકાય છે તેમજ મોકલી શકાય છે.

## ખારામાંથી મીઠું પાણી

ટેક્સાસના ફ્રી પોર્ટ ખાતે ખારા પાણીમાંથી મીઠું પાણી બનાવવા એક પ્રાયોગિક કારખાનું શરૂ કરવામાં આવ્યું છે. ૧૯૬૧ના જુનની ૨૧ મીથી શરૂ કરાયેલ આ કારખાનામાં દરરોજ દશ લાખ ગેલન પાણી મીઠું બનાવવામાં આવે છે અને તેનો ખરચ દર હજાર ગેલન પાછળ માત્ર પાંચ રૂપિયા જેટલો થાય છે.

## નાનો ઇલેક્ટ્રીક ગોળો!

સોયના નાકામાંથી પસાર થઇ શકે તેવો નાનો વીજળીની બત્તીનો ગોળો બનાવવામાં અમેરિકન લશ્કરના શોધકવૃત્તિના એક સૈનિક ડોનાલ્ડ જે. બેલ્કનાપે સફળતા હાંસલ કરી છે.

## ગીત ગાતું ધ્વનિયંત્ર

મેસેચ્યુસેટ્સ ઇન્સ્ટીટ્યૂટ ઓફ ટેકનોલોજીના વૈજ્ઞાનિકોએ કુદરતી અવાજો પેદા કરતું અને સાદું ગીત ગાઇ શકતું તથા થોડા વાકયો બોલી શકતું એક ધ્વનિયંત્ર શોધ્યું છે.

## નવાં ઘડિયાળો

એફ. એમ. એ. કોર્પોરેશન નામની સંસ્થાએ ગેસથી ચાલતા અને ઘણો જ ઓછો પાવર વાપરતા ઘડિયાળો બજારમાં મૂકયા છે, આ ઘડિયાળો સમય આપવા બાબતમાં એટલા ચોક્કસ હોય છે કે ત્રણસો વર્ષે માંડ એકાદ સેકંડનો ફેર પડે. હવાઈ વ્યવહાર, સંદેશ વ્યવહાર, તેમજ જળ વ્યવહારમાં આવા ઘડિયાળો ઘણાં જ ઉપયોગી થઇ પડશે.

## સૂક્ષ્મ ટ્રાન્સમિટર

સોવિયેટ હોસ્પિટલોમાં દર્દીની પાચન ક્રિયા જાણવા સૂક્ષ્મ રેડિયો ટ્રાન્સમિટરનો બહોળો ઉપયોગ થઇ રહ્યો છે. આ ટ્રાન્સમિટર પોણા ઇંચ લંબાઈની એક લંબગોળ ટીકડી જેવું છે. તેને ગળી જવામાં આવે છે. અને તે દરદીના શરીર પાસે રાખેલ રેડિયો એરિયલમાં સંકેતને પાઠવે છે. આથી પેટ અને આંતરડાની અમ્લતા, ઉષ્ણતામાન, ગેસનું દબાણ વગેરે જાણી શકાય છે. આ સૂક્ષ્મ ટ્રાન્સમિટર તેર કલાક સુધી એકધારૂં ચાલે છે.